ॐ ह्रीँ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

પ. પૂ. આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરીશ્વરેભ્યો નમઃ

# જય–લક્ષ્મી પ્રાચીન સ્તવનમાલા

—: પ્રેરક :—

પૂ. સમતાશ્રીજી મ. સાહેબ

—: પ્રકાશક :—

પુખરાજજી અમીચંદજી કોઠારી

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણા

આવૃત્તિ પહેલી ] [ પ્રતિ ૭૦૦

વીર સં. ૨૪૮૮ મૂલ્ય–પઠન પાઠન વિ. સં. ૨૦૧૮

ॐ ह्रीं श्री शंखेश्वरपार्श्वनाथाय नमः

પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય વલ્લભસૂરીશ્વરેભ્યો નમઃ

# જય-લક્ષ્મી પ્રાચીન સ્તવનમાળા

(જેમાં પ. પૂ. આનંદઘનજી, યશોવિજયજી, જિનવિજયજી, મોહનવિજયજી, પદ્મવિજયજી, તથા માનવિજયજી, કૃત ચોવીશી તથા દશવૈકાલિક સૂત્રની સજ્ઝાયનો સુંદર સંગ્રહ કરવામાં આવેલ છે.)

—: પ્રેરક :—

**પૂ. સમતાશ્રીજી મ. સા.**

—: પ્રકાશક :—

**પુખરાજજી અમીચંદજી કોઠારી**

**શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા**

આવૃત્તિ પહેલી ]     [ નકલ ૭૦૦

વીર સં. ૨૪૮૮     મૂલ્ય-પઠનપાઠન     વિ. સં. ૨૦૧૮

# પ્રકાશકીય નિવેદન

## શ્રી પંચ પરમેષ્ઠિભ્યો નમ :

જગતની અંદર દરેક પ્રાણીઓમાં જ્ઞાની પુરૂષોએ માનવજીવન મહાન્ કીંમતી કહેલ છે, તે મોજશોખ અને વિલાસની દ્રષ્ટિએ નહીં, પરંતુ ઉત્તરોત્તર આત્મવિકાસ સાધી પ્રભુની પ્રભુતા પ્રાપ્તકરી તન્મય થવા માટે જ છે, અને તે માટે પૂર્વ મહર્ષિંઓએ **જ્ઞાનયોગ, ક્રિયાયોગ** અને **ભક્તિયોગ** એમ મુખ્યત્વે ત્રણ માર્ગો બતાવ્યા છે, અને તેમાં પણ **ભક્તિયોગ** એ મહાનપ્રબલ સાધન કહેલ છે, અને તે ભક્તિયોગની સાધનામાં સાધકોને પૂર્વના મહાપુરૂષોએ તે દશામાં આગળ વધવા માટે પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી, હિન્દિ અને મારવાડી વિગેરે અનેક જાતની ભાષાઓમાં અનેક પ્રકારની કૃતિઓ બનાવી છે.

તેમાં પણ આજના યુગમાં સંસ્કૃત પ્રાકૃત ભાષાના અભ્યાસકો બહુ ઓછા પ્રમાણમાં હોવાથી માતૃભાષામાં રચેલ કૃતિઓ જ વધુ ઉપકારી નીવડી શકે એ નિર્વિવાદ છે, અને તેથી જ પરમોપકારી **આનન્દઘનજી**, મહોપાધ્યાય શ્રી **યશોવિજયજી, જ્ઞાનવિમલસૂરીજી**, પંડિત **વીરવિજયજી, જિનવિજયજી, પદ્મવિજયજી, લક્ષ્મીવિજયજી, માનવિજયજી**, અને **ઉદયરત્નજી** વિગેરે પૂર્વ મહર્ષિઓએ અને તેને અનુસરીને આજના મહાપુરૂષોએ પણ પૂજાઓ—સ્તવનો—સજઝાયો આધ્યાત્મિકપદો વગેરે અનેક પ્રકારની રચના કરેલી છે, અને આજ સુધીમાં તેવી કૃતિઓનાં અનેક પુસ્તકો છપાયેલ છે,

તદનુસાર પ. પૂ. ૧૦૦૮ સ્વ. જૈનાચાર્ય શ્રીમદ્ વિ. **વલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબના** આજ્ઞાવર્તી પૂ. **જયશ્રીજી** મ.

જં. યુ. પ્ર. ભટ્ટારક પરમ પૂજ્ય જૈનાચાર્ય શ્રીમદ્ વિજય વલ્લભસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર



શાન્તમૂર્તિ, પરમ ગુરુભક્ત, પૂજ્ય જૈનાચાર્ય શ્રી શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયસમુદ્રસૂરીશ્વ

સાહેબના પ્રશિષ્યા **સા. સમતાશ્રીજી** મ. સાહેબની તેમાંથી કેટલીક કૃતિઓ સાથે પોતાના ગુરૂણીજી પૂ. **લક્ષ્મીશ્રીજી** સાધ્વીજી મ. સાહેબની જીવન રેખા છપાવવાની ભાવના થઇ, અને તે માટે તેઓશ્રીએ મને પોતાના વિચારો દર્શાવેલ, તેથી સમય મલતાં પાડીવ જઈ તેઓશ્રીને રૂબરૂ મળેલ, તેઓશ્રી સાથે વિચાર-વિનિમય કરી, પ્રસ્તુત પુસ્તિકા છપાવવા નિર્ણય કરેલ, અને તે માટે પૂ. સાધ્વીજી મહારાજ સાહેબની પ્રેરણાથી જે જે ભાઈઓએ સહાય કરી છે, તેઓની નામાવલી અહીં આપવામાં આવેલ છે.

આ પુસ્તકમાં **આનંદઘનજી મહારાજ** વિગેરે મહાપુરૂષો કૃત ૭ ચોવીશીઓ, દશવૈકાલિક સૂત્રની અગ્યાર ઢાળો, તદુપરાંત પૂ. સાધ્વીજી મહારાજ સાહેબે બનાવેલ સ્વગુરૂભક્તિનાં ગીતો તથા અધ્યાપક **શાંતિલાલ સોમચંદ** મહેતાએ લખેલ પૂ. **લક્ષ્મીશ્રીજી મહારાજ સાહેબની જીવનરેખા** આપવામાં આવેલ છે.

પ્રસ્તુત પુસ્તકમાં મુદ્રણનું સંપૂર્ણ કાર્ય અમદાવાદમાં **પંડિત રસિકલાલ શાંતિલાલે** કાળજી પૂર્વક કરેલ છે, છતાં પ્રેસદોષ તથા છદ્મસ્થતાના કારણે જે કંઇ સ્ખલના રહી હોય, તો તે બદલ વાચકો ક્ષન્તવ્ય ગણશે.

પ્રાન્તમાં આ પુસ્તક પ્રકાશનમાં દરેક રીતે સહકાર આપનાર સર્વ સુજ્ઞોનો આભાર માની આનો ભવ્યાત્માઓ વિશેષ લાભ લઈ જીવન સફલ કરી મોક્ષગામી બને તેવી પ્રાર્થના સાથે વિરમું છુ. એજ.

**અધ્યાપક પુખરાજજી અમીચંદજી કોઠારી**
**શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**
અને
**શ્રી જૈન શ્રેયસ્કર મંડળ**
**મહેસાણા** (ઉત્તર ગુજરાત) તા. ૯-૨-૬૨

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ


## પૂજ્યપાદ પ્રાતઃ સ્મરણીય સા. શ્રી જમનાશ્રીજી મહારાજ સાહેબનાં શિષ્યા સા. શ્રી. જયશ્રીજી મ. સાહેબનાં શિષ્યા સા. શ્રી. લક્ષ્મીશ્રીજી મહારાજ સાહેબની

# સંક્ષિપ્ત જીવન રેખા

આ સંસારમાં કેટલાએ આત્માઓ વિષય, કષાય, ધન કુટુંબ આદિમાં સુખ માની જીવન વિતાવતા હોય છે, પછી ભલે તે ચક્રવર્તિ કે વાસુદેવ, દેવેન્દ્ર કે નરેન્દ્ર, રાગી કે વિરાગી હોય પરંતુ જો જૈન શાસન વિનાનું જીવન હોય તો તે પશુ તુલ્ય જીવન છે, માનવજીવન તો કોઇ અનેરૂં જીવન છે, માનવજીવન કેવા પ્રકારનું હોઈ શકે, અને તે આપણા ચરિત્રનાયકે કેવી રીતે જીવી બતાવ્યું છે, તેની હું અહીંઆં ઝાંખી કરાવવા ઈચ્છું છું.

અનેક જિનમંદિરોથી વિભૂષિત, જગડુશાહ જેવા દાનવીર નર-રત્નોથી સુશોભિત, વિજય શેઠ અને વિજયા શેઠાણીની બ્રહ્મચર્યની દિપ્તિથી પવિત્રતર એવી કચ્છની ભૂમિપર આવેલા ગઢશીષા નામે ગામમાં વિશા ઓશવાળ શ્રેષ્ઠી ધેલાભાઈ અને તેમની ધર્મપત્ની મેઘબાઈની કુક્ષિથી સં. ૧૯૬૩માં એક પુત્રી રત્નનો જન્મ થયો.

આ સંસારમાં મા-બાપો પ્રાયઃ સંતાનોના જન્મથી આનંદ મંગલ ઉજવતાં હોય છે, તેમ આ પુત્રીના જન્મથી બધાંએ આનંદ ઉજવ્યો, અને તેમનું લક્ષ્મીબેન એવું નામ રાખવામાં આવ્યું.



પૂ. સા. મ૦ સમતાશ્રી    પૂ. સા. મ૦ જયશ્રીજી    પૂ. સા. મ૦ લક્ષ્મીશ્રીજી

બે વડીલ ભાઈઓ, ત્રણ મોટી બ્હેનો અને માતપિતાની છત્રછાયામાં લક્ષ્મીબેન મોટાં થવા લાગ્યાં, "કાળની ગતિને કોણ આંબી શકયું છે?", દિવસો ઉપર દિવસો, અને વરસો ઉપર વરસો વિતવા લાગ્યાં, અને લક્ષ્મીબેનની ઉંમર પણ એક દાયકાની થઈ.

માત-પિતા પણ જ્ઞાનાભ્યાસમાં, તેમજ ગૃહકાર્યમાં પ્રવીણ બનાવવા માટે, પ્રયત્ન કરતાં હતાં, આ જગતમાં સંતાનોના જન્મથી માંડી તેમના જીવનની દરેક જવાબદારીઓ મા-બાપો ઉઠાવતાં હોય છે, ભવિષ્યમાં પોતાને સુખ અને શાંતિ મળે તેવી આશા પણ સેવતાં હોય છે, પરંતુ સંતાનોના જીવનમાં ધર્મરૂપી બીજનું આરોપણ કરેલ ન હોય તો એવા સંતાનો તરફથી સુખ અને શાંતિને બદલે દુઃખ અને અશાંતિ મળે છે, જ્ઞાની ભગવંતોએ આજ કારણથી સંસારની અજ્ઞાનતા, સ્વાર્થતા અને અસારતા સમજાવી છે, પરંતુ સમજવી છે કોને? જગતનું આવું કરૂણ દ્રસ્ય જોઈને જો જીવનનો રાહ બદલવાનો વિચાર પણ ન આવે તો આનાથી બીજો દુર્ભાગ્યોદય કયો હોઈ શકે!

આજથી પચાસેક વર્ષ પહેલાં તેમાં પણ કચ્છ જેવા પ્રદેશમાં નાની ઉંમરમાં જ લગ્નો થતાં, તેવી રીતે લક્ષ્મીબેનનું પણ મક્કડાના વીશા ઓસવાલ શેઠ મૂળજીભાઇના ચાર પુત્રો પૈકી મોટા પુત્ર આસુભાઇ સાથે સં. ૧૯૩૭માં લગ્ન થયું હતું, પરંતુ લગ્નથી આઠમે જ દિવસે હાર્ટફેલ થવાથી આસુભાઈએ આ દુનિયાનો ત્યાગ કર્યો, અજ્ઞાની જીવો વિચારોના મિનારા બાંધી રાખતા હોય છે, હું આમ કરીશ, મારૂં આમ થશે, પરંતુ પામરને ખબર નથી કે અહમ્ અને મમ આ બન્ને જણાએ તો સત્યાનાશ વાળ્યું છે, જ્યાં જ્યાં ક્ષણે ક્ષણે પોતાના માનેલા વિચારો નિષ્ફળ જતા હોય છે. તેનું નામ જ સંસાર છે માટે જ જ્ઞાની ભગવંતો કરૂણા ભાવથી જગતના જીવોને સુખી

બનાવવાની ભાવના રાખતા હોય છે, સંસારના ક્ષણભંગુર સુખના નહી પરંતુ શાશ્વતસુખના ભોકતા બનાવવાની ઇચ્છા સાથે પ્રવૃત્તિ કરતા હોય છે તેથી જ તેમનો ઉપકાર અનહદ છે.

પતિના અકાળ અવસાનથી લક્ષ્મીબેનને જરાપણ અસર થઈ નહીં, કારણ કે બાલ્યાવસ્થામાં સારાસારનો પ્રાયઃ વિવેક ઓછો હોય છે, પરંતુ બન્ને બાજુનાં કુટુંબીજનોને ખૂબજ આઘાત લાગ્યો પરંતુ દુઃખનું ઓષડ દહાડા " એ કહેવત મુજબ દુઃખ ધીમેધીમે ભૂલાવા લાગ્યું.

આ એકજ પ્રસંગ લક્ષ્મીબેનના જીવન પ્રવાહને બદલવા ઉપકારક બન્યો, ધીમે ધીમે તેઓ ધર્મપ્રત્યે લાગણીવાલાં બનવા લાગ્યાં, માતા-પિતા પણ ધર્મમાં વધારે દૃઢ બનાવવા માટે હરહંમેશ તત્પર બન્યાં, સાચા માતા-પિતા હંમેશા પોતાના સંતાનોને ધર્મમાં જોડનારા હોય છે.

કોઇ પૂર્વ પુન્યના ઉદયે લક્ષ્મીબેનનાં (સંસારી ફઇબા) જમનાશ્રીજી મહારાજ ત્યાં પધાર્યા વર્ષાગમનથી જેમ ચાતક આનંદની ઉર્મિઓ સાથે નાચી ઉઠે છે, તેમ લક્ષ્મીબેન પણ નાચી ઉઠયાં, મહારાજ સાહેબને સામે લેવા દોડયાં, સંઘે ધામધૂમ સાથે પ્રવેશ કરાવ્યો લક્ષ્મીબેન તો આખો દિવસ મહારાજ સાહેબ પાસે બેસી રહે, ધર્મની વાતો કરે, જ્ઞાન-ધ્યાનમાં સમય વિતાવે, સંઘના આગ્રહથી ચાતુર્માસ ત્યાંજ નકકી થયું. ચાતુર્માસમાં મહારાજશ્રીએ તેમને સંયમ ધર્મ પ્રત્યે ખૂબજ રાગી બનાવ્યાં. ચાતુર્માસ બાદ સંયમ માટે બન્ને પક્ષની અનુજ્ઞા માંગી, સંસારી જીવો એમ કંઈ થોડીજ રજા આપી દે? મોહરાજાનાં તમામ સાધનોનો ઉપયોગ કરી ચલાવવાનો પ્રયત્ન કરે છે. (અંતમાં તો સત્યનો જ જય છે) પણ લક્ષ્મીબેનની મક્કમતાથી બન્ને પક્ષોએ હાર કબુલી સંયમ લેવા માટે રજા આપી. સંવત્ ૧૯૭૮ના

કારતક વદી ૧૧ના રોજ મોટા આડંબર પૂર્વક આ સંસારનો અંચલો છોડી જમનાશ્રીજી મહારાજનાં શિષ્યાં જયશ્રીજી મહારાજ સાહેબનાં શિષ્યા બન્યાં, લક્ષ્મીશ્રીજી નામ પાડવામાં આવ્યું, ત્યાંથી વિહાર કરી અમદાવાદ પધાર્યા, ત્યાં આચાર્યદેવશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાવર્તિ પ. પૂ. હંસવિજયજી મ. સાહેબે વૈશાખ સુદી અગિયાસે ઉજમબાઇની ધર્મશાળમાં ચતુર્વિધ સંઘ સમક્ષ વડી દીક્ષા આપી.

સાધુજીવનની મર્યાદા તથા પ્રાથમિક ક્રિયાઓને થોડાજ ટાઈમમાં શીખી ગયાં, સાધુજીવન એ અનોખું જીવન છે તેમાં પણ જો જ્ઞાન, ધ્યાન, તપ અને જપના રંગો પુરાય તો કોઈ અનેરો આનંદ આવે, પણ તે લહેજત તો તેવા કોઇક ત્યાગી આત્માઓ જ માણી શકે.

દિન પ્રતિદિન અભ્યાસમાં ખૂબ જ આગળ વધવા લાગ્યાં. ભ્રમરને કદીપણ પુષ્પે આમંત્રણ આપ્યું નથી, પરંતુ તેની સુવાસથી જ જેમ તે ખેંચાઈને આવે છે. તેમ લોકો પણ મહારાજજીના પ્રત્યે ખૂબજ આ-કર્ષાવા લાગ્યાં, ચાતુર્માસ અમદાવાદમાં થયું. ત્યાંથી વિહાર કરતાં કરતાં અનેક ગામોને પાવન કરતાં અનંત આત્માઓની સિદ્ધિના કારણભૂત ત્રણે ભુવનમાં અદ્વિતીય તથા પંચમ કાળમાં પણ ભવ્યજીવોને તારવામાં પ્રબલ આલંબન રૂપ એવી સિદ્ધગિરિની શીતલ છાયામાં પધાર્યાં.

જે તરણ તારણ, ભવ્યદુઃખવારણ ગિરિરાજ ઉપર પ્રથમ પ્રભુ પૂર્વ નવ્વાણુંવાર પધાર્યા છે તેને અંજલિરૂપ લક્ષ્મીશ્રીજી મ. સાહેબે વિધિપૂર્વક નવ્વાણુંયાત્રાઓ કરી પોતાને ધન્ય માનવા લાગ્યાં, પાપી તથા અભવિજીવો જેને જોઇ પણ શકતા નથી તેવા ગિરિરાજની નવ્વાણુ-

યાત્રાઓ કરવી એ અનંત પુન્યના ઉદયને સૂચવે છે ત્યાં જુદા જુદા પ્રકારની–તપશ્ચર્યા, જ્ઞાન ધ્યાનમાં લીન રહેતાં ચાતુર્માસ પણ ત્યાં જ રહ્યાં.

ચાતુર્માસ બાદ ત્યાંથી વિહાર કરી, અનેક ગામોનાં દર્શન કરતાં લીંમડી પધાર્યા, બ્હેનોની અતિઆગ્રહભરી વિનંતીથી ત્યાં જ ચાતુર્માસ રહ્યાં...

મોટા મહારાજ સાહેબની તબીયત બગડવા લાગી, અને લક્ષ્મી• શ્રીજી મ. સાહેબને સમજાવતાં કહેવા લાગ્યાં કે તમારાં ગુરૂણીની સેવામાં લીન બનજો અને ધર્મને કદાપી ભૂલશો નહિં, ધર્મવિના કદીપણ કોઇનું કલ્યાણ થયું નથી, આવી અનેક જીવન ઉપયોગી વાતોમાં પોતાના રોગને પણ ભૂલી ગયાં.

જયશ્રીજી મ. સાહેબ તેમજ લક્ષ્મીશ્રીજી મ. સાહેબ પણ સમજી ગયાં કે આ દીપક વધુ ટાઇમ ચાલે તેમ લાગતું નથી તેથી તેઓ પણ ક્ષમાપનાદિ કરાવવા લાગ્યાં.

નવકાર મહામંત્ર બોલવા પૂર્વક જમનાશ્રીજી મ. સાહેબે નાશવંત શરીરનો ત્યાગ કર્યો.

જડ અને ચેતનનો અનાદિકાળનો સંયોગ છે, આત્માને સંસારમાં રખડાવનાર જો કોઇ હોય તો એક માત્ર જડ છે, તેનું જ્યાં સુધી મૂળથી છેદન કરવામાં નહી આવે, ત્યાં સુધી કદાપિ શાશ્વત શાંતિ પ્રાપ્ત થવાની નથી.

જગત આખુંએ શાંતિ માટે તલસી રહ્યું છે. તેને મેળવવા બહાર ભટકી રહ્યું છે, પરંતુ સાચી શાંતિ તો આત્મામાં જ રહેલી છે. ફક્ત તેને ખોજવાની જરૂર છે, જેઓએ તેને સોધવા માટે પ્રબલ પુરૂષાર્થ કર્યો છે, તેઓ અપૂર્વ શાન્તિને મેળવી શકયા છે, માટે બહાર ભટકયા વિના આત્મસંશોધનની આજે ખૂબ જરૂર છે.

ત્યાંથી વિહાર કરી વિરમગામ ચાતુર્માસ રહી અમદાવાદ પધારી શહેરયાત્રાનો મહાન લાભ લીધો, ત્યાંથી આજુબાજુનાં ગામોને પવિત્ર કરી, નાના મોટા તીર્થોની યાત્રા કરી, અમદાવાદ પધારી આંબલીપોળના આયંબીલશાળાના મકાનમાં ચાતુર્માસ રહ્યાં.

ચાતુર્માસમાં ઘણી બ્હેનો મહારાજજી પાસે આવવા લાગી, અને અને મહારાજ સાહેબની મુખાકૃતિ, જ્ઞાન ધ્યાનની છાયા જોઈ મુગ્ધ બનવા લાગી, તેમાં શેઠની પોળમાં વસતાં શશીબેનને તો કોઇ અજબ અસર થઈ કે તેઓ આ સંસારનો મોહ છોડી મહારાજ સાહેબના ચરણ કમલમાં પોતાનું જીવન વીતાવવા તત્પર બન્યાં.

કાર્તકી પુનમ બાદ અનુજ્ઞા મેળવી મોટા આડંબર સાથે સંસારથી પર બની લક્ષ્મીશ્રીજી મહારાજ સાહેબનાં શિષ્યા તરૂણશ્રીજી તરીકે સ્થાપિત કર્યાં ત્યાંથી વિહાર કરી અનેકગામોમાં જૈનધર્મની પ્રભાવના કરવા સાથે પ્રભુ ચૈત્ય જુહારતાં ફરી અમદાવાદ ચાતુર્માસ પધારી જૈન શાસનનો અપૂર્વ ધ્વજ ફરકાવ્યો.

ત્યાંથી વિહાર કરી મારવાડ પ્રદેશની અનેક ગામોની યાત્રા કરી દેસુર ગામે પધાર્યાં, બહેનોની આગ્રહભરી વિનંતીથી ચાતુર્માસ પણ ત્યાંજ કર્યું.

મારવાડ જેવા પ્રદેશમાં આવા ત્યાગી આત્માઓ પધારે અને લોકો તેમના પ્રત્યે આકર્ષાય તે સ્વાભાવિક છે, પૂ. મહારાજશ્રીએ બહેનોને તપ ત્યાગમાં જોડી ધર્મનો ખૂબ જ મહિમા સમજાવ્યો, ત્યાંથી વિહાર કરી શિરોહી તેમજ રેવદરમાં સંઘના આગ્રહથી ચાતુર્માસ રહ્યાં, રેવદરમાં જૈન તેમજ જૈનેતર વર્ગને મહારાજ સાહેબ પ્રત્યે કોઈ અપૂર્વ સદ્‌ભાવ હતો.

ચાતુર્માસ બાદ મહારાજજીને અનેક લોકો ગામ બહાર વળાવવા આવ્યા. કેટલાંએકનાં તો નયનો અશ્રુઓથી ઉભરાઈ ગયાં, અને કહેવા

લાગ્યાં, સાહેબજી ! ફરીથી પણ અમારા ઉપર કૃપાદ્રષ્ટિ રાખીને દર્શ-લાભ આપશોજી ત્યાંથી અમદાવાદ પધારી શહેરયાત્રાઆદિ અનેક ધર્માનુષ્ઠાનોમાં ચિત્તને ધર્મમય બનાવ્યું.

જૈનશાસનમાં નાનામાં નાની. કે મોટામાં મોટી કોઈપણ ક્રિયા જોઈશું તો દરેકની અંદર કંઈકને કંઈક ગૂઢ રહસ્ય રહેલું જ હશે, સમજવાની તેમજ વિચારવાની જો શકિત હોય તો તેમાંથી તે આત્મા કંઈકને કંઈક તત્ત્વ મેળવી લે છે, આપણે અહીંઆ એકજ શહેર-યાત્રાનો જ પ્રસંગ લઇએ, ધામધૂમ સાથે દરેક જિનમંદિરોને વંદ-નાર્થે નીકળીએ ત્યારે આનંદની કોઈ સીમા હોય છે ! આવા જ કારણે મોક્ષનું એક પ્રધાન અંગ સમ્યકત્વની પ્રાપ્તિ સુલભ બને છે, અને બીજા લોકો પણ ધર્મની પ્રશંસા કરે છે.

ત્યાંથી વિહાર કરી અનેક ગામોમાં દર્શનાદિ કરતાં તેમજ ભવ્યાત્માઓને પ્રતિબોધ કરતાં પાલીતાણા પધારી ત્યાંજ બે ચાતુર્માસ રહ્યાં. ત્યાંથી ગિરનાર આદિની યાત્રા કરી, કચ્છ જેવા પ્રદેશમાં અજ્ઞા-નતાદિને દૂર કરવા માટે પ્રયાણ ન કરતા હોય ! તેમ વહાલા વતન તરફ પ્રયાણ કર્યું, ભદ્રેસરઆદિ પાંચતિર્થોની યાત્રા કરી પોતાની જન્મ-ભૂમિ ગઢશીષામાં પધાર્યાં.

કચ્છમાં આવા ત્યાગી આત્માઓની હંમેશા ખોટ શાલ્યા કરતી, તેમાં પણ પોતાના ગામના મહારાજ સાહેબ પધાર્યા છે, એવું જાણી ચારે બાજુથી લોકો આવીને દર્શનાદિ સાથે કૃતકૃત્યતા અનુભવવા લાગ્યા. સંઘની આગ્રહભરી વિનંતીથી ચાતુર્માસ ત્યાંજ રોકાયાં.

ભાઈઓ તેમજ બ્હેનોને ધર્મમાં જોડવા માટે મહારાજ સાહેબ પોતે અથાગ્ પ્રયત્ન કરવા લાગ્યાં કેટલાયેકને રાત્રિભોજનનો ત્યાગ તથા પૂજા, પ્રતિક્રમણ, સામાયિક આદિની અનેક બાધાઓ આપી ધર્મના રાગી બનાવ્યા.

સુશ્રાવિકા સુંદરબેનને મહારાજજીના તપ, ત્યાગ, સંયમ અને જ્ઞાનથી વૈરાગ્ય રંગ લાગતાં સંયમ લેવા ઉત્સુક બન્યાં. પરંતુ સંસારના અનેક કારણોથી તાત્કાલીક પ્રવ્રજ્યા ન લઈ શકયાં અને મહારાજ સાહેબ ત્યાંથી વિહાર કરી સંઘના આગ્રહથી કોટડા ચાતુર્માસ કરી ફરી ગઢશીષા પધારી ત્યાં જ ચાતુર્માસ કર્યું, ચાતુર્માસ બાદ સુંદરબેનને દીક્ષા આપવામાં આવી. અને લક્ષ્મીશ્રીજી મ. મહારાજ સાહેબનાં શિષ્યા સુભદ્રાશ્રીજી તરીકે જાહેર કરવામાં આવ્યાં.

ત્યારબાદ અનેક ગામોમાં જૈન ધર્મનો સુંદર ફેલાવો કરતાં, પૃથ્વીતલને પાવન કરવા સાથે અંગીઆ પધાર્યા, ત્યાંના આગેવાન સુશ્રાવક મોનજીભાઈ વગેરેની આગ્રહભરી વિનંતીથી ત્યાં જ ચાતુ-ર્માસ રહ્યાં.

પુરૂષ તેમજ સ્ત્રી વર્ગમાં જ્ઞાન ધ્યાન તેમજ તપનો બહોળો ફેલાવો કરવા વડે શ્રી જિનશાસનની અપૂર્વ સેવા કરી શ્રીસંઘને ધર્મમાં સુશ્રદ્ધાળુ બનાવ્યો. તેમાં સુશ્રાવિકા ભચીબેનને સંયમ લેવાની ભાવના થઈ. પરંતુ સમય પરિપકવ ન હોવાથી ચારિત્ર ન લઈ શકયાં પણ મહારાજજીએ અનેકવિધ નિયમો આપી સંયમ ધર્મને પાળવાની તાલીમ લેવાની શરૂઆત કરાવી અને તદ્દન વિરાગી જીવન જીવવા પ્રેરણા કરી.

મહારાજ સાહેબ ત્યાંથી વિહાર કરી અનેક ગામોમાં દર્શન કરતાં ડગારા પધાર્યા, જૈન તેમજ જૈનત્તર વર્ગમાં ઉપદેશ આપતાં આઠ દિવસ રોકાયાં ત્યાં આયરકુળમાં જન્મ પામેલા સોનાબહેનને મહારા-જજીની વાણી હૃદયની આરપાર ઉતરતાં સંયમજીવન જીવવાની મનની અભિલાષા મહારાજ સાહેબને જણાવી પરંતુ કેટલાએક કારણોસર મહા-રાજ સાહેબે દીક્ષા ન આપી.

જેની રહેણી કરણી. નાત અને જાત જુદા હોવા છતાં પણ

સંયમ જીવનની ભાવના જાગે એ પૂર્વભવના ક્ષયોપશમ વિના ક્યાંથી સંભવે ! મહારાજ સાહેબ પણ તેમના હૃદયમાં અમૃતનું સિંચન કરી ત્યાંથી રાધનપુર, શંખેશ્વર આદિના દર્શન કરી પાટણ પધાર્યાં.

પંચાસરા દાદાનાં દર્શન કર્યાં, પરમ પૂજ્ય કાંતિવિજયજી દાદા તથા વિદ્વત્ શિરોમણિ પુન્યવિજયજી મ. સાહેબ આદિના દર્શનનો લાભ લીધો, અને પંચાસરાદાદાની શીતળ છાયામાં ચાતુર્માસ વિતાવ્યું.

મહારાજ સાહેબની પ્રેરણાત્મક તથા વિદ્વતાયુક્ત વાણીથી ચંપાબેનને આ સંસાર માયાજાળરૂપ સમજાવા લાગ્યો, પરમ પૂજ્ય કાંતિ વિજયજી મ. સાહેબના વરદહસ્તે દીક્ષા લઈ તરૂણશ્રીજી મ. સાહેબનાં શિષ્યા હેમેન્દ્રશ્રીજી નામે જાહેર થયાં,

મહારાજ સાહેબ ત્યાંથી વિહાર કરી અમદાવાદ પધાર્યા પરંતુ ત્યાં કપડવંજના સંઘની ચાતુર્માસ માટેની આગ્રહ ભરી વિનંતી થતાં કપડવંજ પધાર્યાં, સંઘે મહારાજ સાહેબને પ્રવેશ કરાવ્યો, (કચ્છ) ડગારાવાલા મુમુક્ષુ સોનાબેન ચાતુર્માસમાં મહારાજજીની વાણીનું અમીયપાન કરવા આવ્યાં, અને ચાતુર્માસ બાદ પરમ પૂજ્ય શ્રીમદ્ ઉમંગસૂરીશ્વરજી મ. સાહેબના વરદહસ્તે દીક્ષા લઈ લક્ષ્મીશ્રીજી મ. સાહેબનાં શિષ્યા તરીકે સ્થાપિત કર્યા અને સમભાવનાં જાણે સાગર ન બનાવવાં હોય ! તે હેતુથી સમતાશ્રીજી એવું નામ આપ્યું.

કપડવંજથી વિહાર કરી અમદાવાદ નજીક દેહગામમાં બહેનોની આગ્રહભરી વિનંતીથી ચાતુર્માસ કર્યું અનેકભાઈઓ તથા બહેનોને રાત્રિભોજન ત્યાગ, નવકારસી આદિ વિવિધ ત્યાગની વાનગીઓ આપી, ધર્મમાર્ગમાં સ્થિર કર્યાં. ધર્મનુ ગંભિર રહસ્ય સમજાવી ધર્મમયજીવન જીવવા અનેક ભવ્યાત્માઓને હાકલ કરી.

અનુપમા દેવીની પ્રેરણાથી, દક્ષ કારીગરોની કુશાગ્ર બુદ્ધિથી તથા વસ્તુપાલ-તેજપાલના કોટીદ્રવ્યથી નિર્મિત, દુનિયાભરમાં શિલ્પથી

અદ્વિતીય એવાં દલવાડા (આબુ) દેરાસરોના દર્શનાર્થે વિહાર કરતાં પધાર્યાં, અહીંઆં એક માસની સ્થિરતા બાદ ગુરૂણીજી મહારાજ જયશ્રીજી મ. સાહેબ (શ્વસુર પક્ષના) ભટાણા ગામે પધાર્યાં, સંઘની વિનંતીથી ચાતુર્માસ રહી, અનેક આત્માઓને માનવજીવનની દુર્લભતા અને ધર્મની મહત્તા સમજાવી, લોકો પણ મહારાજ પ્રત્યે ખૂબજ આકર્ષાયા, ધનીબેને દીક્ષા લીધી, અને લક્ષ્મીશ્રીજી મ. સાહેબનાં શિષ્યા સુનંદાશ્રીજી થયાં, ત્યાંથી પાલનપુર ચાતુર્માસ કરી મેતાના સંઘના આગ્રહથી ત્યાં ચાતુર્માસ રહી પાટણ ત્રણ ચોમાસા કર્યાં.

પોતે દરરોજ નૂતન અધ્યયન કરવા સાથે શિષ્યા પ્રશિષ્યાઓને પણ જ્ઞાન ધ્યાનમાં આગળ વધારવા હંમેશા પ્રયત્ન શીલ રહેતાં, મારે શરણે આવેલ કોઇપણ આત્મા પોતાનું કલ્યાણ કરી અનંત સુખના ભોકતા બને તેવી ભાવના ભાવતાં.

ત્યાંથી ચારૂપ–મેત્રાણાની યાત્રા કરી. વિહાર કરતાં પાલણપુર પધાર્યાં અને ત્યાં જ બિરાજમાન. પંજાબકેશરી વિજય વલ્લભસૂરીશ્વરજી મ. સાહેબની સાનિધ્યતામાં ચાતુર્માસ રહી હંમેશા સંસારથી તારનાર, સંસારના તાપથી બળેલા આત્માને ઠંડકરૂપ, મુક્તિસુખને આપનાર, એવી જિનવાણીનું પાન કરવા લાગ્યાં, ચાતુર્માસ બાદ ગુરૂદેવની અનુજ્ઞા મેળવી, ભીલડીયાજી, શંખેશ્વરતીર્થની યાત્રા કરી કટારીયાજી (કચ્છ), તથા અબડાસાની પંચતીર્થી કરી ભુજ, અંજાર થઈ સંઘના આગ્રહથી ડગારા પધારી ચાતુર્માસ કર્યું.

કેટલીક વ્યક્તિઓમાં કુદરતી રીતે જ એવી પ્રતિભા રહેલી હોય છે કે ગમે તેવા માણસને "જેમ લોહચૂંબક લોઢાને પોતાની તરફ ખેંચે છે તેમ" આકર્ષી લે છે, અહીં પણ મહારાજજીની પ્રતિભાએ કેટલીક બહેનોને ખેંચી કંદમૂળ, રાત્રિભોજન બંધ કરાવ્યાં, નવકારથી બે પ્રતિક્રમણ સુધી અભ્યાસ કરાવ્યો, પર્યુષણમાં જેઓએ કયારે પણ

જીવનમાં એકાસણું નહીં કરેલ એવા આત્માઓએ ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ અઠ્ઠાઈ કરી નવપદજીની ઓળી, જ્ઞાનપંચમીની પણ કેટલાંએ આરાધના કરી જીવનને પવિત્ર કર્યું.

ચાતુર્માસ બાદ મુમુક્ષુ ભચીબેને (અંગીઆવાલા) મહારાજ સાહેબ પાસે આવી વિનંતી કરી, મારી તેમજ મારી પુત્રીની લાંબા ટાઈમથી સંયમની ભાવના છે, તો તે પૂર્ણ કરવા આપશ્રી અંગિઆ પધારી અમને ઉપકૃત કરશોજી, ત્યારબાદ ભચીબેને ઘેર આવી બન્ને પક્ષની અનુમતિ મેળવી લીધી, બન્ને બાજુનાં સગાંઓ મહારાજજીને વિનંતી કરી આવ્યા બાદ લાભનું કારણ જોઈ મહારાજજીએ અંગીઆ તરફ વિહાર કર્યો સંઘે પણ મોટા આડંબર સાથે પ્રવેશ કરાવ્યો, માતા તેમજ બાલ બ્રહ્મચારિણી પુત્રીને દીક્ષા આપવામાં આવી, ભચીબેન સમતાશ્રીજીનાં શિષ્યા કનકપ્રભાશ્રીજી તથા તેમનાં સુપુત્રી તારાબેન કમળપ્રભાશ્રીજી, નામે સ્થપાયાં, આ પ્રસંગ અંગીઆ માટે અદ્વિતીય બની ગયો, લોકો પણ જૈન ધર્મની ભૂરીભૂરી પ્રશંસા કરવા લાગ્યા.

અંગીઆથી વિહાર કરી માનવકુવા પધાર્યાં અને સંઘના આગ્રહથી ચાતુર્માસ રહ્યાં. ત્યાં પણ ધર્મનાં અનેક કાર્યો કરી ત્યાંથી ડગારા પધાર્યા, ધાણેટીના પાંચાભાઈની મહારાજ સાહેબને ચાતુર્માસ કરાવવાની લાંબા ટાઇમથી ખૂબજ ભાવના હતી. તેમની વિનંતીને માન્ય રાખી મહારાજ સાહેબે ત્યાં જ ચાતુર્માસ કર્યું. પહેલાં પણ અહીં મહારાજ સાહેબનાં ચાતુર્માસ થયેલ હોવાથી કેટલીક બ્હેનો ધર્મમાર્ગે વળેલી તો હતી જ. તેમાં પણ આ ચોમાસામાં મ. સાહેબની પ્રતિભાથી આકર્ષાઇ કેટલીએ બહેનોએ નવિન નવિન અભિગ્રહો લીધા, તેમાંના બુધીબેન, મેગીબેન, સખિબેન અને નાથીબેને તો સંયમ લેવા માટેના પણ અભિગ્રહો લીધા.

મહારાજ સાહેબે ત્યાંથી પાલીતાણા પધારી દાદાની નવ્વાણુયાત્રા કરી, જીવનને પવિત્ર બનાવ્યું, (કચ્છ) ડગારાની ચારે બહેનો સંયમ

લેવા આવ્યાં. બુધીબેન તથા મેગીબેન લક્ષ્મીશ્રીજી મ. સાહેબનાં શિષ્યા અનુક્રમે જગતશ્રીજી ને દર્શનશ્રીજી થયાં. સખીબેન કમળપ્રભાશ્રીજીના શિષ્યા જ્ઞાનશ્રીજી અને બુધીબેનનાં સુપુત્રી બાલબ્રહ્મચારિણી નાથીબેન તેમનાં માતુશ્રીનાં શિષ્યા હેમલત્તાશ્રીજી તરીકે થયાં આ રીતે અનેક શિષ્યા–પ્રશિ-ષ્યાઓથી પરિમંડિત થયેલાં અનેક ગામોને પાવન કરતાં મ. સાહેબ અમદાવાદ પધાર્યાં ત્યાં ચાતુર્માસ કરી ખંભાત ગંધાર, કાવી આદિ અનેક તીર્થો તેમજ છાણી વડોદરા આદિ ગામોનાં જિનલયોનાં દર્શન કરી પાટણ પધાર્યાં. ત્યાં બિરાજમાન પરમ પૂજ્ય આચાર્ય દેવેશશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મ. સાહેબની શુભ નિશ્રામાં શિષ્યા–પ્રશિષ્યાઓને મોટા યોગો કરાવ્યા. ત્યાં તેમની તબીયત દિન પ્રતિદિન બગડવા લાગી, ત્યાંથી વિહાર કરી ભટાણા પધાર્યાં, સંઘના આગ્રહથી ચાતુર્માસ પણ ત્યાં જ કર્યું... તબીયત સારી ન રહેવા છતાં પણ કદી ગુરૂભક્તિ ચૂકતાં નહીં, હવે પોતાનાથી ગુરૂભક્તિ નહી થાય એવું લાગતાં. શિષ્યા–પ્રશિષ્યાઓને કહેવા લાગ્યાં જીવનમાં બધુંયે મલસે, પણ અનંત પુન્ય રાશિનો ઉદય થાય છે, ત્યારે જ દેવ ગુરૂની ભક્તિ કરવાનો પ્રસંગ સાંપડે છે, ગુરૂણી મહારાજની તબીયત નરમ રહે છે, ઉમર પણ મોટી છે, તેમની તમો સેવા કદાપિ ચૂકસો નહી, નિષ્કપટપણે તેમજ નિઃસ્વાર્થ ભાવે થતી સેવા કયારે પણ નિષ્ફળ જતી નથી.

આસો સુદી આઠમના સવારે સર્વે જીવોને ખમાવ્યા મુખથી નવકાર મહામંત્રના જાપપૂર્વક આ નાશવંત શરીરનો ત્યાગ કર્યો. અને અપૂર્વ પંથે ચાલી નીકળ્યા, જેમ જીર્ણ વસ્ત્ર ત્યાજ્ય છે તેમ છેવટમાં આ શરીર પણ મૂકીને જવાનુ છે, સનતકુમાર ચક્રવર્તિએ શરીરને પોતાનું માન્યું, છેવટે તે જ દગો આપનારૂં નીવડયું.

આ છે સંસારની માયા.

તેને સમજવા, તથા વિચારવા માટે આંતર ચક્ષુની જરૂર છે.

સંઘે પણ પ્રભુપ્રતિષ્ઠા તથા અઠ્ઠાઇ મહોત્સવ વિગેરે અને ધર્મ ક્રિયાઓ કરી.

આપણે ત્યાં સમાધિ મરણની ખૂબજ કિંમત છે, પ્રભુપાસે આપણે હંમેશા તેની માંગણી પણ કરીએ છીએ તે કોઈકને જ પ્રાપ્ત થાય છે.

એકંદરે પંદર વર્ષ ગૃહસ્થાવસ્થા અને પાંત્રીસ વર્ષ સંયમ ધર્મની આરાધના કરી કુલ પચાસ વર્ષનું આયુષ્ય ભોગવી અનેક આત્માઓનાં તારક બની ચાલ્યાં ગયાં.

જીવનમાં કચ્છ મારવાડ વિગેરેની પંચતીર્થી. તથા સિદ્ધાચલજીની નવ્વાણુ યાત્રાઓ ચાર વાર કરી હતી. બારમાસી છમાસી ચારમાસી, ત્રણમાસી વીશસ્થાનક, બીજ પંચમી વિગેરેની તપશ્ચર્યાથી આત્માને નિર્મલ બનાવ્યો હતો.

આપણે પણ એમના ગુણોને જીવનમાં ઉતારી માનવ જીવનને જીવતાં શીખવું જોઈએ.

અંતે તેમના રાહે ચાલી શાશ્વત સુખના ભોગી બનીએ એજ શુભેચ્છા સાથે ભૂલ બદલ મિચ્છામિ દુક્કડં દઈ વિરમું છું.

લી.

અધ્યાપક, **શાંતિલાલ સોમચંદ મહેતા.**

શ્રી. યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા,

**મહેસાણા.**

પરમ પૂજ્ય ૧૦૦૮ શ્રી આચાર્યદેવેશ શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ સાહેબનાં આજ્ઞાવર્તી સાધ્વીજી શ્રી **જમનાશ્રીજી** મ. સાહેબનો શિષ્યા–પ્રશિષ્યાદિ પરિવાર.

પ. પૂ. સા. જમનાજી મ. સાહેબ.

- (૧) જયશ્રીજી
  - (૧) લક્ષ્મીશ્રીજી
    - (૧) તરૂણશ્રીજી
      - (૧) હેમેન્દ્રશ્રીજી
        - (૧) ચંદ્રાશ્રીજી
    - (૨) સુભદ્રાશ્રીજી
      - (૧) નંદાશ્રીજી
    - (૩) સમતાશ્રીજી
      - (૧) કનકપ્રભાશ્રીજી
        - (૧) કમળપ્રભાશ્રીજી
    - (૪) સુનંદાશ્રીજી
    - (૫) જગતશ્રીજી
      - (૧) હેમલતાશ્રીજી
    - (૬) દર્શનશ્રીજી
- (૨) માણેકશ્રીજી
  - (૧) ચંદનશ્રીજી
    - (૧) પ્રધાનશ્રીજી
  - (૨) લાભશ્રીજી
    - (૧) રંજનશ્રીજી

## પ્રસ્તુત પુસ્તક છપાવવામાં દ્રવ્ય આપનાર સહાયકોની
## —: નામાવલિ :—

| રૂા. | નામ | ગામ |
|---|---|---|
| ૧૦૧ | શ્રી સંઘ સમસ્ત | ભટાણા (મારવાડ) |
| ૧૦૧ | શ્રી સંઘ સમસ્ત | પાડીવ ,, |
| ૫૧ | શેઠ વનેચંદજી ગમનાજી | ,, ,, |
| ૫૧ | ,, નવલમલજી પાનાચંદજી | ,, ,, |
| ૫૧ | ,, ચુનીલાલજી લખમાજી | ,, ,, |
| ૨૫ | ,, મુલચંદજી જોરાજી | ,, ,, |
| ૨૫ | ,, મુલચંદજી હાંસાજી | ,, ,, |
| ૨૫ | પ્રભાવતીબેન પોપટલાલ | મહેસાણા |
| ૧૫ | પંજાબી સત્યપાલ કુંજલાલજી | અંબાલા |
| ૧૫ | શેઠ વાડીલાલ ટોકરસી | અંગીઆ (કચ્છ) |
| ૧૧ | પ્રભાવતીબેન આત્મારામજી | પાટણ |
| ૧૧ | ધીરજબેન | કપડવંજ |
| ૧૧ | મણીબેન ઓટમલજી | પાડીવ |
| ૧૧ | જેઠીબેન ચુનીલાલજી | ,, |
| ૧૦ | શેઠ વાડીલાલ ડુંગરસી | અંગીઆ (કચ્છ) |
| ૧૦ | ,, જીવરાજ લાલજી | ગઢશીષા ,, |
| ૧૦ | ,, કુંવરજી પાલણભાઇ | ,, ,, |
| ૧૦ | ,, રતનશી ખેરાજભાઇ | દેવપર ,, |
| ૧૦ | ,, માણેકલાલ કોરસીભાઈ | કોટડા ,, |
| ૧૦ | ,, પ્રેમચંદ વાલચંદભાઈ | મેતા |
| ૧૦ | સીતાબેન બુલાખીદાસ | મહેસાણા |
| ૧૦ | શાન્તાબેન કાલીદાસ | પાલણપુર |

| | | |
|---|---|---|
| ૭ | શેઠ જવાનમલ ચીમનાજી | પાડીવ |
| ૫ | મણીબેન | પાલણપુર |
| ૫ | મુલબાઈ ગેલાભાઈ | ગઢશીષા (કચ્છ) |
| ૫ | શેઠ ઠાકરસી મુળજીભાઈ | મક્કુડા ,, |
| ૫ | ,, વેરશીભાઇ મુળજીભાઈ | ,, ,, |
| ૫ | ,, લખમશી મુળજીભાઈ | ,, ,, |
| ૫ | ,, સોમચંદ મોનજીભાઇ | અંગીઆ ,, |
| ૫ | ,, માણેકલાલ રતનસીભાઈ | માંડવી ,, |
| ૫ | શેઠ નાનચંદ ઓધવજીભાઇ | ડગારા (કચ્છ) |
| ૫ | ,, સોમચંદ વેણીદાસ | જવાહીનગર ,, |
| ૫ | વકીલ ફુલચંદભાઇ નાગરદાસ | મહેસાણા |
| ૫ | શેઠ ઘેલાભાઇ કરમચંદ | ,, |
| ૫ | પંકુબેન | પાડીવ |
| ૫ | મણીબેન શવાજી | ,, |
| ૫ | નાનુબેન છગનલાલ | ,, |
| ૫ | ચંપાબેન વાડીલાલ | કપડવંજ |
| ૫ | નીરૂબેન | મહેસાણા |
| ૪ | ગજીબેન જેસાજી | પાડીવ |
| ૨ | ઇન્દિરાબેન | પાલણપુર |
| ૨ | ગંગાબેન | ,, |
| ૨ | ચંચળબેન | . |
| ૨ | ઇન્દુમતિબેન લાલભાઈ | મહેસાણા |

★

# —: અનુક્રમણિકા :—


| નંબર | વિષય | પાનું |
|---|---|---|
| ૧ | શ્રી. આનંદઘન ચોવીશી | ૧ |
| ૨ | ઉપા. શ્રી. યશોવિજયજી ચોવીશી | ૩૦ |
| ૩ | પં. શ્રી. જિન વિજયજી ચોવીશી | ૪૬ |
| ૪ | શ્રી. મોહન વિજયજી ચોવીશી | ૬૬ |
| ૫ | શ્રી. માન વિજયજી ચોવીશી | ૯૩ |
| ૬ | શ્રી. પદ્મ વિજયજી ચોવીશી | ૧૧૩ |
| ૭ | શ્રી. દશવૈકાલિકની સજઝાયો | ૧૩૫ |
| ૮ | શ્રી. ગુરુ ભક્તિ નિમિત્તે ગાયનો | ૧૫૦ |


★

---

—: શુદ્ધિ પત્રક :—

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૦ | ૧ | દર્શ | દર્શનનો |
| ૧૩ | ૪ | દુર્લબતા | દુર્લભતા |

---


મુદ્રક : કાંતિલાલ ડાહ્યાભાઈ પટેલ, મંગલ મુદ્રણાલય, રતનપોળ અમદાવાદ

# શ્રી આનન્દઘન ચોવીશી.

## ૧. શ્રી ઋષભદેવ જિન સ્તવન.

**ઋષભ** જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત—
ઋષભ૦ ૧

પ્રીત સગાઇ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય;
પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય—
ઋષભ૦ ૨

કોઇ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરે રે, મળશું કંતને ધાય;
એ મેળો નવિ કહીયે સંભવે રે, મેળો ઠામ ન ઠાય—
ઋષભ૦ ૩

કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ—
ઋષભ૦ ૪

કોઈ કહે લીલા રે અલખ અ-લખ તણી રે, લખ પૂરે મન આશ;
દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ—
ઋષભ૦ ૫

ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઇ આતમ અરપણા રે, **આનંદઘન**–પદરેહ—
ઋષભ૦ ૬

## ૨. શ્રી અજિતનાથ જિન સ્તવન.

પંથડો નિહાળું રેબીજા જિન તણોરે, અજિત અજિતગુણધામ;
જે તેં જીત્યારે તેણે હું જીતિયો રે, પુરુષ કિશ્યું મુજનામ?—
પંથડો૦ ૧

ચરમ નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર—
પંથડો૦ ૨

પુરુષ પરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પુલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિ ઠાય—
પંથડો૦ ૩

તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય;
અભિમત વસ્તુ રે વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય—
પંથડો૦ ૪

વસ્તુ વિચારે રે દિવ્ય નયણ તણો રે, વિરહ પડયો નિરધાર;
તરતમ જોગેરે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર—
પંથડો૦ ૫

કાળ લબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન મત અંબ—
પંથડો૦ ૬

## ૩. શ્રી સંભવનાથ જિન સ્તવન.

સંભવ દેવ તે ધુર સેવો સવેરે, લહી પ્રભુ સેવન ભેદ;
સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ—
સંભવ૦ ૧

ભય ચંચળતા હો જે પરિણામની રે, દ્વેષ: અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીએ રે, દોષ અબોધ લખાવ—
સંભવ૦ ૨

ચરમાવર્તે હો ચરમ કરણે તથા રે, ભવપરિણતિ પરિપાક;
દોષ ટળે વલી દૃષ્ટિ ખુલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન વાક—
સંભવ૦ ૩

પરિચય પાતક ઘાતક સાધુ શું રે, અકુશલ અપચય ચેત;
ગ્રન્થ અધ્યાતમ શ્રવણ મનન કરી રે, પરિશીલન નયહેત—
સંભવ૦ ૪

કારણ જોગે હો કારજ નીપજે રે, એમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધિયે રે, એ નિજ મત ઉન્માદ—
સંભવ૦ ૫

મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનૂપ;
દેજો કદાચિત્ સેવક યાચના રે, **આનંદઘન** રસરૂપ—
સંભવ૦ ૬

## ૪. શ્રી અભિનન્દન જિન સ્તવન.

**અભિનંદન** જિન દરિસણ તરસિયે, દરિસણ દુર્લભ દેવ;
મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ—
અભિ૦ ૧

સામાન્યે કરી દરિસણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ;
મદમેં ઘેર્યો રે અંધો કેમ કરે, રવિ શશિરૂપ વિલેખ—
અભિ૦ ૨

હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઈએ, અતિદુર્ગમ નયવાદ;
આગમવાદે હો ગુરુગમકો નહીં, એ સબલો વિષવાદ—
અભિ૦ ૩

ઘાતિ ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ;
ધિઠ્ઠાઈ કરી મારગ સંચરૂ, સેંગુ કોઇ ન સાથ—
અભિ૦ ૪

"દર્શન" "દર્શન" રટતો જો ફિરૂં, તો રણરોજ સમાન;
જેહને પિપાસા હો અમૃત પાનની, કિમ ભાંજે વિષપાન—
અભિ૦ ૫

તરસ ન આવે હો મરણ-જીવન તણી, સીઝે જો દરિસણ કાજ;
દરિસણ દુર્લભ સુલભ કૃપાથકી, **આનંદઘન** મહારાજ—
અભિ૦ ૬

## ૫. શ્રી સુમતિનાથ જિન સ્તવન.

**સુમતિ** ચરણ કજ આતમ અરપણા,
દરપણ જિમ અવિકાર સુજ્ઞાની;
મતિ તરપણ બહુ સમ્મત જાણિએ,
પરિસરપણ સુવિચાર સુજ્ઞાની—સુમતિ૦ ૧

ત્રિવિધ સકલ તનુધર ગત આતમા,
બહિરાતમ ધુરિ ભેદ સુજ્ઞાની;
બીજો અંતર આતમ તીસરો,
પરમાતમ અવિચ્છેદ સુજ્ઞાની—સુમતિ૦ ૨

આતમ બુદ્ધે કાયાદિક ગ્રહ્યો,
બહિરાતમ અઘરૂપ સુજ્ઞાની;
કાયાદિકનો હો સાખી ધર રહ્યો,
અંતર આતમ રૂપ સુજ્ઞાની—સુમતિ૦ ૩

જ્ઞાનાનંદે હો પુરણ પાવનો,
વર્જિત સકલ ઉપાધ સુજ્ઞાની;
અતીંદ્રિય ગુણગણ મણિ આગરૂ,
એમ પરમાતમ સાધ સુજ્ઞાની—સુમતિ૦ ૪

બહિરાતમ તજી અંતર આતમા-
રૂપ થઈ સ્થિર ભાવ સુજ્ઞાની;
પરમાતમનું હો આતમ ભાવવું,
આતમ અર્પણદાવ સુજ્ઞાની—સુમતિ૦ ૫

આતમ અર્પણ વસ્તુ વિચારતાં,
ભરમ ટળે મતિ દોષ સુજ્ઞાની;
પરમ પદારથ સંપત્તિ સંપજે,
**આનંદઘન** રસ પોષ સુજ્ઞાની—સુમતિ૦ ૬

## ૬. શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

પદ્મપ્રભ જિન ! તુજ મુજ આંતરુ રે, કિમ ભાંજે ભગવંત ?
કર્મ વિપાકે કારણ જોઈને રે, કોઈ કહે મતિમંત—
પદ્મ૦ ૧

પયઈ–ઠિઇ–અણુભાગ–પ્રદેશથી રે, મૂળ ઉત્તર બહુ ભેદ;
ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણા રે, સત્તા કર્મ વિચ્છેદ—
પદ્મ૦ ૨

કનકોપલવત્ પયડી પુરુષ તણીરે, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંયોગે જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય—
પદ્મ૦ ૩

કારણ જોગે હો બાંધે બંધને રે, કારણ મુગતિ મૂકાય;
આશ્રવ સંવર નામ અનુક્રમે રે, હેય ઉપાદેય સુણાય—
પદ્મ૦ ૪

યુંજન કરણે હો અંતર તુજ પડયો રે, ગુણ કરણે કરી ભંગ;
ગ્રંથ યુક્તં કરી પંડિત જન કહ્યો રે, અંતર ભંગ સુઅંગ—
પદ્મ૦ ૫

તુજ મુજ અંતર અંતર ભાંજશે રે, વાજશે મંગલ તૂર;
જીવ સરોવર અતિશય વાધશે રે, **આનંદઘન** રસપૂર—
પદ્મ૦ ૬

## ૭. શ્રી સુપાર્શ્વ જિન સ્તવન.

**શ્રી સુપાર્શ્વ** જિન વંદિએ, સુખ સંપત્તિનો હેતુ લલના;
શાંત સુધારસ જલનિધિ, ભવ સાગરમાં સેતુ લલના—
શ્રી સુ૦ ૧

સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ લલના;
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ લલના—
શ્રી સુ૦ ૨

શિવ શંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન લલના;
જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિ સ્વરૂપ અસમાન લલના—
શ્રી સુ૦ ૩

અલખ નિરંજન વચ્છલુ, સકલ જંતુ વિસરામ લલના;
અભયદાન દાતા સદા, પૂરણ આતમ રામ લલના—
શ્રી સુ૦ ૪

વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય સોગ લલના;
નિદ્રા તંદ્રા દુરંદશા, રહિત અબાધિત યોગ લલના—
શ્રી સુ૦ ૫

પરમ પુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન લલના;
પરમ પદારથ પરમેષ્ઠી, પરમ દેવ પરમાન લલના—
શ્રી સુ૦ ૬

વિધિ વિરંચિ વિશ્વંભરુ હૃષિ કેશ જગનાથ લલના;
અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમ પદ સાથ લલના—
શ્રી સુ૦ ૭

એમ અનેક અભિધા ધરે, અનુભવ ગમ્ય વિચાર લલના;
જે જાણે તેહને કરે, **આનંદઘન** અવતાર લલના—
શ્રી સુ૦ ૮

## ૮. શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન.

દેખણ દે રે! સખિ! મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ—
સખિ૦

ઉપશમ રસનો કંદ સખિ! સેવે સુરનર ઇંદ—સખિ૦
ગત કલિમલ દુઃખ દંદ-સખિ! મુને દેખણ દે.—૧

સુહુમ નિગોદે ન દેખિયો સખિ! બાદર અતિહિ વિશેષ
સખિ૦

પુઢવી આઉ ન લેખિયો સખિ! તેઉવાઉ ન લેશ—સખિ૦ ૨

વનસ્પતિ અતિ ઘણુ દિહા સખિ! દીઠો નહીં દેદાર—
સખિ૦

બિ-તિ-ચઉરિંદિય જલ લીહા સખિ! ગતસન્નિ પણધાર—
સખિ૦ ૩

સુરતિરિ નિરય નિવાસમાં સખિ! મનુજ અનારજ સાથ—
સખિ૦

અપજજત્તા પ્રતિ ભાસમાં સખિ! ચતુર ન ચઢિયો હાથ—
સખિ૦ ૪

એમ અનેક થલ જાણીએ સખિ! દરિસણ વિણુ જિનદેવ
સખિ૦

આગમથી મતિ આણીએ સખિ! કીજે નિર્મલ સેવ--
સખિ૦ ૫

નિર્મલ સાધુ ભગતિ લહી સખિ! યોગઅવંચક હોય--
સખિ૦

ક્રિયાઅવંચક તિમ સહી સખિ! ફળઅવંચક જોય--
સખિ૦ ૬

પ્રેરક અવસર જિનવરુ સખિ! મોહનીય ક્ષય જાય--
સખિ૦

કામિત પૂરણ સુરતરુ સખિ! આનંદઘન પ્રભુપાય—
સખિ૦ ૭

## ૯. શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે;
અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહઉઠીને પૂજીજે રે.
—સુવિધિ૦ ૧

દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેહરે જઈએ રે;
દહતિગ પણ અહિગમ સાચવતાં, એક મના ધુરિ થઈએ રે
—સુવિધિ૦ ૨

કુસુમ, અક્ષત, વર, વાસ, સુગંધિ, ધૂપ, દીપ મન સાખી રે;
અંગ પૂજા પણ ભેદ સુણી એમ, ગુરૂમુખ આગમ ભાખી રે
—સુવિધિ૦ ૩

એહનું ફલ દોય ભેદ સુણીજે, અનંતરને પરંપર રે;
આણાપાલણ ચિત્ત પ્રસન્ની, મુગતિ-સુગતિ સુર મંદિર રે
—સુવિધિ૦ ૪

ફૂલ, અક્ષત, વરધૂપ, પઈવો, ગંધ, નૈવેદ્ય, ફળ, જલ ભરી રે;
અંગ-અગ્ર પૂજા મળી અડવિધ,ભાવે ભવિક શુભગતિ વરી રે
—સુવિધિ૦ ૫

સત્તર ભેદ એકવીસ પ્રકારે, અઠ્ઠોતર શત ભેદે રે;
ભાવ પૂજા બહુ-વિધ નિરધારી, દોહગ્ગ-દુર્ગતિ છેદે રે
—સુવિધિ૦ ૬

તુરિય ભેદ **પડિવત્તિ** પૂજા, ઉપશમ ખીણુ સયોગી રે
ચઉહા પૂજા ઈમ **ઉત્તરજઝયણે**, ભાખી કેવળ યોગી રે
—સુવિધિ૦ ૭

ઈમ પૂજા બહુ ભેદ સુણીને, સુખ દાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે, તે લેશે, **આનંદઘન** પદ ધરણી રે
—સુવિધિ૦ ૮

## ૧૦. શ્રી શીતલનાથ જિન સ્તવન

**શીતલ** જિન પતિ લલિત ત્રિભંગી,
વિવિધ ભંગી મન મોહે રે;
કરુણા કોમલતા તીક્ષણુતા, ઉદાસીનતા સાહે રે—શીતલ૦ ૧

સર્વ જંતુ હિત કરણી કરુણા, કર્મ વિદારણુ તીક્ષણુ રે;
હાના: દાન રહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણુ રે.
—શીતલ૦ ૨

પર દુઃખ છેદન ઇચ્છા કરુણા, તીક્ષણુ પર દુઃખ રીઝે રે;
ઉદાસીનતા ઉભય વિલક્ષણુ એક ઠામે કેમ સીઝે રે
—શીતલ૦ ૩

અભયદાન તે મલક્ષય કરુણા, તિક્ષણુતા ગુણ ભાવે રે;
પ્રેરક વિણુ કૃતિ ઉદાસીનતા, ઈમ વિરોધ મતિ નાવે રે.
—શીતલ૦ ૪

શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે;
યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગે રે
—શીતલ૦ ૫

ઈત્યાદિક બહુ ભંગ ત્રિભંગા, ચમત્કાર ચિત્ત દેતી રે;
અચરિજ કારી ચિત્ર વિચિત્રા, **આનંદઘન** પદ લેતી રે.
—શીતલ૦ ૬

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન.

**શ્રી શ્રેયાંસ જિન** અંતર જામી, આતમરામી, નામી રે;
અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે
—શ્રી૦ ૧

સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિગણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિઃકામી રે
—શ્રી૦ ૨

નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તે અધ્યાતમ લહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે.
—શ્રી૦ ૩

**નામ** અધ્યાતમ, **ઠવણ** અધ્યાતમ, **દ્રવ્ય** અધ્યાતમ છંડો રે;
**ભાવ** અધ્યાતમ નિજગુણ સાધે, તો તેહ શું રઢ મંડો રે
શ્રી૦ ૪

**શબ્દ** અધ્યાતમ અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
**શબ્દ** અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે.
—શ્રી૦ ૫

અધ્યાતમી જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુ ગતે જે વસ્તુ પ્રકાશે, **આનંદઘન** મત વાસી રે.
—શ્રી૦ ૬

## ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘન નામી પરનામી રે,
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલ કામી રે—
વાસુ૦ ૧
નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારી રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે—
વાસુ૦ ૨
કર્તા પરિણામી પરિણામો—કર્મ જે જીવેં કરિયેં રે;
એક અનેક રૂપ નય વાદે, નિયતે નર અનુસરિયે રે—
વાસુ૦ ૩
દુઃખ સુખ રૂપ કર્મ ફલ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચુકે, ચેતન કહે જિન-ચંદો રે—
વાસુ૦ ૪
પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કર્મ ફલ ભાવિ રે;
જ્ઞાન કર્મ ફલ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે—
વાસુ૦ ૫
આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્ય લિંગી રે;
વસ્તુગતેં જે વસ્તુ પ્રકાશે, **આનંદઘન** મતસંગી રે—
વાસુ૦ ૬

## ૧૩. શ્રી વિમલનાથ જિન સ્તવન.

દુઃખ દોહગ્ગ દૂરે ટળ્યાં રે, સુખ-સંપદશું ભેટ
ધીંગ ધણી માથે કીયો રે, કુણ ગંજે નર-ખેટ ?

વિમલજિન! દીઠાં લોયણ આજ.
મારાં સિધ્યાં વાંછિત કાજ—વિમલ જિન૦ ૧

ચરણ કમલ કમલા વસે રે, નિર્મલ સ્થિર પદ દેખ;
સમલ અસ્થિર પદ પરિહરે રે, પંકજ પામર પેખ—
વિમલ જિન૦ ૨

મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદર ધરા રે, ઇન્દ્ર ચંદ્ર નાગેન્દ્ર—
વિમલ જિન૦ ૩

સાહિબ ! સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન વિશરામી વાલહો રે, આતમચો આધાર—
વિમલ જિન૦ ૪

દરિસણ દીઠે જિન તણું રે, સંશય ન રહે વેધ;
દિનકર કર ભર પસરતાં રે, અંધકાર પ્રતિષેધ—
વિમલ જિન૦ ૫

અમિય ભરી મુરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય—
વિમલ જિન૦ ૬

એક અરજ સેવક તણી રે, અવધારો જિન દેવ!
કૃપા કરી મુજ દીજિયે રે, **આનંદઘન** પદ સેવ—
વિમલ જિન૦ ૭

## ૧૪. શ્રી અનંતનાથ જિન સ્તવન.

ધાર તરવારની સોહિલી દોહિલી,
ચૌદમા જિનતણી ચરણ સેવા;
ધાર પર નાચતાં દેખ બાજીગરા,
સેવના ધાર પર રહે ન દેવા—ધાર૦ ૧

એક કહે "સેવિયે વિવિધ કિરિયા કરી,"
ફલ અનેકાંત લોચન ન દેખે;
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહે લેખે—ધાર૦ ૨

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં,
મોહ નડિયા કલિકાળ રાજે—ધાર૦ ૩

વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભળી આદરી કાંઈ રાચો—ધાર૦ ૪

દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે ?
કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરી,
છાર પર લીંપણુ તેહ જાણો—ધાર૦ ૫

પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો,
ધર્મ નહી કોઇ જગ સૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર પરીખો—ધાર૦ ૬

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,
નિયત આનંદઘન રાજપાવે—ધાર૦ ૭

## ૧૫. શ્રી ધર્મનાથ જિન સ્તવન

ધર્મ જિનેશ્વર! ગાઉં રંગશું,
ભંગ મ પડશો હો પ્રીત જિનેશ્વર!
બીજો મન મંદિર આણું નહિ,
એ અમ કુલવટ રીત જિનેશ્વર!—ધર્મ૦ ૧

ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે,
ધરમ ન જાણે હો મર્મ જિનેશ્વર!
ધરમ જિનેશ્વર-ચરણ ગ્રહ્યા પછી,
કોઇ ન બાંધે હો કર્મ જિનેશ્વર!—ધર્મ૦ ૨

પ્રવચન-અંજન જો સદ્ગુરુ કરે,
દેખે પરમ નિધાન જિનેશ્વર!
હૃદય-નયણ નિહાલે જગ ધણી,
મહિમા મેરુ સમાન જિનેશ્વર!—ધર્મ૦ ૩

દોડત દોડત દોડત દોડિયો,
જેતી મનની રે દોડ જિનેશ્વર!
પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી,
ગુરુગમ લેજો રે જોડ જિનેશ્વર!—ધર્મ૦ ૪

એક પખી કિમ પ્રીતિ પરવડે?
ઉભય મિલ્યા હોય સંધિ જિનેશ્વર!
હું રાગી હું મોહે ફંદિયો,
તું નીરાગી નિરબંધ જિનેશ્વર!—ધર્મ૦ ૫

પરમ નિધાન પ્રગટ મુખ આગલે,
જગત ઉલ્લંઘી હો જાય જિનેશ્વર!
જ્યોતિ વિના જુઓ જગદીશની,
અંધોઅંધ પુલાય જિનેશ્વર!—ધર્મ૦ ૬

નિર્મલ ગુણમણિ રોહણ ભૂધરા,
મુનિજન માનસ હંસ જિનેશ્વર!
ધન્ય તે નગરી, ધન્ય વેલા ઘડી,
માતા પિતા કુલ વંશ જિનેશ્વર!—ધર્મ૦ ૭

મન મધુકર વર કર જોડી કહે,
પદકજ નિકટ નિવાસ જિનેશ્વર!
ઘનનામી આનંદઘન! સાંભળો,
એ સેવક અરદાસ જિનેશ્વર!—ધર્મ૦ ૮

## ૧૬. શ્રી શાંતિનાથ જિન સ્તવન

શાંતિજિન! એક મુજ વિનતિ, સુણો ત્રિભુવનરાય! રે;
શાંતિ સ્વરૂપ કેમ જાણીએ, કહો મન કિમ પરખાય રે.
—શાંતિ૦ ૧

ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાષ રે.
—શાંતિ૦ ૨

ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તેમ અવિતથ સદ્દહે, પ્રથમ એ શાંતિ પદ સેવ રે.
—શાંતિ૦ ૩

આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવાધાર રે—શાંતિ૦ ૪

શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાળ રે;
તામસી-વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્વિક સાલ રે
—શાંતિ૦ ૫

ફલ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધિ રે;
સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવ સાધન સંધિ રે.
—શાંતિ૦ ૬

વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધ રે.
—શાંતિ૦ ૭

દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;
જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે, ધરે મુગતિ નિદાન રે.
—શાંતિ૦ ૮

માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે, ઇસ્યો હોય તું જાણ રે.
—શાંતિ૦ ૯

સર્વ જગ જંતુને સમ ગણે, ગણે તૃણ મણિ ભાવ રે;
મુક્તિ સંસાર બિંહુ સમગણે, મુણે ભવજલનિધિ નાવ રે;
—શાંતિ૦ ૧૦

આપણો આતમ ભાવ જે, એક ચેતના ધાર રે;
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે.
—શાંતિ૦ ૧૧

પ્રભુમુખથી એમ સાંભલી, કહે આતમરામ રે;
તાહરે દરિસણે નિસ્તર્યો, મુજ સિધ્યાં સવિ કામ રે.
—શાંતિ૦ ૧૨

અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિત ફલ દાન દાતારની, જેહને ભેટ થઈ તુજ રે.
શાંતિ૦ ૧૩

શાંતિ સ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ-પર રૂપ રે;
આગમ માંહે વિસ્તાર ઘણો, કહ્યો **શાંતિજિન** ભૂપ રે.
—શાંતિ૦ ૧૪

શાંતિ સ્વરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
**આનંદઘન** પદ પામશે, તે લહેશે બહુમાન રે.
—શાંતિ૦ ૧૫

## ૧૭. શ્રી કુંથુનાથ જિન સ્તવન.

મનડું કિમહિ ન બાજે? હો કુંથુજિન!
મનડું કિમહિ ન બાજે?
જેમ જેમ જતન કરીને રાખું,
તેમ તેમ અળગું ભાજે—હો કુંથુજિન૦ ૧

રજની-વાસર-વસતી-ઉજડ, ગયણ-પાયાલે જાય;
સાપ ખાય ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય—
હો કુંથુજિન૦ ૨

મુગતિતણા અભિલાષી તપીયા, જ્ઞાન-ધ્યાન વૈરાગે;
વૈરીડું કાંઇ એહવું ચિંતે, નાખે અવળે પાસે—
હો કુંથુજિન૦ ૩

આગમ આગમ ધરને હાથે, નાવે કિણવિધ આંકું;
કિહાં કણે જો હઠ કરી હઠકું, તો વ્યાલતણી પરે વાંકું
—હો કુંથુજિન૦ ૪

જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાહિં;
સર્વ માંહે ને સહુથી અલગું, એ અચરિજ મન માંહિ—
હો કુંથુજિન૦ ૫

જે જે કહું તે કાન ન ધારે, આપ-મતે રહે કાલો;
સુર-નર-પંડિત જન સમજાવે, સમજે ન માહરો સાલો—
હો કુંથુજિન૦ ૬

મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે—
હો કુંથુજિન૦ ૭

મન સાધ્યું તેણે સઘલું સાધ્યું, એહ વાત નહીં ખોટી;
એમ કહે "સાધ્યું" તે નવિ માનું, એક હી વાત છે મોટી—
હો કુંથુજિન૦ ૮

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું;
**આનંદઘન** પ્રભુ ! માહરું આણો, તો સાચું કરી જાણું—
હો કુંથુજિન૦ ૯

## શ્રી અરનાથ જિન સ્તવન.

ધરમ પરમ અરનાથનો, કેમ જાણું ભગવંત રે;
સ્વ–પર સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે—ધ૦ ૧
શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે;
પર પડિ છાંયડી જે પડે, તે પર સમય નિવાસ રે—ધ૦ ૨
તારા નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ મોઝાર રે;
દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે—ધ૦ ૩
ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;
પર્યાય દૃષ્ટિ ન દીજીયે, એક જ કનક અભંગ રે—ધ૦ ૪
દર્શન જ્ઞાન ચરણ થકી, અલખ સ્વરૂપ અનેક રે;
નિર્વિકલ્પ–રસ પીજિયે, શુદ્ધ નિરંજન એક રે—ધ૦ ૫
પરમારથ પંથ જે કહે, તે રંજે એક–તંત રે;
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે—ધ૦ ૬
વ્યવહારે લખ દોહિલો, કાંઈ ન આવે હાથ રે;
શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા–સાથ રે—ધ૦ ૭
એક–પખી લખ પ્રીતની, તુમ સાથે **જગનાથ** ? રે;
કૃપા કરીને રાખજો, ચરણતલે ગ્રહી હાથ રે—ધ૦ ૮
ચક્રી ધરમ તીરથ તણો, તીરથ ફલ તત્ત્વસાર રે;
તીરથ સેવે તે લહે, **આનંદઘન** નિરધાર રે—ધ૦ ૯

## ૧૯. શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

સેવક કિમ અવગણીએ ? હો મલ્લિજિન! એ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીએ, તેહને મૂલ નિવારી હો–મ૦ ૧

જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તમે તાણી;
જુઓ અજ્ઞાન દશા રીસાવી, જાતાં કાણ ન આણી હો–મ૦ ૨

નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરીય અવસ્થા આવી;
નિદ્રા સુપન દશા રીસાણી, જાણી ન નાથ ! મનાવી હો–મ૦ ૩

સમકિત સાથે સગાઈ કીધી, સપરિવાર શું ગાઢી
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી હો–મ૦ ૪

હાસ્ય અરતિ રતિ શોક દુગંછા, ભય પામર કરસાલી;
નોકષાય શ્રેણિ ગજ ચઢતાં, શ્વાન તણી ગતિ ઝાલી–હો મ૦ ૫

રાગ દ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણ મોહના યોધા;
વીતરાગ–પરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા બોધા હો–મ૦ ૬

વેદોદય કામા પરિણામા, કામ્ય કર્મ સહુ ત્યાગી;
નિઃકામી કરુણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી–હો મ૦ ૭

દાન વિઘન વારી સહુ જનને, અભયદાન પદ દાતા;
લાભ વિઘન જગ વિઘન નિવારક,
પરમલાભ રસ માતા–હો મ૦ ૮

વીર્ય વિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી,
પૂરણ ભોગ સુભોગી–હો મ૦ ૯

એ અઢાર દૂષણ વરજિત તનુ, મુનિજન વૃંદે ગાયા,
અવિરતિ-રૂપક દોષ નિરૂપણ,નિર્દૂષણ મન ભાયા-હો મ૦ ૧૦
ઈણ વિધ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે;
દીન બંધુની મહેર નજરથી,**આનંદઘન** પદ પાવે-હો મ૦ ૧૧

## ૨૦ શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

**શ્રી-મુનિસુવ્રત** જિનરાય! એક મુજ વિનતિ નિસુણો,
આત્મતત્ત્વ કયું જાણું ? જગત્ ગુરૂ ! એહ વિચાર મુજ કહિયો;
આત્મતત્ત્વ જાણ્યા વિણ નિર્મળ, ચિત્ત સમાધિ નવિ લહિયો.
—શ્રી મુનિ૦ ૧

કોઈ અબંધ આત્મતત્ત્વ માને, કિરિયા કરતો દીસે;
"કિરિયા તણું ફલ કહો કુણ ભોગવે," ? ઈમ પૂછયું ચિત્ત રીસે
—શ્રી મુનિ૦ ૨

જડ ચેતન એ આતમ એકજ, સ્થાવર જંગમ સરિખો;
સુખ દુઃખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરીખો-શ્રી. ૩

એક કહે "નિત્ય જ આતમ તત્ત," આતમ દરિશણ લીનો;
કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિ હીણો-શ્રી. ૪

સૌગત મત રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ મોક્ષ સુખ દુઃખ નવિ ઘટે,એહ વિચાર મન આણો-શ્રી. ૫

ભૂત ચતુષ્ક વર્જિત આતમ તત્ત, સત્તા અલગી ન ઘટે,
અંધ શકટ જો નજરે ન દેખે, તો શું કીજે શકટે ?-શ્રી. ૬

એમ અનેક વાદિ મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્ત સમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત કોઈ ન કહે-શ્રી. ૭

વળતું જગગુરુ એણી પરે ભાખે, પક્ષપાત સબ છંડી;
રાગ દ્વેષ મોહ પખ વર્જિત, આતમ શું રઢ મંડી–શ્રી. ૮

આતમ ધ્યાન કરે જે કોઉ, સો ફિર ઈણમેં નાવે;
વાગૂજાળ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત આવે–શ્રી. ૯

જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તત્ત્વજ્ઞાની કહિયે;
**શ્રીમુનિસુવ્રત** કૃપા કરો તો, **આનંદઘન** પદ લહિયે–શ્રી. ૧૦

## ૨૧. શ્રીનમિનાથ જિન સ્તવન.

ષડ્ દરિસણ જિન–અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે;
**નમિ** જિનવરના ચરણ ઉપાસક, ષડ્ દરિસણ આરાધે રે
ષડ૦ ૧

જિન સુરપાદપ પાય વખાણું; **સાંખ્યયોગ** દોય ભેદે રે;
આતમ સત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે.
—ષડ૦ ૨

ભેદ અભેદ **સુગત મિમાંસક**, જિનવર દોયકર ભારી રે;
લોકાલોક અવલંબન ભજિયે, ગુરુગમથી અવધારી રે.
—ષડ૦ ૩

**લોકાયતિક** કૂખ જિનવરની, અંશ વિચારી જો કીજે રે;
તત્ત્વ વિચાર સુધારસ ધારા, ગુરુગમ વિણ કિમ પીજે રે.
—ષડ૦ ૪

**જૈન** જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;
અક્ષર–ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે.
—ષડ૦ ૫

જિનવરમાં સઘળાં દર્શન છે, દર્શને જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે.
—ષડ૦ ૬

જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિન–વર હોવે રે;
ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે.
—ષડ૦ ૭

ચૂર્ણિ, ભાષ્ય, સૂત્ર, નિર્યુક્તિ, વૃત્તિ, પરંપર, અનુભવે રે;
**સમય પુરુષના** અંગ કહ્યાં એ, જે છેદે, તે દુરભવ્ય રે.
—ષડ૦ ૮

મુદ્રા, બીજ, ધારણા, અક્ષર, ન્યાસ, અર્થ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવિ વંચી જે, **ક્રિયા અવંચક** ભોગે રે.
ષડ૦ ૯

શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથાવિધ ન મિલે રે;
કિરિયા કરી નવિ સાધી શકીયે, એ વિષવાદ ચિત્ત સઘલે રે.
—ષડ૦ ૧૦

તે માટે ઉભા કર જોડી, જિનવર આગળ કહિએ રે;
**સમય** ચરણ સેવા શુદ્ધ દેજો, જિમ **આનંદઘન** લહિયે રે.
—ષડ૦ ૧૧

## ૨૨. શ્રી નેમિનાથ જિન સ્તવન.

અષ્ટ ભવાંતર વાલહો રે ! તું મુજ આતમરામ, મનરાવાલા !
મુગતિ નારી શું આપણે રે, સગપણ કોઈ ન કામ મ૦ ૧

ઘર આવો હો વાલમ! ઘર આવો,
મારી આશાના વિશરામ!—મન૦
રથ ફેરો, હો સાજન! રથ ફેરો,
સાજન! માહરા મનોરથ સાથ—મન૦ ૨

"નારી પખો શ્યો નેહલો રે?" વાલા!
સાચ કહે જગનાથ!—મન૦
ઈશ્વર અરધાંગે ધરી રે, વાલા!
તું મુજ ઝાલે ન હાથ—મન૦ ૩

પશુજનની કરુણા કરી રે, વાલા! આણી હૃદય મઝાર–મન૦
માણુસની કરુણા નહિં રે, વાલા!
એ કુણ ઘર આચાર? મન૦ ૪

પ્રેમકલ્પતરુ છેદીયો રે, વાલા! ધરીયો યોગ ધતુર–મન૦
ચતુરાઈરો કુણ કહો રે, વાલા!
ગુરુ મિલિઓ જગસૂર?—મન૦ ૫

માહરું તો એમાં કશું નહિ રે, વાલા!
આપ વિચારો રાજ! મન૦
રાજસભામાં બેસતાં રે, વાલા!
કીસડી વધશે લાજ?—મન૦ ૬

પ્રેમ કરે જગજન સહુ રે, વાલા! નિરવાહે તે ઓર–મન૦
પ્રીત કરીને છાંડી દે રે, વાલા!
તેહશું ચાલે ન જોર—મન૦ ૭

જો મનમાં એહવું હતું રે, વાલા !
નિસપત કરત ન જાણુ–મન૦
નિસપતિ કરીને છાંડતાં રે, વાલા !
માણુસ હુવે નુકશાન—મન૦ ૮
દેતાં દાન સંવત્સરી રે, વાલા !
સહુ લહે વાંછિત પોષ–મન૦
સેવક વાંછિત નવિ લહે રે, વાલા !
તે સેવકનો દોષ ?—મન૦ ૯
સખી કહે "એ સામળો" રે, વાલા !
હું કહું "લક્ષણ સેત"–મન૦
ઈણ લક્ષણ સાચી સખી રે, વાલા !
આપ વિચારો હેત—મન૦ ૧૦
રાગીશું રાગી સહુ રે, વાલા !
વૈરાગીથી શો રાગ ?–મન૦
રાગ વિના કિમ દાખવો રે, વાલા !
મુગતિ સુંદરી માગ ?—મન૦ ૧૧
એક ગુહ્ય ઘટતું નથી રે, વાલા !
સઘલોઈ જાણે લોગ–મન૦
અનેકાંતિક ભોગવો રે, વાલા
બ્રહ્મચારી ગત રોગ—મન૦ ૧૨
જિણ જોગે તુજને જોઉં રે, વાલા !
તિણ જોગે જુવો રાજ !–મન૦

એકવાર મુજને જુવો રે, વાલા!
તો સીઝે મુજ કાજ—મન૦ ૧૩
મોહ દશા ધરી ભાવતાં રે, વાલા!
ચિત્ત ન લહે તત્ત્વ વિચાર—મન૦
વીતરાગતા આદરી રે, વાલા!
પ્રાણનાથ! નિરધાર—મન૦ ૧૪
સેવક પણ તે આદરે રે, વાલા!
તો રહે સેવક મામ—મન૦
આશય સાથે ચાલીયે રે, વાલા!
એહિજ રૂડું કામ—મન૦ ૧૫
ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, વાલા!
**નેમિનાથ** ભરતાર—મન૦
ધારણ પોષણ તારણો રે, વાલા!
નવરસ મુગતાહાર—મન૦ ૧૬
કારણ રૂપી પ્રભુ ભજ્યો રે વાલા!
ગણ્યો ન કાજ અકાજ—મન૦
કૃપા કરી પ્રભુ દીજીયે રે, વાલા!
**આનંદઘન** પદરાજ—મન૦ ૧૭

## ૨૩. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

ધ્રુવપદ રામી! હો સ્વામી! માહરા,
નિષ્કામી! ગુણરાય! સુજ્ઞાની;
નિજ ગુણ કામી હો પામી તું ધણી,
ધ્રુવ આરામી હો થાય સુજ્ઞાની૦—૧

સર્વ વ્યાપી કહે સર્વ જાણગપણે,
પર પરિણમન સ્વરૂપ સુજ્ઞાની;
પર-રૂપે કરી તત્ત્વપણું નહી,
સ્વસત્તા ચિદ્રૂપ સુજ્ઞાની૦ ૨
જ્ઞેય અનેકે હો જ્ઞાન-અનેકતા,
જલભાજન રવિ જેમ સુજ્ઞાની;
દ્રવ્ય-એકત્વપણે ગુણ એકતા,
નિજપદ રમતા હો ખેમ સુજ્ઞાની૦ ૩
પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન સુજ્ઞાની;
"અસ્તિપણું નિજ ક્ષેત્રે" તુમે કહ્યો,
નિર્મલતા ગુમાન ! સુજ્ઞાની૦ ૪
જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ, કાળ પ્રમાણે રે થાય સુજ્ઞાની;
સ્વ-કાળે કરી સ્વ-સત્તા સદા, તે પર રીતે ન જાય સુજ્ઞાની૦ ૫
પરભાવે કરી પરતા પામતાં, સ્વસત્તા થિર ઠાણ સુજ્ઞાની;
આત્મ ચતુષ્કમયી પરમાં નહીં,
તો કિમ સહુનો રે જાણ સુજ્ઞાની૦ ૬
અગુરૂ લઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત સુજ્ઞાની;
સાધારણ ગુણની સાધર્મ્યતા,
દર્પણ જલને દૃષ્ટાંત-સુજ્ઞાની૦ ૭
શ્રી પારસ જિન પારસ રસ સમો,
પણ ઈહાં પારસ નાહીં સુજ્ઞાની;
પૂરણ રસીયો હો નિજ ગુણ પરસનો,
**આનંદઘન** મુજમાંહી-સુજ્ઞાની૦ ૮

## ૨૪. શ્રી મહાવીર-વર્ધમાન જિન સ્તવન.

વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે;
મિથ્યા મોહ તિમિર ભય ભાગુ, જિત નગારૂ વાગ્યું રે વી. ૧

છઉમત્થ વીર્ય લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે;
સૂક્ષ્મ સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે વી. ૨

અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખ્યે, યોગ અસંખિત કંખે રે;
પુદ્ગલ ગણુ તેણે લે સુવિશેષે, યથાશક્તિ મતિ લેખે રે વી. ૩

ઉત્કૃષ્ટે વીર્ય નિવેશે, યોગક્રિયા નવિ પેસે રે;
યોગતણી ધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે વી. ૪

કામ વીર્ય વશે જિમ ભોગી, તિમ આતમ થયો ભોગી રે;
શૂરપણે આતમ ઉપયોગી, થાય તેહ અયોગી રે વી. ૫

"વીરપણું તે આતમ ઠાણે", જાણ્યું તુમચી વાણ્યે રે;
ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે વી. ૬

આલંબન સાધન જે ત્યાગે, પરપરિણતિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગ્યે, **આનંદઘન** પ્રભુ જાગે રે વી. ૭

# ઉપા૦ શ્રી યશોવિજયજી વિરચિત

## ચોવીશી.

### ૧. શ્રી ઋષભદેવ જિન સ્તવન.

જગજીવન જગ વાલહો, મરૂદેવીનો નંદ લાલરે;
 મુખ દીઠે સુખ ઉપજે,
  દરિશન અતિહિ આનંદ લાલ રે–જગ. ૧

આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલરે;
 વદન તે શારદ ચંદલો,
  વાણી અતિહિ રસાળ લાલ રે—જગ. ૨

લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે;
 રેખા કર ચરણાદિકે,
  અભ્યંતર નહિ પાર લાલ રે—જગ. ૩

ઈંદ્ર ચંદ્ર રવિ ગિરિતણા, ગુણ લહી ઘડીયું અંગ લાલ રે;
 ભાગ્ય કિહાં થકી આવીયું,
  અચરિજ એહ ઉત્તંગ લાલ રે—જગ. ૪

ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે;
 વાચક **યશવિજયે** થુણ્યો,
  દેજો સુખનો પોષ લાલ રે—જગ. ૫

## ૨. શ્રી અજિતનાથ જિન સ્તવન.

**અજિત** જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ;
માલતી ફૂલે મોહિયો, કિમ બેસે હો બાવળતરુ ભૃંગ–અ. ૧

ગંગાજળમાં જે રમ્યા, કિમ છીલર હો રતિ પામે મરાળ;
સરોવર જળધર જળ વિના, નવિ ચાહે હો જગ ચાતક બાળ
—અજિત. ૨

કોકિલ કલકૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર;
ઓછાં તરુવર નવિ ગમે, ગિરુઆશું હો હોયે ગુણનો પ્યાર
—અજિત. ૩

કમલિની દિનકર કર ગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત;
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત
અજિત. ૪

તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાય;
શ્રી નયવિજય વિબુધતણો, વાચક **યશ** હો નિત નિત ગુણ ગાય
—અજિત. ૫

## ૩. શ્રી સંભવનાથ જિન સ્તવન.

**સંભવ** જિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે;
ખામી નહિ મુજ ખીજમતે, કદીય હોશો ફળદાતા રે–સં. ૧

કરજોડી ઉભો રહું; રાત દિવસ તુમ ધ્યાને રે;
જો મનમાં આણો નહિ, તો શું કહીએ થાને રે–સં. ૨

ખોટ ખજાને કો નહિ, દીજીએ વાંછિત દાનોરે;
કરુણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનોરે–સં. ૩
કાળલબ્ધિ મુજ મતિ ગણો, ભાવલબ્ધિ તુમ હાથેરે
લડથડતું પણ ગજ બચ્ચું, ગાજે ગયવર સાથેરે–સં. ૪
દેશો તો તુમહિ ભલું, બીજા તો નવિ જાચું રે;
**વાચક યશ** કહે સાંઈશું, ફળશે એ મુજ સાચું રે–સં. ૫

## ૪. શ્રી અભિનંદન જિન સ્તવન.

દીઠી હો પ્રભુ! દીઠી જગગુરુ તુજ,
મૂરતિ હો પ્રભુ! મૂરતિ મોહન વેલડીજી;
મીઠી હો પ્રભુ! મીઠી તાહરી વાણ,
લાગે હો પ્રભુ! લાગે જેસી સેલડીજી. ૧
જાણું હો પ્રભુ! જાણું જન્મ કયત્થ,
જો હું હો પ્રભુ! જો હું તુમ સાથે મિલ્યોજી;
સુરમણિ હો પ્રભુ! સુરમણિ પામ્યો હત્થ,
આંગણે હો પ્રભુ! આંગણે મુજ સુરતરુ ફળ્યોજી. ૨
જાગ્યા હો પ્રભુ! જાગ્યા પુણ્ય અંકુર.
માગ્યા હો પ્રભુ મુહ માગ્યા પાસા ઢળ્યાજી;
વૂઠ્યા હો પ્રભુ! વૂઠ્યા અમીરસ મેહ,
નાઠા હો પ્રભુ! નાઠા અશુભ શુભ દિન વળ્યાજી. ૩
ભૂખ્યા હો પ્રભુ! ભૂખ્યા મળ્યા ઘતપૂર.
તરશ્યા હો પ્રભુ! તરશ્યા દિવ્ય ઉદક મિલ્યાંજી;
થાકયા હો પ્રભુ! થાકયા મળ્યા સુખપાલ,
ચાહતાં હો પ્રભુ! ચાહતાં સજજન હેજે હળ્યાજી. ૪

દીવો હો પ્રભુ ! દીવો નિશા વન ગેહ,
સાખી હો પ્રભુ ! સાખી થળે જળ નૌ મળીજી;
કલિયુગે હો પ્રભુ ! કલિયુગે દુલ્લહો તુજ,
દરિશન હો પ્રભુ ! દરિશન લહ્યું આશા ફળીજી. ૫
વાચક હો પ્રભુ ! વાચક **યશ** તુમ દાસ,
વિનવે હો પ્રભુ ! વિનવે અભિનંદન સુણોજી;
કહીએ હો પ્રભુ ! કહીએ મ દેશો છેહ,
દેજો હો પ્રભુ ! દેજો સુખ દરિશન તણોજી. ૬

## ૫. શ્રી સુમતિનાથ જિન સ્તવન

**સુમતિનાથ** ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલબિંદુ જેમ વિસ્તરેજી, જળમાંહે ભલી રીતિ,
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ. ૧
સજ્જનશું જે પ્રીતડીજી. છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરીતણોજી, મહીમાંહે મહકાય–સોભાગી. ૨
આંગળીએ નવિ મેરૂ ઢંકાએ, છાબડીએ રવિતેજ;
અંજળિમાં જિમ ગંગ ન માએ,
મુજ મન તીમ પ્રભુ હેજ–સોભાગી. ૩
હુઓ છીપે નહિ અધર અરૂણ જીમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભરભર પ્રભુ ગુણ પ્યાલા,
તીમ મુજ પ્રેમ અભંગ–સોભાગી. ૪
ઢાંકી ઈક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;
વાચક **યશ** કહે પ્રભુતણોજી,
તીમ મુજ પ્રેમપ્રકાર–સોભાગી. ૫

## ૬. શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

**પદ્મપ્રભ** જિન જઈ અળગા રહ્યા, જિહાંથી નાવે લેખોજી;
કાગળ ને મસી તિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી.
સુગુણ! સનેહારે! કદી ય ન વિસરે. ૧
ઇહાંથી તિહાં જઈ કોઈ આવે નહિ, જેહ કહે સંદેશોજી;
જેહનું મિલવું દોહીલું તેહશું, નેહ તે આપ કિલેશોજી
—સુગુણ૦ ૨.
વીતરાગશું રે રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી;
ઘોડો દોડે રે સાહેબ વાજમાં, મન નાણે અસવારોજી
—સુગુણ૦ ૨
સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો,
રસ હોય તિહાં દોય રીઝેજી;
હોડાહોડે રે બીહું રસ રીઝથી, મનના મનોરથ સીઝેજી
—સુગુણ૦ ૪
પણ ગુણવંતારે ગોઠે ગાજીએ, મહોટા તે વિશ્રામજી;
વાચક **યશ** કહે એહ જ આશરે સુખ લહું ઠામોઠામજી
—સુગુણ૦ ૫

## ૭. શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

શ્રી સુપાસ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજી;
આજ હો છાજે રે ઠકુરાઈ, પ્રભુ તુજ પદ તણીજી. ૧
દિવ્યધ્વનિ સુર ફૂલ, ચામર છત્ર અમૂલ;
આજ હો રાજે રે ભામંડલ, ગાજે દુંદુભિજી. ૨
અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગિયાર;
આજ હો કીધારે ઓગણીશે, સુર ગુણ ભાસુરેજી. ૩

વાણી ગુણ પાંત્રીશ, પ્રાતિહારજ જગદીશ;
આજ હો રાજે રે દીવાજે, છાજે આઠશુંજી. ૪
સિંહાસન અશોક બેઠા મોહે લોક;
આજ હો સ્વામિ રે શિવગામી, વાચક યશ થુણ્યોજી. ૫

## ૮. શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

**ચંદ્રપ્રભ** જિન સાહિબારે, તુમ છો ચતુર સુજાણ,
—મનના માન્યા.
સેવા જાણો દાસનીરે, દેશો પદ નિર્વાણ, મનના માન્યા.
આવો આવો રે ચતુર સુખભોગી,
કીજે વાત એકાંત અભોગી;
ગુણ ગોઠે પ્રકટે પ્રેમ--મનના માન્યા૦ ૧
ઓછું અધિકું પણ કહેરે, આસંગાયત જેહ, મન૦
આપે ફળ જે અણુકહેરે, ગિરુઓ સાહેબ તેહ મન૦
આવો૦ કીજે૦ ગુણ૦ ૨
દીન કહ્યા વિણ દાનથીરે, દાતાની વાધે મામ, મન૦
જળ દીએ ચાતક ખીજવીરે, મેઘ હુઓ તીણે શ્યામ,
મન૦ આવો૦ કીજે૦ ગુણ૦ ૩
પીઉ પીઉ કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ, મન૦
એક લહેરમાં દુઃખ હરોરે, વાધે બમણો નેહ, મન૦
આવો૦ કીજે૦ ગુણ૦ ૪
મોડું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય! મન૦
વાચક યશ કહે જગધણી રે તુમ તૂઠે સુખ થાય, મન૦
આવો૦ કીજે૦ ગુણ૦ ૫

## ૯. શ્રી સુવિધિનાથ જિન સ્તવન

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે,
જગગુરુ તુમને દીલમાં લાવું રે;
કુણને એ દીજે શાબાશી રે,
કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસી રે૦ ૧
મુજ મન અણુમાંહે ભક્તિ છે ઝાઝી રે,
તેહ દરીનો તું છે માજી રે;
યોગી પણ જે વાત ન જાણે રે,
તેહ અચરિજ કુણથી હુઓ ટાણે રે૦ ૨
અથવા થિરમાંહી અથિર ન માવે રે,
મ્હોટો ગજ દર્પણમાં આવે રે;
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે એ શાબાશી રે૦ ૩
ઊર્ધ્વ મૂળ તરુઅર શાખા રે, છંદ પુરાણે એહવી ભાખા રે;
અચરિજ વાળે અચરિજ કીધું રે, ભકતે સેવક કારજ સીધું રે૦ ૪
લાડ કરી જે બાળક બોલે રે,
માત પિતા અમીયને તોલે રે;
શ્રી નય વિજય વિબુધનો શિષ્યો રે,
યશ કહે ઈમ જાણો જગદીશો રે૦ ૫

## ૧૦. શ્રી શીતલનાથ જિન સ્તવન

શ્રી શીતલજિન ભેટીએ, કરી ભકતે ચોકખું ચિત્ત હો;
તેહથી કહો છાનું કીશ્યું, જેહને સોંપ્યાં તન મન વિત્ત હો
શ્રી શીતલ૦ ૧

દાયક નામે છે ઘણા, પણ તું સાયર તે કૂપ હો;
તે બહુ ખજવા તગતગે, તું દિનકર તેજ સ્વરૂપ હો
શ્રી શીતલ૦ ૨

મ્હોટો જાણી આદર્યો, દારિદ્રય ભાંજો જગતાત હો;
તું કરુણાવંત શિરોમણિ, હું કરુણાપાત્ર વિખ્યાત હો
--શ્રી શીતલ૦ ૩

અંતર જામી સવિ લહો, અમ મનની જે છે વાત હો;
મા આગળ મોસાળના, શા વરણવવા અવદાત હો
--શ્રી શીતલ૦ ૪

જાણો તો તાણો કીશ્યું, સેવાફળ દીજે દેવ હો;
વાચક યશ કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો
--શ્રી શીતલ૦ ૫

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન

તુમે બહુમિત્રી રે સાહેબા, મારે તો મન એક;
તુમ વિના બીજો રે નવિ ગમે, એ મુજ મહોટી રે ટેક
--શ્રી શ્રેયાંસ કૃપા કરો૦ ૧

મન રાખો તુમે સવિ તણાં, પણ કીહાં એક મળી જાઓ;
લલચાવો લખ લોકને, સાથી સહજ ન થાઓ--શ્રી શ્રે૦ ૨
રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ;
ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઈ ન પામે રે તાગ-શ્રી શ્રે૦ ૩
એહવા શું મન મેળવ્યું, કેળવ્યું પહેલાં ન કાંઈ;
સેવક નિપટ અબુઝ છે, નિર્વહશો તુમે સાંઇ-શ્રી શ્રે૦ ૪

નિરાગીશું રે કિમ મિલે? પણ મળવાનો એકાંત!
વાચક યશ કહે મુજ મિલ્યો, ભકતે કામણુવંત–શ્રી શ્રે૦ ૫

## ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

સ્વામિ! તુમે કંઈ કામણ કીધું, ચિત્તડું હમારું ચોરી લીધું;
સાહેબા! વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા.
અમે પણ તુમશું કામણ કરશું, ભકતે ગ્રહી મન ઘરમાં ધરશું
—સાહેબા. ૧

મન ઘરમાં ધરીયા ઘર શોભા, દેખત નિત્ય રહેશો થિર શોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભકતે, યોગી ભાખે અનુભવ યુકતે–સા૦ ૨
કલેશે વાસિત મન સંસાર કલેશરહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા, પ્રભુ તો અમે નવનિધિ ઋદ્ધિ
પાવ્યા—સાહેબા૦ ૩

સાત રાજ અળગા જઇ બેઠા, પણ ભગતે અમ મનમાંહી પેઠા;
અળગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું
— સાહેબા૦ ૪

ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે,
ક્ષીર નીર પરે તુમશું મળશું, વાચક યશ કહે હેજે હળશું
—સાહેબા૦ ૫

## ૧૩. શ્રી વિમલનાથ જિન સ્તવન

સેવો ભવિયા વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન સંગાજી;
એવા પ્રભુનું દરિશન લેવું, તે આળસ માંહે ગંગાજી–સે૦ ૧
અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલોજી;
ભૂખ્યાને જેમ ઘેવર દેતાં, હાથ ન માંડે ઘેલોજી–સેવો૦ ૨

ભવ અનંતમાં દરિશન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ પંથ જે પોળીપોળીયા, કર્મવિવર ઉઘાડેજી-સેવો૦ ૩
તત્ત્વપ્રીતિકર પાણી પાએ, વિમલાલોકે આંજીજી;
લોયણ ગુરૂ પરમાન્ન દીએ તવ,ભ્રમ નાખે સવિ ભાંજીજી-સે. ૪
ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજી;
સરળતણે જે હઈડે આવે, તેહ જણાવે બોલીજી-સેવો૦ ૫
શ્રી નયવિજય વિબુધ પય સેવક,**વાચક યશ** કહે સાચુંજી;
કોડી કપટ જો કોઇ દિખાવે,તોહિ પ્રભુ વિણ નવિ રાચુંજી-સે.૬

## ૧૪. શ્રી અનંતનાથ જિન સ્તવન

શ્રી **અનંતજિનશું** કરો સાહેલડિયાં, ચોળ મજીઠનો રંગ રે,
—ગુણવેલડીયાં;
સાચો રંગ તે ધર્મનો, સાહેલડીયાં, બીજો રંગ પતંગ રે-ગુ. ૧
ધર્મરંગ જીરણ નહિ, સા૦ દેહ તે જીરણ થાય રે-ગુણ,
સોનું તે વિણસે નહિ, સા૦ ઘાટ ઘડામણ જાય રે-ગુણ૦ ૨
ત્રાંબું જે રસવેધીયું, સા૦ તે હોય જાચું હેમ રે;-ગુણ.
ફરી ત્રાંબુ તે નવિ હુએ, સા૦ એહવો જગગુરુ પ્રેમ રે-ગુણ૦ ૩
ઉત્તમ ગુણ અનુરાગથી. સા૦ લહીએ ઉત્તમ ઠામ રે;-ગુણ.
ઉત્તમ નિજ મહિમા વધે, સા૦ દીપે ઉત્તમ ધામ રે-ગુણ૦ ૪
ઉદકબિંદુ સાયર ભળ્યો,સા૦ જીમ હોય અખય અભંગ રે;ગુ૦
વાચક **યશ** કહે પ્રભુ ગુણે,સા૦ તિમ મુજ પ્રેમ પ્રસંગ રે;ગુ૦૫

## ૧૫ શ્રી ધર્મનાથ જિન સ્તવન

થાસું પ્રેમ બન્યો છે રાજ, નિર્વહશો તો લેખે,
મેં રાગી થેં છો નિરાગી, અણજુગતે હોય હાંસી;
એક પખો જે નેહ નિર્વહવો, તેમાં કી શાબાશી—થાસું૦ ૧

નિરાગી સેવે કાંઈ હોવે ? એમ મનમાં નવી આણું;
ફળે અચેતન પણ જેમ સુરમણિ,તિમ તુમ ભક્તિ પ્રમાણું.થા૦૨
ચંદન શીતળતા ઉપજાવે, અગ્નિ તે શીત મીટાવે;
સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે–થા૦ ૩
વ્યસન ઉદય જે જલધિ અનુહરે, શશિને તેહ સંબંધે;
અણુસંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે–થાસું૦ ૪
દેવ અનેરા તુમથી છોટા, થેં જગમાં અધિકેરા;
**યશ** કહે **ધર્મ** જિનેશ્વર થાસું, દિલ માન્યા હે મેરા–થા૦ ૫

## ૧૬. શ્રી શાન્તિનાથ જિન સ્તવન

ધન દિન વેળા, ધન ઘડી તેહ, અચિરારો નંદન જિન જદિ
—ભેટશુંજી;
લહીશુંરે સુખ, દેખી મુખચંદ, વિરહવ્યથાનાં દુઃખ સવિ–મે૦૧
જાણ્યો રે જેણે તુજ ગુણ લેશ,
બીજારે રસ તેહને મન નવિ ગમેજી;
ચાખ્યોરે જેણે અમી લવલેશ,
બાકસ બુકસ તસ ન રૂચે કિમેજી૦ ૨
તુમ સમકિત રસ સ્વાદનો જાણ,
પાપ કુભક્તે બહુ દિન સેવીયુંજી;
સેવે જો કર્મને જોગે તેહી,
વાંછે તે સમકિત અમૃત ધુરે લિખ્યુંજી૦ ૩
તાહરું ધ્યાન તે સમકિત રૂપ,તેહીજ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી;
તેહથી જાયે સઘળાં હો પાપ; ધ્યાતા ધ્યેયસ્વરૂપ હોયે પછેજી.૪

દેખીરે અદ્ભૂત તાહરું રૂપ, અચરિજ ભવિક અરૂપી પદ વરેજી;
તાહરી ગત તું જાણે હો દેવ,
સ્મરણ ભજન તે વાચક યશ કરેજી૦ ૫

## ૧૭. શ્રી કુંથુનાથ જિન સ્તવન

સાહેલાં હો કુંથુ જિનેશ્વર દેવ,
રત્નદીપક અતિ દીપતો હો લાલ;
સા૦ મુજ મન મંદિર માંહે,
આવે જો અરિબળ જીપતો હો લાલ૦ ૧
સા૦ મિટે તો મોહ અંધાર; અનુભવ તેજે ઝળહળે હો લાલ;
સા૦ ધુમકષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવિ ચલે હો લાલ. ૨
સા૦ પાત્ર કરે નહિ હેઠ, સૂરજ તેજે નવિ છીપે હો લાલ.
સા૦ સર્વ તેજનું તેજ, પહેલાંથી વાધે પછે હો લાલ૦ ૩
સા૦ જેહ ન અમીરને ગમ્ય, ચંચળતા જે નવિ લહે હો લાલ;
સા૦ જેહ સદા છે રમ્ય, પૃષ્ઠ ગુણે નવિ કૃશ રહે હો લાલ. ૪
સા૦ પુદ્ગલ તેલ ન ખેય, જેહ ન શુદ્ધ દશા દહે હો લાલ;
સા૦ શ્રી નયવિજય સુશિષ્ય,
વાચક યશ ઇણિપરે કહે હો લાલ૦ ૫

## ૧૮. શ્રી અરનાથ જિન સ્તવન

શ્રી અરજિન ભવજલનો તારૂ, મુજ મન લાગે વારૂ રે
મનમોહન સ્વામી;
બાંહ્ય ગ્રહી ભવિજનને તારે, આણે શિવપુર આરે રે–મન૦ ૧
તપ જપ મોહ મહાતોફાને, નાવ ન ચાલે માને રે મન૦
પણ નવિ ભય મુજ હાથોહાથે, તારે તે છે સાથે રે–મન૦ ૨

ભક્તને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફળ દેઇ રે. મન૦
કાયાકષ્ટ વિના ફળ લહીએ, મનમાં ધ્યાન ધરેઇ રે-મન૦ ૩
જે ઉપાય બહુવિધની રચના, યોગમાયા તે જાણો રે,-મન૦
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને,
શિવ દીએ પ્રભુ સપરાણો રે. મન૦ ૪
પ્રભુપદ વળગ્યા તે રહ્યા તાજા,
અળગા અંગ ન સાજા રે. મન૦
વાચક **યશ** કહે અવર ન ધ્યાઉં,
એ પ્રભુના ગુણ ગાઉં રે મન૦ ૫

## ૧૯. શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

તુજ મુજ રીઝની રીઝ, અટપટ એહ ખરીરી;
લટપટ નાવે કામ, ખટપટ ભાંજ પરીરી. ૧
**મલ્લિનાથ** તુજ રીઝ, જન રીઝે ન હુએરી;
દોય રીઝણનો ઉપાય, સામું કાં ન જુએરી. ૨
દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શશિરી;
એક દુહવા એ ગાઢ, એક જો બોલે હસીરી. ૩
લોક લોકોત્તર વાત, રીઝ છે દોય જૂઇરી;
તાત ચક્ર ધૂર પૂજ્ય, ચિંતા એહ હુઈરી. ૪
રીઝવવો એ સાંઈ, લોક તે વાત કરેરી;
શ્રી નયવિજય સુશિષ્ય, એહી જ ચિત્ત ધરેરી. ૫

## ૨૦. શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

**મુનિસુવ્રત** જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાય રે;
વદન અનોપમ નિરખતાં, મારાં ભવભવનાં દુઃખ જાય રે,

મારાં ભવભવનાં દુઃખ જાય, જગતગુરુ જાગતો સુખકંદ રે.
સુખકંદ અમંદ આણંદ, પરમગુરુ દીપતો સુખકંદ રે. ૧
નિશદિન સુતાં જાગતાં, હઇડાથી ન રહે દૂર રે;
જબ ઉપકાર સંભારીએ, તવ ઉપજે આનંદ પૂરરે-ત૦જ૦ સુ.૨
પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાય રે;
ગુણ ગુણ અનુબંધી હુઆ,
તે તો અક્ષયભાવ કહાય રે—તે૦ જ૦ સુ૦ ૩
અક્ષયપદ દીજે પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપ રે;
અક્ષર સ્વર ગોચર નહિ,
એતો અકળ અમાપ્ય અરૂપ રે—એ૦ જ૦ સુ૦ ૪
અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લિખાય રે;
વાચક **યશ** કહે પ્રેમથી,
પણ મનમાંહે પરખાય રે—પ૦ જ૦ સુ૦ ૫

## ૨૧. શ્રી નમિનાથ જિન સ્તવન.

શ્રી **નમિજિનની** સેવા કરતાં,
અલિય વિઘન સવિ દૂરે નાસેજી;
અષ્ટ મહાસિદ્ધિ નવવિધિ લીલા,
આવે બહુ મહમૂર પાસેજી—શ્રી૦ ૧
મયમત્તા અંગણ ગય ગાજે, રાજે તેજી તુખાર તે ચંગાજી;
બેટા બેટી બંધવ જોડી, લહીએ બહુ અધિકાર રંગાજી—શ્રી૦ ૨
વલ્લભ સંગમ રંગ લહીજે, અણવાલહા હોય દૂર સહેજે જી;
વાંછા તણો વિલંબ ન દૂજો, કારજ સીઝે ભૂરી લહેજેજી—શ્રી૦ ૩

ચંદ્રકીરણ ઉજ્જવલ યશ ઉલસે, સૂરજ તુલ્ય પ્રતાપી દીપેજી;
જે પ્રભુભક્તિ કરે નિત્ય વિનયે,
અરિયણ બહુપ્રતાપે ઝીપેજી-શ્રી૦ ૪
મંગલમાલા લચ્છિ વિશાલા, બાલા બહુલે પ્રેમ રંગેજી;
શ્રી નયવિજય વિબુધ પયસેવક,
કહે લહીએ સુખ પ્રેમ અંગેજી- શ્રી૦ ૫

## ૨૨. શ્રી નેમિનાથ જિન સ્તવન.

તોરણ આવી રથ ફેરી ગયારે હાં,
પશુઆં દેઇ દોષ, મેરે વાલમા;
નવ ભવ નેહ નિવારીયો રે હાં,
શો જોઈ આવ્યા જોષ? મેરે૦ ૧
ચંદ્ર કલંકી જેહથી રે હાં, રામને સીતા વિયોગ, મેરે૦
તેહ કુરંગને વયણડેરે હાં, પતિ આવે કુણ લોગ? મેરે૦ ૨
ઉતારી હું ચિત્તથી રે હાં, મુક્તિ ધુતારી હેત, મેરે૦
સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહશું કવણ સંકેત? મેરે૦ ૩
પ્રીત કરંતાં સોહીલી રે હાં, નિર્વહેતાં જંજાળ, મેરે૦
જેહવો વ્યાલ ખેલાવવોરે હાં, જેહવી અગનની ઝાળ, મેરે૦ ૪
જો વિવાહ અવસરે દીયો રે હાં, હાથ ઉપર નવિ હાથ, મેરે૦
દીક્ષા અવસર દીજીએરે હાં, શિર ઉપર જગનાથ, મેરે૦ ૫
ઈમ વલવલતી રાજુલ ગઈરે હાં,
નેમિ કને વ્રત લીધ, મેરે૦
વાચક યશ કહે પ્રણમીએ રે હાં, એ દંપતિ દોય સિદ્ધ, મેરે૦ ૬

## ૨૩. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

વામાનંદન જિનવર મુનિમાંહે વડોરે કે મુનિમાંહે૦
જિમ સુરમાંહિ સોહે સુરપાત પરવડોરે કે સુરપતિ૦ ૧
જિમ ગિરિમાંહી સુરાચલ, મૃગમાંહે કેશરીરે કે મૃગમાંહે૦
જિમ ચંદન તરુમાંહી, સુભટમાંહિ મુર અરિરે, સુભટ૦ ૨
નદીય માંહિ જિમ ગંગ. અનંગ સુરૂપમાં રે અનંગ૦
ફૂલમાંહિ અરવિંદ, ભરતપતિ ભૂપમાં રે ભરતપતિ૦ ૩
અરાવણ ગજમાંહિ, ગરૂડ ખગમાં યથા રે ગરૂડ૦
તેજવંતમાંહિ ભાણ, વખાણમાંહિ જિનકથારે વખાણ ૦ ૪
મંત્રમાંહિ નવકાર, રત્નમાંહિ સુરમણિ રે, કે રત્નમાંહિ૦
સાયરમાંહિ સ્વયંભૂરમણ શિરોમણિરે, કે રમણ૦ ૫
શુકલધ્યાન જિમ ધ્યાનમાં, અતિ નિર્મલપણેરે કે અતિ૦
શ્રી નયવિજય વિબુધ પય સેવક, ઈમ ભણેરે, કે સેવક૦ ૬

## ૨૪. શ્રી વર્દ્ધમાન જિન સ્તવન.

ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી, વર્દ્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મ્હારી નિર્મળ થાયે કાયા રે–ગિ૦ ૧

તુમ ગુણગણ ગંગાજળે, હું ઝીલી નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉંરે–ગિ૦ ૨

ઝીલ્યા જે ગંગાજળે, તે છીલર જળ કિમ પેસે રે?
માલતી ફુલે મોહિયા, બાવળ જઈ નવિ બેસે રે–ગિ૦ ૩

એમ અમે તુમ ગુણ ગોઠશું; રંગે રાચ્યા ને વળી માચ્યારે;
તે કેમ પરસુર આદરે? જે પરનારીવશ રાચ્યારે–ગિ૦ ૪

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે,
વાચક યશ કહે માહરે, તું જીવજીવન આધારો રે–ગિ૦ ૫

# પં. શ્રીજિનવિજયજી કૃત ચોવીશી.

## ૧. શ્રી ઋષભદેવ જિન સ્તવન.

નાભિ નરેશર નંદના હો રાજ, ચંદન શીતલ વાણી;
વારી માહરા સાહિબા.
દેવ દાનવ વિદ્યાધરા હો રાજ, સેવે જોડી પાણિ—વારી૦ ૧

શુદ્ધાતમબળ મોગરે હો રાજ, મોહ મદન કરી ઘાત; વારી૦
રાજ લિયો તેં આપણો હો રાજ, પરમાનંદ વિખ્યાત—વારી૦ ૨

ધર્મચક્રી વિચરે જીહાં હો રાજ, કનક-કમળ ઠવે પાય; વારી૦
જોયણ સવાસો મંડળે હો રાજ, રોગાદિક નવિ થાય—વારી૦ ૩

ચરણ નૃપતિની નંદની હો રાજ, કેવળ કમળા નાર; વારી૦
વીતરાગતા મહેલમાં હો રાજ, વિલસે જગદાધાર—વારી૦ ૪

ઈમ ચઉ અતિશય અલંકર્યો હો રાજ,
સાહિબ જગ સુલતાન; વારી૦
ખિમાવિજય કવિ જિન કહે હો રાજ,
દીજે સમકિત દાન—વારી૦ ૫

## ૨. શ્રી અજિતનાથ જિન સ્તવન.

અજિત જિણેસર વાલહો રે હાં,
અવર ન આવે દાય; ની કે સાહિબા.
પંચામૃત ભોજન લહી રે હાં, કહો કુણ કુકસ ખાય ? ની૦ ૧

મધુકર મોહ્યો માલતી રે હાં, કબહી કરીર ન જાય; નીο
રાજમરાલ મોતી ચુગે રે હાં, કંકર ચંચુ ન વાય—નીο ૨
ગંગાજળ ક્રીડા કરે રે હાં, છીલ્લર જળ કિમ ન્હાય; નીο
સતી નિજ નાહને છોડીને રે હાં, પરજન હૃદય ન ધ્યાય-નીο ૩
કલ્પતરુ છાયા તજી રે હાં, કુણ જાય બાવળ છાય? નીο
રયણ ચિંતામણિ કર છતાં રે હાં, કાચ ન તાસ સુહાય-નીο ૪
તિમ પ્રભુ પદકજ છોડીને રે હાં, હરિ હર નામું ન શિશ; નીο
પંડિત ક્ષમાવિજયતણો રે હાં, કહે **જિન** વિજય સુશિષ-નીο ૫

## ૩. શ્રી સંભવનાથ જિન સ્તવન.

**સંભવ** ભવભયભંજણો રે જિનજી,
મથનો મદનવિકાર દિલડે વસી રહ્યો;
જન્મથકી પણ જેહના રે, જિο અનોપમ અતિશય ચાર-દિο ૧
પ્રસ્વેદ ન હોયે કદા રે, જિο અદ્‌ભૂત રૂપ સુવાસ; દિο
કાયા જેહની એહવી રે જિο રોગ ન આવે પાસ—દિο ૨
આહાર કો ન દેખે નહી રે, જિο રુધિર ગોખીર સમાન; દિο
શ્વાસોશ્વાસ સુખે લહે રે, જિο કમળ સુગંધી પ્રધાન—દિο ૩
આઠ કરમના નાશથી રે, જિο પામી અડગુણ સિદ્ધિ; દિο
સાદિ અનંતે સ્થિતિ ભોગવે રે, જિο
કેવળ કમલા ઋદ્ધિ-દિο ૪
જિતારિ નૃપ નંદનો રે, જિο અંતર અરિ કરે ઘાત; દિο
તેહમાં કો અચરિજ નહી રે, જિο ઉત્તમ કુળ અવદાત-દિο ૫
સુપનમાંહિ પણ સાંભરે રે, જિο સાહિબરો દિદાર; દિο
પંડિત ક્ષમાવિજયતણો રે જિο કહે **જિન** દિલ આધાર-દિο ૬

## ૪. શ્રી અભિનંદન જિન સ્તવન.

**અભિનંદન** જિનવર સુણો, બોલંભે અરદાસ; સનેહી.
છાંડતાં કિમ છૂટશો, કરશો નેહ દિલાસ—
સનેહી ! અભિનંદન અવધારિયે. ૧
ઇમ દિન કેતા ચાલશે, મૌન કરે મહેરબાન; સ૦
હેજે હસીઅ બોલાવીએ, જિમ અમ વાધે વાત—સ૦ ૨
તારક બિરૂદ ધરાવીને, તેં તાર્યા. સુપ્રસિદ્ધ; સ૦
તો પ્રભુ હું કિમ વિસર્યો, અથવા તિણે કંઈ દીઃ—સ૦ ૩
લોક સ્વભાવે દેખતાં, ઈમ ન સરે મુજ કાજ; સ૦
દાસત્વ ભાવે જો ગિણો, એટલે પામું રાજ—સ૦ ૪
કરુણાનિધિ કહીએ કિશ્યું ? જાણો મનોગત ભાવ; સ૦
ખીમાવિજય કવિ **જિન** કહે,
કીજીએ સુગુણ જમાવ—સ૦ ૫

## ૫. સુમતિનાથ જિન સ્તવન.

**સુમતિ** જિણેસર સાંભળ વિનતિ, રાખો આપ હજૂર;
સુગુણા સાહિબ ! શ્યું કહીએ ઘણું ? દુશ્મન કીજે દૂર
સુમતિ જિનેશ્વર સાહિબ સાંભળો૦ ૧
પુણ્ય પસાયે હો પામીએ, સાહિબ તુમ સરીખારી સેવ;
હવે ન છોડું તુમચા પાઉલા, કાજ સર્યા વિણ દેવ—સુ૦ ૨
આશ ધરીને અહનિશિ ઓલગું, આગળ ઊભો જોડી'હાથ.
તેહને નિપટજ નાકારો કરો, ભલો નેહ જગનાથ—સુ૦ ૩
જેહ પોતાનો કરી લેખવે, તેહશું મિલિયે હો ધાય,
તેહ સાજન હો શ્યા કામના ? કામ પડયે બદલાય—સુ૦ ૪

જનમન-વંછિત પૂરણ સુરમણિ, સમરથ તું જિનરાય;
પંડિત શ્રી ગુરૂ ક્ષમાવિજયતણો, જિનવિજય ગુણ ગાય-સુ. ૫

## ૬. શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

પદ્મપ્રભુ આગળ રહી રે સાહિબ, કહીએ નિજ વીતક અવદાત;
જિનેશર સાંભળો રે;
અવિરતિશું રંગે રમ્યો રે, સા૦ સેવ્યા પાંચ મિથ્યાત-જિ૦ ૧
મૂઢપણે નવિ પારખી રે, સા૦ સુગુરુ દેવ ધર્મની સેવ;
નિર્ગુણ ગુણી મચ્છરપણે રે, સા૦ ન ટળી પરનિંદાની ટેવ
—જિ૦ ૨
પાંચે આશ્રવ આદર્યા રે, સા૦ કીધો ચાર કષાયનો પોષ;
વિકથા ને ગારવવશે રે, સા૦ ન ધર્યો સમતા ને સંતોષ-જિ૦ ૩
કપટે કિરિયા આચરી રે, સા૦ ન દિવ્યાં મુનિવર દાન;
ધર્મકથા મન રંજવા રે, સા૦ બગ પરે કીધાં ધ્યાન-જિ૦ ૪
વાદ નિમિત્ત વિદ્યા ભણી રે, સા૦ થાપ્યાં ધર્મ વિરોધ;
કુમતિ કુનારી સંગતે રે, સા૦ ન કરી આતમશોધ—જિ૦ ૫
મુજ કરણી જો જોવશ્યો રે, સા૦ તો કિમ થાશે કામ?
ઉત્તમ જલધર સારિખાં રે, સા૦ ન ગણે ઠામકુઠામ—જિ૦ ૬
પર ઉપગારી શિરોમણિ રે, સા૦ તુમ સમ કુણ જગમાંહિ?
ક્ષમવિજય ગુરુરાયનો રે, સા૦ સેવક જિન અહો બાંહિ
—જિ૦ ૭

## ૭. શ્રી સુપાર્શ્વ જિન સ્તવન.

શ્રી સુપાસજિન સ્વામિજી, સુણુ હો સેવક વાત; સલુણે સાહિબા.
તુમ ગુણ રંગ ઝકોળમેં, રંગાણી હમ સાતે ધાત-સલુણે૦ ૧

હમ મધુકર તુમ માલતી, હમ ચકોર તુમ ચંદ; સલુણે૦
હમ ચકવા તુમ દિનપતિ, હમ પ્રજ તુમ સુનરિંદ—સલુણે૦ ૨

હમ મયૂર તુમ જલધરુ, હમ મચ્છા તુમ નીર; સલુણે૦
તુમ શાસન શુભ બાગમેં, ખેલે હમ મન કીર—સલુણે૦ ૩

હમ એરાવણ તુમ સુરધણી, હમ ખગપતિ તુમ કહાન;
સમરી સમરી તુમ નામકો, હમ ગાયક કરે ગાન—સલુણે૦ ૪

ઐસી હમ તુમ પ્રીતડી, ચિર નંદો યુગ કોડી; સલુણે૦
પંડિત ક્ષમાવિજયતણો, કવિ જિન કહે કર જોડી—સલુણે૦ ૫

## ૮. ચંદ્રપ્રભપ્રભુ જિન સ્તવન.

હાંરે મારે ચંદ્રવદન જિન ચંદ્રપ્રભુ જગનાહ જો,
દીઠો મીઠો ઇચ્છયો જિનવર આઠમો રે લો; હાં૦
મનડાનો માનીતો પ્રાણ આધાર જો,
જગ સુખદાયક જંગમ સુર સાખી સમો રે લો—હાં૦ ૧

શુભ આશય ઉદયાચળ સમકિત સૂર જો,
વિમળદશા પૂરવદિશે ઊગ્યો દીપતો રે લો; હાં૦
મૈત્રી મુદિતા કરુણા ને માધ્યસ્થ જો,
વિનય વિવેક સુલંછન કમળ વિકાસતો રે લો—હાં ૨

સદ્દહણા અનુમોદ પરિમલ પૂર જો,
પરછાયો મન-માનસસર અનુભવ વાયરે રે લો; હાં૦
ચેતન ચકવા ઉપશામ સરોવર તીર જો,
શુભમતિ ચકવી સંગે રંગ-રમત કરે રે લો—હાં૦ ૩

જ્ઞાન પ્રકાશે નયણુડલાં મુજ હોય જો,
જાણે રે ખટદ્રવ્ય સ્વભાવે થાપણે રે લો; હાં૦
જડ ચેતન ભિન્નાભિન્ન નિત્યાનિત્ય જો,
રૂપી અરૂપી આદિ સ્વરૂપ આપાપણે રે લો—હાં૦ ૪
લખ ગુણદાયક લખમણા રાણી નંદ જો,
ચરણ સરોરુહ સેવા મેવા સારિખી રે લો; હાં૦
પંડિત શ્રી ગુરુ ક્ષમાવિજય સુપસાય જો,
મુનિ જિન જંપે જગમાં જોતાં પારખી રે લો, હાં૦ ૫

## ૯. શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

સુવિધિજિન ત્રિગડે છાજે, સુરદુંદુહી ગયણે ગાજે;
શિર ઉપર છત્ર બિરાજે હો, દેવ પ્યારા ! દરિશ તુમારે જાતું. ૧
સમ પંચ વર્ણ ફૂલ, દેવ વરસાવે બહુમૂલ;
પામે સમકિત અનુકૂલ હો— દેવ૦ ૨
પૂંઠે ભામંડળ ઝલકે, દુગ પાસે ચામર લલકે;
સ્વર ઝીણે ઘુઘરી રણકે હો— દેવ૦ ૩
સિંહાસન રૂખ અશોક, દલ ફળની શી કહું શોક ?
માંહે દાનવ માનવ થોક હો— દેવ૦ ૪
દૂધ સાકર મેવા દ્રાખ, પાકી સહકારની સાખ;
તેહથી મીઠી તુમ્હ ભાખ હો— દેવ૦ ૫
ભવભવના તાપ શમાવે, એક વચને સહુ સમજાવે;
વળી બીજ ધર્મનું વાવે હો— દેવ૦ ૬
સુણી બાર પરખદા હર્ષે, સંયમ સમતા સુખ ફરસે;
સેવક જિન તેહને તરસે હો,— દેવ૦ ૭

## ૧૦. શ્રી શીતલનાથ જિન સ્તવન.

સેવો શીતળજિન શિર નામી કે સહુ સુખદાય રે,
જેહ છે તીન ભુવનનો સ્વામી કે સુર ગુણ ગાય રે;
જેણે પરમ પ્રભુતા પામી કે હણી અંતરાય રે,
જેહ છે સિદ્ધવધૂ સુખકામી કે જય જિનરાય રે૦ ૧

ચોસઠ ઈંદ્ર રહ્યા કર જોડી કે મોડી માન રે,
જેહના પાય નમે કર જોડી કે નિરુપમ જ્ઞાન રે;
અમરી ભમરી પરે લોક કે મુખકજ વાસ રે,
અપસરા લાભ અનંતો જાણી કે ગાયે રાસ રે૦ ૨

વીણા તાલ પખાજ સુણાવે કે લઇ કરતાલ રે,
ધપમપ મૃદંગ બજાવે કે રાગ રસાલ રે;
તનનન થેઈ થેઈ તાન મિલાવે કે સરીખે સાદ રે,
રાગણી રાગે ગીત મલ્હાવે કે મધુરે નાદ રે૦ ૩

નાટિક બત્રીશબદ્ધ દેખાવે કે નવ નવ છંદે રે,
લટકે લળી લળી શીશ નમાવે કે વિનય અમંદ રે;
તારક ત્રણ રતન અમ આપો કે દિન દયાળ રે;
જગગુરુ જનમ જરા દુઃખ કાપો કે બિરૂદ સંભાળ રે૦ ૪

નિરમોહે પણ જનમન મોહે કે અગમ અરૂપ રે,
રાગરહિત ભવિ પડિબોહે કે સકળ સ્વરૂપ રે;
માન વિના નિજ આણ મનાવે કે અચરિજ ઠામ રે,
પંડિત ક્ષમાવિજય જિન ધ્યાવે કે શિવસુખ ધામ રે. ૫

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન.

તું તો વિષ્ણુ નરેશર નંદનો હો,
જિનજી ! માતા વિષ્ણુ ઉર ધર્યો;
તું તો જગજંતુ હિતકાજ હો,
જિનજી ! બારમા સ્વર્ગથી અવતર્યો. ૧
તું તો ત્રિભુવન તિલક સમાન હો,
જિનજી ! સમતાસુંદરી નાહલીઓ;
થયો તીન ભુવન ઉદ્યોત હો,
જિનજી ! દિશિકુમરી હુલરાવીઓ. ૨
ખડગી લંછન કંચનવાન હો,
જિનજી ! અતિશય ચાર અલંકર્યો;
ત્રણ જ્ઞાન સહિત ભગવાન હો,
જિનજી ! જન્મોચ્છવ સુરવર કર્યો. ૩
તું તો કલ્યાણાંકુર કંદ હો,
જિનજી ! વંશ ઈક્ષ્વાકુ સોહાવીઓ;
ગુણનિષ્પન્ન ગુણધામ હો,
જિનજી ! શ્રેયાંસ નામ ઠરાવીઓ ૪
તું તો વર્ષી વરસીદાન હો,
જિનજી ! રાજ્ય તજી સંયમ ધર્યો;
તેં તો જિત્યો પરિષદ ફોજ હો,
જિનજી ! કેવળ કમળાવધૂ વર્યો. ૫
બેસી ત્રિગડે ત્રિભુવન નાથ હો,
જિનજી ! શિવપુર સાથ ચલાવીઓ;

એક જોયણુ સરખે સાદ હો,
જિનજી! ઉપદેશ નાદ બજાવીઓ. ૬
ભવ અટવી તસ્કર દોય હો,
જિનજી! તેહનો મરમ બતાવીઓ;
ક્ષમાવિજય ગુરુરાય હો,
જિનજી! સેવક જિનગુણ ગાવીઓ. ૭

## ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન.

અંતરજામી હો કે, શિવગતિગામી મારા લાલ,
મુજ મન મંદિર હો કે, થયો વિસરામી, મારા લાલ;
સુદિશા જાગી હો કે, ભાવઠ ભાંગી મારા લાલ,
પ્રભુ ગુણરાગી હો કે, હુઓ વડભાગી મારા લાલ. ૧
મિથ્યાસંકટ હો કે, દૂર નિવારી મારા લાલ,
સમકિત ભૂમિ હો કે, સુપરે સમારી મારા લાલ;
કરુણા શુચિ જળ હો કે, તિહાં છંટકાવી, મારા લાલ,
શમ-દમ કુસુમની હો કે, શોભા બનાવી, મારા લાલ. ૨
મહકે શુભરુચિ હો કે, પરિમલ પૂરી, મારા લાલ,
જ્ઞાન સુદીપક હો કે, જ્યોતિ સનૂરી, મારા લાલ;
ધૂપ ઘટી તિહાં હો કે, ભાવના કેરી, મારા લાલ,
સમિતિ ગુપતિની હો કે, રચના ભલેરી, મારા લાલ. ૩
સંવર બિછાણા હો કે, તપજપ તકીયા, મારા લાલ,
ધ્યાન સુખાસન હો કે, તિહાં પ્રભુ વસીયા, મારા લાલ;
સુમતિ સાહેલી હો કે, સમતા-સંગે, મારા લાલ,
સાહિબ મિલિયા હો કે, અનુભવ રંગે, મારા લાલ. ૪

ધ્યાતા ધ્યેયની હો કે, પ્રીત બંધાણી મારા લાલ,
બારમા જિનશું હો કે, અનુસંગે આણી મારા લાલ;
ક્ષમાવિજય બુધ હો કે, મુનિ જિન ભાસતે મારા લાલ,
એહ અવલંબને હો કે, સવિ સુખ પાસે, મારા લાલ. ૫

## ૧૩. શ્રી વિમળનાથ જિન સ્તવન.

સકળ ગુણગણ વિમળ **વિમળ** તુમ્હ દરિશને,
આતમારામ સુખ સહજ પાવે;
સબળ સંવેગી નિર્વેદી અનુકંપતો,
શુદ્ધ સરધાન શ્રેણી મચાવે—સકળ૦ ૧

ચરણ ગયવર ચઢે મોહ-રિપુંસે લડે,
જ્ઞાન પ્રધાન સબ રાહ બતાવે;
ધૈર્ય વરવીર્ય રણથંભ રોપી પ્રબળ,
પરમ વૈરાગ્ય સન્નાહ બનાવે—સકળ૦ ૨

આણ અરિહંતની ઢાલ આગળ ધરે
ધ્યાન એકતાન શમશેર લાવે;
હાસ્ય રતિ અરતિ ભય શોગ દુગંછ ખટ,
ઝપટ દે મદન અરિ દૂર હઠાવે—સકળ૦ ૩

મન વચ કાય નિરમાય બંદુક ભરી,
સમિતિ ઔર ગુપતિ ગોળી ચલાવે;
મારી મોહ-મલ્લ-સુત રાગ ઔર શેષકું,
જગતમાં જીત વાજાં બજાવે—સકળ૦ ૪

મોહનો ક્ષય કરી વિજયલચ્છી વરે,
અજર અચળ અમર નયરે સિધાવે;
શ્રી ક્ષમાવિજય ગુરુચરણરજ સેવતાં,
નિત્ય આણંદ જિનરાજ પાવે—સકળ૦ ૫

## ૧૪. શ્રી અનંતનાથ જિન સ્તવન.

નામધારક અન્ય દેવ, પ્રભુ પરમારથ હેવ;
આજ હો **અનંત** જિણેશર, અનંત ચતુષ્ટયનો ધણીજી. ૧
સુર પરખદમાંહિ ઇંદ, ગ્રહગણમાંહિ જિમ ચંદ;
આજ હો તીર્થમાંહિ, શ્રી શત્રુંજય શિરોમણિ જી. ૨
દાનમાં અભય પ્રધાન, ગુણમાં વિનય નિધાન;
આજ હો અલંકારમાં, સોહે જયું ચૂડામણિ જી. ૩
દૂધમાંહિ ગોખીર, જળમાં ગંગાનીર;
આજ હો સુખમાંહિ, સંતોષ સમો જગ કો નહિ જી. ૪
તરુમાંહિ સહકાર, દાયકમાં જળધાર;
આજ હો નંદનવન, વનમાંહિ અતીહિ મનોહરુ જી. ૫
તેજવંતમાં ભાણ, ધાતુમાંહે કલ્યાણ;
આજ હો પર્વતમાંહિ, મેરૂ મહીધર સુંદરુ જી. ૬
સકળ દેવ શિરદાર, મેં ધાર્યો નિરધાર;
આજ હો ક્ષમાવિજય ગુરુ–ચરણયુગ સુપસાઉલે જી. ૭

## ૧૫. શ્રી ધર્મનાથ જિન સ્તવન.

**ધર્મ** જિનેશર ધર્મ ધુરંધર, પૂરણ પુણ્યે મીલિયો,
મન મરૂથલમેં સુરતરુ ફળિયો, આજ થકી દિન વળીયો–

પ્રભુજી મહીર કરી મહારાજ ! કાજ હવે મુજ સારો;
સાહિબ ગુણનિધિ ગરીબ નિવાજ, ભવોદધિ પાર ઉતારો. ૧
બહુ ગુણવંતા જે તેં તાર્યા, તે નહિં પાડ તુમારો;
મુજ સરીખો પત્થર જો તારો, તો તુમચી બલિહારો.
—પ્રભુજી૦ ૨
હું નિર્ગુણ પણ તાહરી સંગતે, ગુણ લહું તેહ ધીમાન;
નિંબાદિક પણ ચંદન સંગે, ચંદન સમ લહે તાન
—પ્રભુજી૦ ૩
નિર્ગુણ જાણી છેહ મ દેશો, જોવો આપ વિચારી;
ચંદ્ર કલંકિત પણ નિજ શિરથી, ન તજે ગંગાધારી.
—પ્રભુજી૦ ૪
સુવ્રતાનંદન સુવ્રતદાયક, નાયક જિનપદવીનો;
પાયક જાસ સુરાસુર કિન્નર, ઘાયક મોહ રિપુનો.
—પ્રભુજી૦ ૫
તારક તુમ્હ સમ અવર ન દીઠો, લાયક નાથ હમારો;
શ્રી ગુરુ ક્ષમાવિજય પદ સેવી, કહે જિન ભવજળ તારો.
—પ્રભુજી૦ ૬

## ૧૬. શ્ર શાંતિનાથ જિન સ્તવન.

શાંતિજિન ચરણકજ સેવના, પાવના પરમ ગુણધામ રે,
પાપના તાપ શમાવવા, બાવના ચંદન ઠામ રે—
શાંતિ૦ ૧
નિસીહિ તિગ તિન્ની પ્રદક્ષિણા, પૂય તિગ ત્રિવિધ પરિણામરે
તિન્નિ મુદ્રા અવસ્થા તિગ, ભાવ વિશદ પ્રણામ રે
—શાંતિ૦ ૨

ભૂમિકા વાર ત્રય પુંજવી, તિન્નિ અવલંબના તાન રે;
દક્ષિણ વામ પશ્ચિમ દિશે, જોવું નહીં ત્રિવિધ નિધાન રે.
—શાંતિ૦ ૩

પાંચ અહિગમ પ્રણિધાન તિમ, અવગ્રહ તિન્નિ દશહોય રે;
વંદના તિગ દશ આશાતના, છંડી નિજ કર્મમળ ધોય રે.
—શાંતિ૦ ૪

તામસી રાજસી પરિહરી, સાત્ત્વિકી ભક્તિ સુખ હેતુ રે;
શુદ્ધિ સગ અટ્ઠગુણે શોભતી, રોપતી સમકિત હેતુ રે—શાં૦ ૫
પીઠિકા ધર્મ પ્રાસાદની, પાંચ અડ સત્તર એકવીશ રે;
એક સો આઠ ઇત્યાદિકા, કહ્યા ભેદ યોગીશ રે—શાં૦ ૬
ભાવથી સેવના સાધુને, જ્ઞાન દંસણ ચરણ રૂપ રે;
અમૃત અનુષ્ઠાનશું આદરે, હોયે જિનપદ ભૂપ રે—શાં૦ ૭

## ૧૭ શ્રી કુંથુનાથ જિન સ્તવન.

મનમોહન કુંથુ જિણંદ, મુજ મન મધુકર અરવિંદારી;—
જગવંદન જિનરાય;
સૂરનંદ અમરપદ આપે, યા સુનતાં અચરિજ વ્યાપે રી૦
જગવંદન જિનરાયા૦ ૧

અજ્ઞાનનો લેશ ન દિસે, અપરાધીશું પણ નવિ રીસેરી; જગ૦
અચલે પણ અલિક ન ભાસે, ધરી મત્સર મરમ ન દાખે રી૦
જગ૦ ૨

મદ માન માયા રતિ લોભા, નહીં રાગ અરતિ શોક ખોભારી; જ૦
હિંસા નિદ્રા ક્રીડા ચોરી, ત્રોડી દુવિધ પ્રસંગની દોરી રી૦ જગ૦ ૩

ઈમ દોષ અઢારે નાઠા, જેહ કાળ અનાદિના કાઠારી; જગ૦
ચોત્રીશ અતિશય ગુણ ખાણી, વિચરે પ્રભુ કેવળનાણી રી૦
જગ૦ ૪
ગણધર વાણી ગુણ સરીખા, સાઠ સહસ મુનિ સુપરિખારી; જગ૦
શ્રી ક્ષમાવિજય ગુરૂ નામે; સેવક **જિન** સંપદ પામેરી૦ જગ૦ ૫

## ૧૮ શ્રી અરનાથ જિન સ્તવન.

મ્હેં તો આણ વહેશ્યાંજી મ્હારા રે; સાહિબરી મ્હેં તો આણ
વહેશ્યાંજી

આણ વહેશ્યાં ભક્તિ કરેશ્યાં નયણ હજુર;
અરજિન આગળ અરજ કરંતાં, લહેશ્યાં સુખ મંજૂર૦ મ્હેં૦ ૧
એકને ગંડી બેને ખંડો, તીનશું તોડી નેહ;
ચાર જણા શિર ચોટ કરશું, પણનો આણી છેહ૦ મ્હેં ૨
છ સત અડ નવ દશને ટાળી, અજુઆળી અગિઆર;
બાર જણાનો આદર કરશું, તેરનો કરી પરિહાર૦ મ્હેં૦ ૩
પણ અડ નવ દશ સત્તર પામી, સત્તાવીશ ધરી સાથ;
પચવીશ જણશું પ્રીતિ કરશું, ચાર ચતુર કરી હાથ૦ મ્હેં૦ ૪
બત્રીશ તેત્રીશ ને ચોરાશી, ઓગણીશ દૂર નિવારી;
અડતાલીશનો સંગ તજીશું, એકાવન દિલ ધારી૦ મ્હેં૦ ૫
વીશ આરાધી બાવીસ બાંધી, ત્રેવીશનો કરી ત્યાગ;
ચોવીશ જિનના ચરણ નમીને, પામશું ભવજળ ત્યાગ૦ મ્હેં૦ ૬
ધ્યાતા ધ્યેય ને ધ્યાન સરૂપે, તન મન તાન લગાય;
ક્ષમાવિજય કવિ પદકજ મધુકર, સેવક **જિન** ગુણ ગાય. મ્હેં૦ ૭

## ૧૯ શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

મલ્લિ જિણંદશું માહરે રે, અવિહડ ધર્મસનેહ રે; મનવસીઆ
દિન દિન તેહ ચઢતે રસે રે, ઉજળ પખી શશિ રેહ રે૦
ગુણ રસીઆ૦—૧
તે હવે ટળવાનો નહિ રે, રંગ મજીઠી જેમ રે; મ૦
ત્રાંબુ જે રસ વેધિયું રે, તે સહી સાચું હેમ રે૦ ગુ૦ ૨
કુંભ નરેશર નંદનો રે, ભવસાયર કરે શોષ રે; મ૦
એ સહી જુગતું જાણીએ રે, કરશું ગુણનો પોષ રે૦ ગુ૦ ૩
લંછન મીસી તુમ્હ પદકજે રે, કામ કળશ રહ્યો ધન્ય રે; મ૦
તારક શક્તિ તિણે થઈ રે, જેહને પ્રભુ સુપ્રસન્ન રે ગુ૦ ૪
અળગો તું ભવ-સિંધુથી રે, તારો ભવિજન વૃંદ રે; મ૦
રાગાદિક શત્રુ હણ્યા રે, તોયે શમતરૂ કંદ રે૦ ગુ૦ ૫
માગરશ શુદિ એકાદશી રે, પાવન ત્રિણ કલ્યાણ રે; મ૦
પણ સય સાધ્વી સાથ શું રે; સમેતશિખર નિરવાણ રે૦ ગુ૦ ૬
દૂર થકી પણ પ્રીતડી રે, જળ પંકજ નભ ભાણ રે; મ૦
ક્ષમાવિજય ગુરૂનામથી રે, કવિજન કોડી કલ્યાણ રે૦ ગુ૦ ૭

## ૨૦ શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

મુનિસુવ્રત જિન દેવ રે, જગજીવન સ્વામી,
ત્રિભુવન અભિરામ રે, પ્રણમું શિર નામી;
મેં પુણ્યે પામી મીઠડી લાગે રે, સેવા તાહરી રે૦ ૧
સહસ અધિક વળી આઠ રે, લક્ષણ અવિરોહે,
કર પદ માંહે સોહે;

ભવિયણ મન મોહે, ગુણ સંતતિ રોહે;
મીઠડી મૂરતિ તાહરી રે૦ ૨

ઈંદ ચંદ રવિ મેરૂ રે; ગુણ લઈ ઘડીઓ,
અવગુણ નવી અડીઓ;
ગુણઠાણે ચડીઓ, સ્ત્રી–પાશ ન પડીઓ,
નિરૂપમ અંગ અનંગ હરાવતા રે૦ ૩

ભૂમિકા કાગદ ઠામ રે, લેખણ વનરાઈ,
જળનિધિ જળ શ્યાહી;
સુરગુરુ ચિત્ત લાઈ, તુમ ગુણ ન લિખાઈ,
અલખ નિરંજન પ્રભુજી તું જયોરે૦ ૪

જાણે. કેવળી સંત રે, ગુણ ગણી ન શકાયે,
યોગીશર ધ્યાયે;
તન મન લય લાયે, પરમાનંદ પદ પાયે,
અગમ અરૂપ અનંત ગુણે ભર્યો રે૦ ૫

જગપાવન તુમ નામ રે, મુજ મનમાં આવો,
એકાંગી ઠાવો;
શુભ ધ્યાન બનાવો, સમકિત દીપાવો,
મુગતિનું મોટું કારણ એ સહી રે૦ ૬

ક્ષમા વિજય ગુરુ શિષ્ય રે, સેવક જિન આગે,
કર જોડી માગે;
લળી લળી પાયે લાગે, અનુભવ રસ જાગે,
ભવ ભવ ચરણ મુજને હજયો રે૦ ૭

## ૨૧ શ્રી નમિનાથ જિન સ્તવન.

વપ્રાનંદન વધારજો રે. જિન સેવકની લાજ રે,
જિનેશર ! સોમ નજરે, સામું જૂઓ હો લાલ;
એકાંગી કરી ઓળગે રે, તે કિમ આવે વાજ રે,
જિનેશર ! કાજ વિચારી, જે કરે હો લાલ. ૧
રાગી દ્વેષી દેવના રે, દીઠાં નાવે દાય રે,
જિનેશર ! મુખમીઠા ધીઠા હીયે હો લાલ;
લટપટ કરી લખ લોકને રે, લલચાવે ધરી માયા રે,
જિનેશર ! મન ન રુચે તિહાં માહરું હો લાલ. ૨
આગમમાંહિ સાંભળ્યું રે, પતિતપાવન તુમ નામ રે,
જિનેશર ! કરુણાવંત શિરોમણિ હો લાલ;
તો મુજને એક તારતાં રે, શું લાગે છે દામ રે
જિણેશર ? જગ જશ વિસ્તરશે ઘણો હો લાલ. ૩
તુમ દરિશને તન ઉલ્લસે રે, જળધરે જેમ કદંબ રે;
જિનેશર ! કોકિલ અંબ અલી માલતી હો લાલ;
મોડો વહેલો મનાવશો રે, એવડો તો શો વિલંબ રે ?
જિનેશર ! ખોટ ખજાને કો નહી હો લાલ. ૪
આખર આશા પૂરશો રે, મુજને સબલ વિશ્વાસ રે,
જિનેશર ! એવડી ગાઢિમ કાં કરો હો લાલ ?
ક્ષમાવિજય કવિ શિષ્યની રે, સાંભળીયે અરદાસ રે
જિનેશર ! પરમાનંદ પદ દીજીએ હો લાલ. ૫

## ૨૨. શ્રી નેમિનાથ જિન સ્તવન.

નિરૂપમ નેમજી રે, વાલમ મૂકી કયાં જાઓ ?
તોરણ આવીને રે, ઇમ કાંઇ વિરહ જગાવો—નિરૂ૦ ૧

કરુણા પશુતણી રે, કરતાં અબળા ઉવેખો;
દુર્જન વચણથી રે, એ નહી સાજન લેખો—નિરૂ૦ ૨
શશિ લંછન કિયો રે, સીતા રામ વિયોગો;
વિબુધ જને કહ્યો રે, ન્યાયે નામ કુરંગો—નિરૂ૦ ૩
ગુનહ કો કીયો રે, જે રડતી એકલડી છંડી;
ગણિકા સિદ્ધવધૂ રે, તેહશું પ્રીતમ મંડી—નિરૂ૦ ૪
અડભવ નેહલો રે, નવમેં છેહ મ દાખો;
દાસી રાઉલી રે, સાહિબ ગોદમાં રાખો—નિરૂ૦ ૫
પુણ્યે પરવડા રે, મુજથી યાચક લોગા;
દાન સંવત્સરે રે, પામ્યા વાંછિત ભોગા—નિરૂ૦ ૬
વિવાહ અવસરે રે, જમણો હાથ ન પામી;
દીક્ષા અવસરે રે, દીજે અંતર જામી—નિરૂ૦ ૭
માતા શિવાતણો રે, નંદન ગુણમણિ ખાણી;
સંયમ આપીને રે, તારી રાજુલ નારી—નિરૂ૦ ૮
મુગતિ–મહેલે મળ્યા રે, દંપતી અવિચલ ભાવે;
ક્ષમાવિજયતણો રે, સેવક **જિન** ગુણ ગાવે—નિરૂ૦ ૯

## ૨૩. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

વામાનંદન **પાસ** જિણંદા. મુજમન કમળ દિણંદા રે;
શમ સુરતરુ કંદા૦ ૧
ભીમ ભવોદધિ તરણ તરંડા, ઝેર કર્યા ત્રિક દંડા રે;
નહિ વ્રીડા કંદા૦ ૨
ક્રોધ માન માયા ને લોભા, કરી ધ્યાન થયા થિર શોભા રે;
લહી જગમાંહિ શોભા૦ ૩

નિજ ગુણ ભોગી; કર્મવિયોગી, આતમ અનુભવ યોગી રે;
નહી પુદ્ગલ ભોગી૦ ૪
મન વચ કાયા ત્રિક યોગને સંધી, સિદ્ધિવિલાસને સાધીરે;
ટાળી સકલ ઉપાધિ૦ ૫
યથાખ્યાત ચરિત્ર ગુણ લીનો, કેવળ સંપદ પીનો રે;
યોગીશ નગીનો૦ ૬
સિદ્ધિવધૂ અરિહંત નિરંજન, પરમેશ્વર ગતલંછન રે;
સાહિબ સહુ સજ્જન૦ ૭
પંડિત ગુરુ શ્રી ક્ષમાવિજયનો, **જિન** પદ પંકજ લીનો રે:
છોડી મન કીનો૦ ૮

## ૨૪. શ્રી મહાવીર જિન સ્તવન.

વંદો **વીર** જિનેશ્વર રાયા, ત્રિશલાદેવી જાયા રે;
હરિલંછન કંચનવન કાયા, અમરવધૂ હુલરાયા રે.
—વંદો૦ ૧
બાળપણે સુરગિરિ ડોલાયા, અહિ વૈતાલ હરાયા રે;
ઈંદ્ર કહણ વ્યાકરણ નિપાયા, પંડિત વિસ્મય પાયા રે.
—વંદો૦ ૨
ત્રીશવરસ ઘરવાસ રહાયા, સંયમશું લય લાયા રે;
બારવરસ તપ કર્મ ખપાયા, કેવળનાણ ઉપાયા રે.
—વંદો૦ ૩
ક્ષાયકઋદ્ધિ અનંતી પાયા, અતિશય અધિક સુહાયા રે;
ચાર રૂપ કરી ધર્મ બતાયા, ચઉવિહ સુરગુણ ગાયા રે.
—વંદો૦ ૪

તીન ભુવનમેં આણુ મનાયા, દશ દોય છત્ર ધરાયા રે;
રૂપ કનકમણિ ગઢ વિરચાયા, નિર્ગ્રંથ નામ ધરાયા રે.
—વંદો૦ ૫

રયણ સિંહાસન બેસન ઠાયા, દુંદુહી નાદ બજાયા રે;
દાનવ માનવ વાસ વસાયા; ભક્તે શિશ નમાયા રે.
—વંદો૦ ૬

પ્રભુ ગુણગણ ગંગાજળ નાહ્યા, પાવન તેહની કાયા રે;
પંડિત ક્ષમાવિજય સુપસાયા, સેવક **જિન** સુખદાયા રે.
—વંદો૦ ૭

# શ્રી મોહનવિજયજી કૃત ચોવીશી.

## ૧. શ્રી ઋષભદેવ જિન સ્તવન.

બાલપણે આપણ સસનેહી, રમતા નવ નવ વેશે;
આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસાર નિવેશે૦
હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો૦ ૧
જો તુમ ધ્યાતાં શિવસુખ લહિએ, તો તુમને કેઈ ધ્યાવે;
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુગતે જાવે.
હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો૦ ૨
સિદ્ધ નિવાસ લહે ભવસિદ્ધિ, તેહમાં શ્યો પાડ તુમારો;
તો ઉપગાર તુમારો વહીએ, અભવ્ય—સિદ્ધને તારો૦
હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો૦ ૩
નાણ-રયણ પામી એકાન્તે, થઈ બેઠા મેવાસી;
તે માંહેલો એક અંશ જો આપો, તે વાતે શાબાશી૦
હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો૦ ૪
અક્ષય પદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાય;
શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શું જાય૦
હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો૦ ૫
સેવા ગુણ રંજ્યો ભવિજનને, જો તુમે કરો વડભાગી;
તો તુમે સ્વામી કેમ કહાવો, નિરમમને નીરાગી૦
હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો૦ ૬

નાભિનંદન જગ વંદન પ્યારો, જગગુરુ જગહિતકારી;
રૂપ વિબુધનો **મોહન** પભણે વૃષભ લંછન બલિહારી૦
હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો૦ ૭

## ૨. શ્રી અજિતનાથ જિન સ્તવન.

પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદ શું,
પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો;
ધ્યાનની તાળી રે લાગી નેહશું,
જલદ ઘટા જેમ શિવ સુત વાહન દાયજો૦ પ્રી૦ ૧
નેહ ઘેલું મન મ્હારૂં રે પ્રભુ અલજે રહે,
તન મન ધન તે કારણથી પ્રભુ મુંજ જો;
મ્હારે તો આધાર રે સાહિબ રાવળો,
અંતરગતની પ્રભુ આગળ કહુ ગુંજ જો૦ પ્રી૦ ૨
સાહેબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકના જે સહેજે સુધારે કાજ જો;
એવા રે આચરણે કેમ કરી રહું,
બિરૂદ તુમારૂં તારણ તરણ જહાજ જો૦ પ્રી૦ ૩
તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીન દયાળ જો;
તુજ કરૂણાની લહેરે રે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ ! જાણ આગળ કૃપાળ જો૦ પ્રી ૪
કરૂણાધિક કીધી રે સેવક ઉપરે,
ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો,
મનોવાંછિત ફલીઆ રે પ્રભુ આલંબને,
કર જોડીને **મોહન** કહે મન રંગ જો૦ પ્રી૦ ૫

## ૩. શ્રી સંભવનાથ જિન સ્તવન.

સમકિત દાતા સમકિત આપો, મન માગે થઈ મીઠું;
છતી વસ્તુ દેતાં શું શોચો, મીઠું એ સહુએ દીઠું૦
પ્યારા પ્રાણ થકી છો રાજ૦ સંભવજિનજી મુજને૦ ૧
એમ મત જાણો જે આપે લહીએ, તો શું લાધ્યું શું લેવું;
પણ પરમારથ પ્રીછી આપે, તેહિજ કહીએ દેવું. પ્યારા૦ ૨
અર્થી હું તમે અર્થ સમર્પક. ઇમ મત કરજો હાંસું;
પ્રકટ હતું તુજને પણ પહેલાં, એ હાંસાનું ખાસું૦ પ્યારા૦ ૩
પરમ પુરૂષ તુમે પ્રથમ ભજીને, પામ્યા ઈમ પ્રભુતાઈ;
તેણે રૂપે તુમને અમે ભજીએ, તેણે તુમ હાથ વડાઈ. પ્યારા૦ ૪
તુમે સ્વામી હું સેવાકામી, મુજરો સ્વામી નિવાજે;
નહિ તો હઠ માંડી માંગતાં, કીણવિધ સેવક લાજે૦ પ્યારા૦ ૫
જ્યોતે જ્યોતિ મીલે મત પ્રીછો, કુણ લેશે કુણ ભજશે;
સાચી ભક્તિ તે હંસ તણી પરે; ખીર નીર નય કરશે૦ પ્યારા૦ ૬
ઓલગ કીધી તે લેખે આવી, ચરણ ભેટ પ્રભુ દીધી;
રૂપ વિબુધનો મોહન પભણે, રસના પાવન કીધી૦ પ્યારા૦ ૭

## ૪. શ્રી અભિવંદન સ્વામી જિન સ્તવન.

અકલકળા અવિરૂદ્ધ, ધ્યાન ધરે પ્રતિબુદ્ધ,
આ છે લાલ અભિનંદન જિન ચંદનાજી;
રોમાંચિત થઈ દેહ, પ્રગટયો પૂરણ નેહ,
આ છે લાલ, ચન્દ્ર જયું વન અરવિંદનાજી૦ ૧

એક ખીણુ મનરંગ, પરમ પુરૂષને સંગ,
આ છે લાલ, પ્રાપ્તિ હોવે સો પામીએજી;
સુગુણ સલુણી ગેઠ, જિમ સાકર ભરી પોઠ,
આ છે લાલ, વિણુ દામે વિવસાઇએજી૦ ૨
સ્વામી ગુણમણિ તુજ, નિવસો મનડે મુજ,
આ૦ પણ કહીએ ખટકે નહિજી;
જિમ રજ નયણે વિલગ્ગ; નીર ઝરે નિરવગ્ગ,
આ૦ પણ પ્રતિબિંબ રહે સંસહીજી૦ ૩
મેં જાચ્યા કેઈ લક્ષ, તારક ભોલે પ્રત્યક્ષ,
આ૦ પણ કો સાચ નાંચ્યો વગેજી;
મુજ બહુ મિત્ર દેખ, પ્રભુકાં મુકો ઉવેખ,
આ૦ આતુરજન બહુ ઓલગેજી૦ ૪
જગ જોતાં જગનાથ, જિમતિમ આવ્યા છો હાથ,
આ૦ પણ હવે રખે કુમયા કરોજી;
બીજા સ્વારથી દેવ, તું પરમારથ હેવ,
આ૦ પામ્યો હવે હું પટંતરોજી૦ ૫
તેં તાર્યા કેઈ ક્રોડ, તો મુજથી શો હોડ,
આ૦ મેં એવડો શો અલેહણોજી;
મુજ અરદાસ અનંત, ભવની છે ભગવંત,
આ૦ જાણને શું કહેવું ઘણુંજી૦ ૬
સેવા ફળ દ્યો આજ, ભોળવો કાં મહારાજ,
આ૦ ભૂખ ન ભાંગે ભામણેજી;
રૂપ વિબુધ સુપસાય, **મોહન** એ જિનરાય,
આ૦ ભૂખ્યો ઉમાહે ઘણોજી૦ ૭

## ૫. શ્રી સુમતિનાથ જિન સ્તવન

પ્રભુજીશું બાંધી પ્રીતડી, એતો જીવન જગદાધાર; સનેહી૦
સાચો સાહિબ સાંભરે, ખીણમાંહે કોટિવાર૦ સનેહી૦
વારી હું સુમતિ જિણંદને૦ ૧
પ્રભુ થોડા બોલો ને નિપુણ ઘણો, એતો કાજ અનંત કરનાર;
સનેહી૦
ઓલગ જેહની જેવડી, ફળ તેહવો તસ દેનાર૦
સનેહી૦ વારી૦ ૨
પ્રભુ અતિ ધીરો લાજે ભયો, જિમ સિંચો સુકૃત માળ;
સનેહી૦
એકણ કરૂણાની લહેરમાં, સુનિવાજે કરે નિહાલ૦
સનેહી૦ વારી૦ ૩
પ્રભુ ભવસ્થિતિ પાકે ભક્તને, કોઈ કહે કીનરે પસાય;
સનેહી૦
ઋતુ વિના કહો કેમ તરુવરે, ફળ પાકીને સુંદર થાય૦
સનેહી૦ વારી૦ ૪
અતિ ભૂખ્યો પણ શું કરે, કાંઈ બીહું હાથે ન જમાય;
સનેહી૦
દાસતણી ઉતાવળે, પ્રભુ કીણ વિધ રીઝયો જાય૦
સનેહી૦ વારી૦ ૫
પ્રભુ લખિત હોય તો લાભીએ, મન માન્યા તો મહારાજ;
સનેહી૦

ફળ તો સેવાથી સંપજે, વીણ ખણેય ન ભાંજે ખાજ૦
સનેહી૦ વારી૦ ૬
પ્રભુ વિસર્યા નવિ વિસરો, સામો અધિક હોવે છે નેહ;
સનેહી૦
મોહન કહે કવિ રૂપનો, મુજ વ્હાલો છે જિનવર એહ૦
સનેહી૦ વારી૦ ૭

## ૬. શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

પરમ રસ ભીનો મહારો, નિપુણ નગીનો મહારો; સાહીઓ;
પ્રભુ મોરા પદ્મપ્રભુ પ્રાણાધાર હો;
જ્યોતિ રમા આલિંગને, પ્રભુમોરા અછક છકયો દિન રાત હો;
ઓલગ પણ નવિ સાંભળે, પ્રભુમોરા તો શી દરિસણ વાત હો૦
પ૦ નિ૦ ૧
નિરભય પદ પામ્યા પછે, પ્ર૦ જાણીએ નવિ હોવે તેહ હો;
તે નેહ જાણે આગળે, પ્ર૦ અલગાતે નિઃસ્નેહ હો૦
પ૦ નિ૦ ૨
પદ લેતા લહ્યા વિભુ, પ્ર૦ પણ નિજ નિજ દ્રવ્ય કહાય હો;
અમે સુદ્રવ્ય સુગુણ ઘણું, પ્ર૦ સહિતો તીણ શરમાય હો૦
પ૦ નિ૦ ૩
તિહાં રહ્યા કરૂણા નયનથી, પ્ર૦ જોતાં શું ઓછું થાય હો;
જિહાં તિહાં જિન લાવણ્યતા, પ્ર૦ દેહલી દીપક ન્યાય હો૦
પ૦ નિ૦ ૪
જો પ્રભુતા અમે પામતાં, પ્ર૦ કહેવું ન પડે તો એમ હો;
જો દેશો તો જાણું અમે, પ્ર૦ દરિસણ દરિદ્રતા કેમ હો૦
પ૦ નિ૦ ૫

હાથે તો નાવિ શકયો, પ્ર૦ ન કરો કોઈનો વિશ્વાસ હો;
પણ ભોળવીએ જો ભક્તિથી, પ્ર૦ કહેજો તો શાબાશ હો૦
પ૦ નિ૦ ૬
કમલ લંછન કીધી મયા, પ્ર૦ ગુનાહ કરી બગસીસ હો;
રૂપવિબુધનો **મોહન** ભણી, પ્ર૦ પૂરજો સકલ જગીશ હો૦
પ૦ નિ૦ ૭

## ૭. શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન.

વાલ્હા મેહ બપીયડા, અહિ કુલને મૃગકુલને,
તિમ વળી નાદે વાહ્યા હો રાજ;
મધુકરને નવમલ્લિકા, તિમ મુજને ઘણી વહાલી,
સાતમા જિનની સેવા હો રાજ૦ ૧
અન્ય ઉથ્થિક સુર છે ઘણા, પણ મુજ મનડું તેહથી,
નાવે એકણ રાગે હો રાજ;
રાચ્યો હું રૂપાતીતથી, કારણ મન માન્યાનું,
શું કાંઈ આપો હાથે હો રાજ૦ સા૦ ૨
મૂળની ભકતે રીઝશે, નહિ તો અવરની રીતે,
કયારે પણ નવિ ખીજે હો રાજ;
ઓલગડી મોંઘી થશે, કંબલ હોવે ભારી,
જિમ જિમ જલથી ભીંજે હો રાજ૦ સા૦ ૩
મનથી નિવાજસ નહિ કરે, તો કર ગ્રહીને લીજે,
આવશે તે લેખે હો રાજ;
મોટાને કહેવું કીશ્યું, પગદોડી અનુચરની,
અંતરજામી દેખે હો રાજ૦ સા૦ ૪

એહથી શું અધિકોય છે, આવી મનડે વસીઓ,
સાચો સગુણ સનેહી હો રાજ;
જે વશ હોશે આપને, તેહને માગ્યું દેતાં,
અજર રહે કહો કેહી હો રાજ૦ સા૦ ૫

અતિ પરચો વિરચે નહિ, નિત નિત નવલો નવલો,
પ્રભુજી મુજથી ભાસે હો રાજ;
એ પ્રભુતા એ નિપુણતા, પરમ પુરૂષ જે જેહવી,
કિહાંથી કોઈ પાસે હો રાજ૦ સા૦ ૬

ભીનો પરમ મહારસે, માહરો નાથ નગીનો,
તેહને તે કુણ નિંદે હો રાજ;
સમકિત દૃઢતા કારણે, રૂપ વિબુધનો **મોહન**,
સ્વામિ સુપાસને વંદે હો રાજ૦ સા૦ ૭

## ૮. શ્રી ચન્દ્રપ્રભ જિન સ્તવન.

શ્રી શંકર ચંદ્રપ્રભુ રે લો, તું ધ્યાતા જગનો વિભુરે લો;
તિણે હું ઓલગે આવીયો રે લો,
તુમે પણ મુજ મન ભાવીઓ રે લો૦ ૧
દીધી ચરણની ચાકરી રે લો, હું સેવું હરખે કરી રે લો;
સાહિબ સામું નિહાળજો રે લો,
ભવ સમુદ્રથી તારજો રે લો૦ ૨
અગણિત ગુણ ગણવા તણીરે લો,મુજ મન હોંસ ધરે ઘણીરે લો;
જિમ નભને પામ્યા પંખી રે લો,
દાખે બાળક કરથી લખી રે લો૦ ૩

જો જિન તું છે પાંશરો રે લો, કરમ તણો શો આશરો રે લો;
જો તુમે રાખશો ગોદમાં રે લો,
તો કિમ જાશું નિગોદમાં રે લો૦ ૪

જબ તાહરી કરૂણા થઈ રે લો, કુમતિ કુગતિ દૂરે ગઈ રે લો;
અધ્યાતમ રવિ ઉગિયો રે લો,
પાપ કરમ કોહાં પુગિયો રે લો૦ ૫

તુજ મૂરતિ માયા જીસીરે લો, ઉર્વશી થઈ ઉરે વસી રે લો;
રખે પ્રભુ ટાળો એક ઘડી રે લો,
નજર વાદળની છાંયડી રે લો૦ ૬

તાહરી ભક્તિ ભલી બની રે લો જિમ ઔષધિ સંજીવની રે લો;
તનમન આનંદ ઉપનો રે લો,
કહે **મોહન** કવિ રૂપનો રે લો૦ ૭

## ૯. શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

અરજ સુણો એક **સુવિધિ** જિણેસર,
પરમ કૃપાનિધિ તુમે પરમેસર;
સાહિબા સુજ્ઞાની, જુવો તો વાત છે માન્યાની;
કહેવાઓ પંચમ ચરણના ધારી,
કિમ આદરી અશ્વની અસવારી૦ સા૦ ૧

છો ત્યાગી શિવવાસ વસો છો,
દઢરથ (સુગ્રીવ) સુત રથે કિમ બેસો છો; સા૦
આંગી પ્રમુખ પરિગ્રહમાં પડશો;
હરિહરાદિકને કિણવિધ નડશો૦ સા૦ ૨

ધુરથી સકલ સંસાર નિવાર્યો,
કિમ ફરી દેવદ્રવ્યાદિક ધાર્યો; સા૦
તજી સંજમને થાશો ગૃહવાસી;
કુણ આશાતના તજશે ચોરાશી૦ સા૦
સમકિત મિથ્યા મતમાં નિરંતર,
ઈમ કિમ ભાંજશે પ્રભુજી અંતર; સા૦
લોક તો દેખશે તેહવું કહેશે,
ઇમ જિનતા તુમ કિણવિધ રહેશે૦ સા૦ ૪
પણ હવે શાસ્ત્રાગમે મતિ પહોંચી,
તેહથી મેં જોયું ઉંડું આલોચી; સા૦
ઇમ કીધે તુમ પ્રભુતાઈ ન ઘટે,
સામુ ઈમ અનુભવ ગુણ પ્રગટે૦ સા૦ ૫
હય ગય યદ્યપિ તું આરોપાએ,
તોપણ સિદ્ધપણું ન લોપાએ; સા૦
જિમ મુગટાદિક ભૂષણ કહેવાએ,
પણ કંચનની કંચનતા ન જાયે૦ સા૦ ૬
ભક્તની કરણી દોષ ન તુમને,
અઘટિત કહેવું અયુક્ત તે અમને; સા૦
લોપાએ નહિ તું કોઈથી સ્વામી,
**મોહન વિજય** કહે શિરનામી૦ સા૦ ૭

## ૧૦. શ્રી શીતલનાથ જિન સ્તવન.

શીતલ જિનવર સેવના સાહેબજી!
શીતળ જિમ શશિબિંબ હો; સનેહી૦
મૂરતિ મારે મન વસી. સાહેબજી,

સાપુરી સાશું ગોઠડી સાહેબજી૦
મોટો તે આલાલુંબ હો૦ સનેહી૦ ૧
ખીણ એક મુજને ન વિસરે, સા૦
તુમ ગુણ પરમ અનંત હો; સ૦
દેવ અવરને શું કરૂં, સા૦
ભેટ થઈ ભગવંત હો૦ સનેહી૦ ૨
તુમે છો મુગટ ત્રિહું લોકના, સા૦
હું તુમ પગની ખેહ; સ૦
તુમે છો સઘન ઋતુ મેહુલો, સા૦
હું પચ્છિમ દિશિ ત્રેહહો૦ સનેહી૦ ૩
નિરાગી પ્રભુ રીઝવું, સા૦
તુમ ગુણ નહિ મુજ માંહિ હો; સ૦
ગુરૂ ગુરુતા સહામું જૂએ, સા૦
ગુરૂતા તે મૂકે નાંહી હો૦ સનેહી૦ ૪
મોટા સેતી બરોબરી, સા૦
સેવક કિણ વિધ થાય હો; સ૦
આસંગો કિમ કીજીએ, સા૦
તિહાં રહ્યા આલુંભાય હો૦ સનેહી૦ ૫
જગગુરૂ કરૂણા કીજીએ, સા૦
ન લખ્યો આભાર વિચાર; સ૦
મુજને રાજ નિવાજશો, સા૦
તો કુણ વારણહાર હો૦ સનેહી૦ ૬

ઓલગ અનુભવ ભાવથી, સા૦
  જાણો જાણું સુજાણ; સ૦
મોહન કહે કવિ રૂપનો સા૦
  જિનજી જીવન પ્રાણ હો૦ સનેહી૦ ૭

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન.

શ્રેયાંસ જિન સુણો સાહિબા રે, જિનજી!
  દાસતણી અરદાસ, દિલડે વસી રહ્યો;
દૂર રહ્યા જાણું નહિ રે, જિનજી૦
  પ્રભુ તુમારે પાસ, દિલડે વસી રહ્યો૦ ૧
હાંરે મૃગને જયું મધુર આલાપ, દિલડે૦
  મોરને પીંછ કલાપ; દિલડે૦
દૂર રહ્યા જાણે નહિ રે, જિન૦
  પ્રભુ તુમારે પાસ૦ દિલડે૦ ૨
જળ થળ મહિયલ જોવતાં રે, જિ૦
  ચિંતામણિ ચઢયો હાથ; દિલડે૦
ઊણુપ શી હવે માહરે રે, જિ૦
  નિરખ્યો નયણે નાથ દિલડે૦ ૩
ચરણે તેહને વિલગીએ રે, જિ૦ જેહથી સીઝે કામ, દિ૦
ફોગટ શું ફેરો તિહાં રે, જિ૦ પૂછે નહિ પિણ નામ૦ દિ૦
ફૂડો કલિયુગ છોડીને રે, જિ૦ આપ રહ્યા એકાંત; દિ૦
આપોપું રાખે ઘણા રે, જિ૦ પર રાખે તે સંત૦ દિ૦ ૫
દેવ મેં ઘણા દેખિયા રે, જિ૦ આડંબર પટરાય; દિ૦
નિગમ નહિ પણ સોડથી રે, જિ૦ આઘા પસારે પાય૦ દિ૦ ૬

સેવકને જો નિવાજીએ રે, જિ૰ તો તિહાં સ્થાને જાય; દિ૰
નિપટ નિરાગી હોવતાં રે, જિ૰ સામીપણું કિમ થાય૰ દિ૰ ૭
મેં તો તુમને આદર્યો રે, જિ૰ ભાવે તું જાણ મજાણ; દિ૰
રૂપ વિજય કવિરાયનો રે, જિ૰ મોહન વચન પ્રમાણ૰ દિ૰ ૮

## ૧૨ શ્રી વાસુપૂજ્ય સ્વામી જિન સ્તવન.

પ્રભુજી શું લાગી હો પૂરણ પ્રીતડી, જીવન પ્રાણાધાર ગિરૂઆ
જિનજી—હો રાજ;
સાહિબ સુણજો હો મારી વિનતિ,
દરિસણ દેજો હો દિલભરી શ્યામજી૰
અહો જગગુરૂ સિરદાર૰ સા૰ ૧

ચાહીને દીજે હો ચરણની ચાકરી, દ્યો અનુભવ અમ સાજ; ગિ૰
ઇમ નવિ કીજે હો સાહિબાજી સાંભળો,
કાંઈ સેવકને શિવરાજ૰ ગિ૰ સા૰ ૨

ચુપસ્યુ છાના હો સાહિબા ન બેસીએ,
કાંઇ શોભા ન લહેશો કોય; ગિ૰
દાસ ઉદ્ધારો હો સાહિબાજી આપણો,
જ્યું હોવે સુજશ સવાય૰ ગિ૰ સા૰ ૩

અરૂણ જો ઉગે હો સાહિબાજી અંબરે, નાશે તિમિર અંધાર; ગિ૰
અવર દેવ હો સાહિબાજી કિંકરા,
મિલિયો તું દેવ મુને સાર૰ ગિ૰ સા૰ ૪

અવર ન ચાહું હો સાહિબાજી તુમ છતે,
જિમ ચાતક જળધાર; ગિ૰

અટપદ ભીનો હો સાહિબાજી પ્રેમશું,
તિમ હું હૃદય મઝાર૦ ગિ૦ સા૦ ૫
સાત રાજને હો સાહિબાજી અંતે જઇ વસ્યા,
શું કરીએ તુમ પ્રીત; ગિ૦
નિપટ નિરાગી હો જિનવર તું સહી,
એ તુમ ખોટી રીત૦ ગિ૦ સા૦ ૬
દિલની જે વાતો હો કિણને દાખવું,
શ્રી **વાસુપૂજ્ય** જિનરાય; ગિ૦
ખીણ એક આવી હો પંડેજી સાંભળો,
કાંઈ **મોહન** આવે દાય૦ ગિ૦ સા૦ ૭

## ૧૩ શ્રી વિમલનાથ જિન સ્તવન.

વિમલ જિણંદશું જ્ઞાન વિનોદી, મુખ છબી શશિ અહેલેંજી;
સુરવર નિરખી રૂપ અનોપમ, હજીય નમેષ ન મેલેજી૦ વિ૦ ૧
વિષ્ણુ વરાહ થઈ ધરે વસુધા, એહવું કોઇક કહે છે જી;
તો વરાહ લંછન મશે પ્રભુને, ચરણે શરણે રહે છે જી૦ વિ૦ ૨
લીલા અકળ લલિત પુરૂષોત્તમ, સિદ્ધિ વધૂ રસ ભીનો જી;
વેધક સ્વામીથી મિલવું સોહિલું, જે કોઈ ટાળે કીનોજી. વિ૦ ૩
પ્રસન્ન થઈ જગનાથ પધાર્યા, મનમંદિર મુજ સુધર્યોજી;
હું નટ નવલ વિવિધ ગતિ જાણું,
ખિણ એકતો લ્યો મુજરો જી૦ વિ૦ ૪
ચોરાસી લખ વેશ હું આણું, કર્મ પ્રતીત પ્રમાણે જી;
અનુભવ દાન દીયો તો વારું, ચેતન કહો મ આણેજી૦ વિ૦ ૫

જે પ્રભુ ભગતિ વિમુખ નર જગમેં, તે ભ્રમ ભૂલ્યા ભટકેજી;
સંગત તેહ નવિગત લહીએ, પૂજાદિકથી ચટકેજી૦ વિ૦ ૬
કીજે પ્રસાદ ઉચિત ઠકુરાઈ, સ્વામી અખય ખજાનો જી;
રૂપ વિબુધનો મોહન પભણે, સેવક વિનતિ માનોજી૦ વિ૦ ૭

## ૧૪. શ્રી અનંતનાથ જિન સ્તવન.

અનંત જિણંદશું વિનતિ, મેં તો કીધી ત્રિકરણથી આજ;
મિલતા નિજ સાહિબ ભણી, કુણ આણે હો મૂરખ મન
લાજ૦ અનંત૦ ૧
મુખ પંકજ મન મધુકરૂ, રહ્યો લુબ્ધો હો ગુણજ્ઞાને લીન;
હરિહર આવળ ફૂલ જ્યોં, તે દેખ્યાં હો કિમ ચિત્ત હોવે
પ્રીણ૦ અ૦ ૨
ભવ ફરીઓ દરીઓ તરીઓ, પણ કોઈ હો અણુસરિઓ ન દ્વીપ;
હવે મન પ્રવહણ માહરૂં, તુમ પદ ભેટે હો મેં રાખ્યું
છીપ૦ અ૦ ૩
અંતરજામી મિલ્યે થકે, ફળે માહરો હો સહી કરીને ભાગ;
હવે વાહી જાવા તણી, નથી પ્રભુજી હો કોઈ ઈહાં લાગ૦ અ૦ ૪
પલ્લવ ગ્રહી રઢ લેઇશું, નહિ મેળો હો જ્યારે તુમે મીટ;
આતમ અંબરે જો થઈ, કીમ ઉવટે હો કરારી છીંટ૦ અ૦ ૫
નાયક નિજ નિવાજીયેં, હવે લાજીયેં હો કરતાં રસ લૂંટ;
અધ્યાતમ પદ આપવા, કાંઈ નહિ પડે હો ખજાને ખૂટ૦ અ૦ ૬
જિમ તુમે તર્યા તિમ તારજ્યો, શું બેસે હો તમને કાંઈ દામ;
નહિ તારો તો મુજને; તો કિમ તુમ હો તારક કહેસ્યો
નામ૦ અ૦ ૭

હું તો જિન રૂપસ્થથી, રહું હોઈ હો અહનિશ અનુકૂળ;
ચરણ તજી જઈએ કીહાં, છે માહરી હો વાતલડીનો
મૂળ૦ અ૦ ૮
અષ્ટાપદ પદ કીમ કરે, અન્ય તીરથ હો જાશે જેમ હેડ;
મોહન કહે કવિ રૂપનો, વિના ઉપશમ હો નવિ મુકું
કેડ૦ અ૦ ૯

## ૧૫ શ્રી ધર્મનાથ જિન સ્તવન.

હાંરે મારે ધર્મ જિણંદશું લાગી પૂરણ પ્રીત જો,
જીવલડો લલચાણો જિનજીની ઓળગે રે લોલ;
હાંરે મુને થાશે કોઈક સમયે પ્રભુ પ્રસન્ન જો,
વાતલડી માહરી રે સવિ થાશે વગે રે લોલ૦ ૧
હાંરે પ્રભુ દુર્જનનો ભંભેર્યો માહરો નાથ જો,
ઓળવશે નહિ કયારે કીધી ચાકરી રે લોલ;
હાંરે મારા સ્વામી સરખો કુણ છે દુનિયા માંહે જો,
જઇએ રે જિમ તેહને ઘર આશા કરી રે લોલ૦ ૨
હાંરે જસ સેવા સેતિ સ્વારથની નહિ સિદ્ધિ જો,
ઠાલી રે શી કરવી તેહથી ગોઠડી રે લોલ;
હાંરે કાંઈ જુઠું ખાય તે મીઠાઈને માટે જો,
કાંઇ રે પરમારથ વિણ નહિં પ્રીતડી રે લોલ૦ ૩
હાંરે મારે અંતરજામી જીવન પ્રાણ આધાર જો,
વાયો રે નવિ જાણ્યો કળિયુગ વાયરો રે લોલ;
હાંરે મારે લાયક નાયક ભગત વત્સલ ભગવંત જો,
વારૂ રે ગુણ કેરો સાહીબ સાયરૂં રે લોલ૦ ૪

હાંરે મારે લાગી મુજને તાહરી માયા જોર જો,
અળગા રે રહ્યાથી હોય આસંગળો રે લોલ;
હાંરે કુણ જાણે અંતરગતની વિણુ મહારાજ જો,
હેજે રે હસી બોલો છાંડી આમળો રે લોલ૦ ૫

હાંરે તારે મુખને મટકે અટકયું માહરૂં મન જો,
આંખડલી અણીઆળી કામણગારીઆં રે લોલ;
હાંરે મારા નયણા લંપટ જોવે ખીણ ખીણ તુજ જો,
રાતે રે પ્રભુ રૂપે ન રહે વારીઆં રે લોલ૦ ૬

હાંરે પ્રભુ અળગા તો પણ જાણજો કરીને હજૂર જો,
તાહરી રે બલિહારી હું જાઉં વારણે રે લોલ;
હાંરે કવિ રૂપવિબુધનો **મોહન** કરે અરદાસ જો,
ગિરૂવાથી મન આણી ઉલટ અતિ ઘણે રે લોલ૦ ૭

## ૧૬ શ્રી શાંતિનાથ જિન સ્તવન.

સોળમા શ્રી જિનરાજ ઓળગ સુણો અમતણી લલના,
ભગતથી એવડી કેમ કરો છો ભોળામણી લલના;
ચરણે વળગ્યો જેહ આવીને થઈ ખરો લલના,
નિપટ તેહથી કોણ રાખે રસ આંતરો લલના૦ ૧

મેં તુજ કારણ સ્વામી ઉવેખ્યા સુર ઘણા લલના,
માહરી દિશાથી મેં તો ન રાખી કાંઈ મણા લલના;
તો તુમે મુજથી કેમ અપુઠા થઇ રહો લલના,
ચૂક હોવે જે કોઈ સુખે મુખથી કહો લલના૦ ૨

તુજથી અવર ન કોય અધિક જગતી તળે લલના,
જેહથી ચિત્તની વૃત્તિ એકાંગી જઈ મળે લલના;
દીજે દરશન વાર ઘણી ન લગાવીએ લલના,
વાતલડી અતિ મીઠી તે કીમ વિરમાવીએ લલના૦ ૩
તું જો જળ તો હું કમળ કમળ તો હું વાસના લલના,
વાસના તો હું ભમર ન મૂકું આસના લલના;
તું છોડે પણ હું કેમ છોડું તુજ ભણી લલના,
લોકોત્તર કોઇ પ્રીત આવી તુજથી બની, લલના૦ ૪
ધુરથી શાને સમકિત દઈને ભોળવ્યો લલના,
હવે કેમ જાઉં ખોટે દિલાસે ઓળવ્યો લલના;
જાણી ખાસો દાસ વિમાસો છો કિશ્યું લલના,
અમે પણ ખીજમત માંહી કે ખોટા કિમ થશું લલના૦ ૫
બીજી ખોટી વાતે અમે રાચું નહિં લલના,
મેં તુજ આગળ માહરી મનવાળી કહી લલના;
પૂરણ રાખો પ્રેમ વિમાસો શું તમે લલના,
અવસર લહી એકાંત વિનવીએ છીએ અમે લલના૦ ૬
અંતરજામી સ્વામી અચિરાનંદના લલના,
શાંતિકરણ શ્રી શાન્તિજી માનજો વંદના લલના;
તુજ સ્તવનાથી તનમન આનંદ ઉપન્યો લલના,
કહે **મોહન** મનરંગ સુપંડિત રૂપનો લલના૦ ૭

## ૧૭ શ્રી કુંથુનાથ જિન સ્તવન

કુંથુજિણંદ કરૂણા કરો, જાણી પોતાનો દાસ, સાહિબ મોરા૦
શું જાણી અળગા રહ્યા, જાણ્યું કે આવશે પાસ૦ સાહિબ
મોરા૦ ૧

અજબ રંગીલા પ્યારા, અકળ અલક્ષ્મી ન્યારા,
પરમ સસનેહિ માહરી વિનતિ૦
અંતર જામી વાલહા, જોવા મીટ મિલાય; સાહિબ૦
ખીણ મ હસો ખીણમાં હસો, ઈમ પ્રીતિ નિવાહો કેમ થાય.
સાહિબ૦ પરમ૦ ૨
રૂપી હોતો પાલવ ગ્રહું, અરૂપીને શું કહેવાય; સા૦
કાન માંડયા વિના વારતા, કહોનેજી કેમ બકાય૦
સાહિબ૦ પરમ૦ ૩
દેવ ઘણા દુનિયા માંય છે, પણ દીલ મેળો નવિ થાય; સા૦
જિણ ગામે જાવું નહિ, તે વાટે કહો શું પૂછાય૦
સાહિબ૦ પરમ૦ ૪
મુજ મન અંતરમુહૂર્તનો, મેં ગ્રહ્યો ચપળતા દાવ; સા૦
પ્રીતિ સમે તો જુઓ કહો, એ તો સ્વામી સ્વભાવ૦
સા૦ ૫૦ ૫
અંતર શો મળિયા પછે, નવિ મલીએ પ્રભુ મૂલ; સા૦
કુમયા કીમ કરવી ઘટે, જે થયો નિજ અનુકુલ૦
સા૦ ૫૦ ૬
જાગી હવે અનુભવ દશા, લાગી પ્રભુ શું પ્રીત; સા૦
રૂપવિજય કવિરાયનો, કહે **મોહન** રસ રીત૦ સા૦ ૫૦ ૭

## ૧૮. શ્રી અરનાથ જિન સ્તવન.

અરનાથ અવિનાશી, હો સુવિલાસી, ખાસી ચાકરી;
કાંઈ ચાહું અમે નિશદિશ;
અંતરાયને રાગે, હો અનુરાગે, કીણ પરે કીજીએ;
કાંઈ શુભ ભાવે સુજગીશ૦ અર૦ અ૦ ૧

સિદ્ધ સ્વરૂપી સ્વામી, હો ગુણધામી, અલખ અગોચરૂં
કાંઈ દીઠા વિણુ દેદાર;
કીમ પતીજે કીજે, હો કીમ લીજે, ફળ સેવા તણું;
કાંઈ દીસે ન પ્રાણ આધાર૦ અર૦ અ૦ ૨

જ્ઞાન વિના કુણ પેખે, હો સંક્ષેપે, સૂત્રે સાંભલ્યો;
કાંઈ અથવા પ્રતિમા રૂપ;
સામે જો સંપેખું હો પ્રભુ દેખું દિલભર લોયણે;
કાંઈ તો મન મેં હુવે ચૂપ૦ અર૦ અ૦ ૩

જગનાયક જિનરાયા, હો મન ભાવ્યા, મુજ આવી મલ્યા;
કાંઈ મહેર કરી મહારાજ;
સેવક તો સસનેહી, હો નિઃસનેહી, પ્રભુ કીમ કીજીએ;
કાંઈ દાસ કોઈ વહીએ રે લાજ૦ અર૦ અ૦ ૪

ભક્તિ ગુણે ભરમાવી, હો સમજાવી, પ્રભુજીને ભોળવી;
કાંઈ રાખું હૃદય મોઝાર;
તો કહેજો શાબાશી હો પ્રભુ ભાસી, જાણી સેવના;
કાંઈ એ અમચો એકતાર૦ અર૦ અ૦ ૫

પાણી ખીર તે મેળે, હો કીણ ખેલે, એકાંત હોઈ રહું;
કાંઈ નહી રે મીલણનો જોગ;
જો પ્રભુ દેખું નયણે, હો કહી વયણે, સમજાવું સહી;
કાંઈ તે ન મિલે સંજોગ૦ અર૦ અ૦ ૬

મન મેળું કીમ રીઝે, હો શું કીજે, અંતરાય એવડો;
કાંઈ નિપટ નહેજા નાથ;

સાતરાજને અંતે, હો કીણુ પાખે, તે આવીને મળું;
કોઈ વિકટ તુમારોજી પાથ૰ અર૰ અ૰ ૭
ઓળગ એ અનુભવની, હો મુજ મનની, વાર્તા સાંભળી;
કાંઈ કીજે આજે નિવાજ;
રૂપ વિબુધનો મોહન, હો મનમોહન, સાંભળ વિનતિ;
કાંઈ દીજે શિવપુરરાજ૰ અર૰ અ૰ ૮

## ૧૯. શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

સુગુરુ સુણી ઉપદેશ ધ્યાયો દિલમાં ધરી હો લાલ, ધ્યાયો૰
કીધી ભક્તિ અનંત ચવીં ચવી ચાતુરી હો લાલ; ચવી૰
સેંચ્યોરે વિસવાવીસ ઉલટ ધરી ઉલ્લસ્યો હો લાલ, ઉલટ૰
દીઠો નવિ દિદાર કાન કિણુહી લગ્યો હો લાલ૰ કાન૰ ૧
પરમેશ્વર શું પ્રીત કહો કેમ કીજીએ હો લાલ, કહો૰
નિમેષ ન મેળે મિટ દોષ કીણુ દીજીએ હો લાલ; દોષ૰
કોણુ કરે તકસીર સેવામાં સાહિબા હો લાલ, સેવામાં૰
કીજે ન છોકરવાદ ભગત ભરમાવવા હો લાલ૰ ભગત૰ ૨
જાણ્યું તમારૂં જાણુ પુરૂષના પારખો હો લાલ, પુરૂષ૰
સુગુણુ નિગુણુનો રાહ કર્યો શું સારીખો હો લાલ; કર્યો૰
દીધો દીલાસો દીન દયાળ કહાવશો હો લાલ, દયાળ૰
કરૂણા રસ ભંડાર બિરૂદ કેમ પાળશો હો લાલ૰ બિરૂદ૰ ૩
શું નિવસ્યા તુમે સિદ્ધ સેવકને અવગણી હો લાલ, સેવક૰
દાખો અવિહડ પ્રીત જાવા દ્યો ભોલામણી હો લાલ; જાવા દ્યો૰
જો કોઈ રાખે રાગ નિરાગ મ રાખીએ હો લાલ, નિરાગ૰
ગુણુ અવગુણુની વાત કહી પ્રભુ ભાખીએ હો લાલ૰ કહી૰ ૪

અમચા દોષ હજાર તિકે મત ભાળજ્યો હો લાલ; તિકે૦
તમે છો ચતુર સુજાણ પ્રીતમ ગુણ પાળજ્યો હો લાલ; પ્રીત૦
**મલ્લિનાથ** મહારાજ મ રાખો આંતરો હો લાલ, મ૦
દ્યો દરિશણ દિલધાર મિટે જ્યું ખાંતરો હો લાલ૦ મિટે૦ ૫
મન મંદિર મહારાજ વિરાજે દીલ મળી હો લાલ, વિ૦
ચંદ્રાતપ જિમ કમળરિદય વિકસે કળી હો લાલ; રિદય૦
કવિ રૂપવિબુધ સુપસાય કરો અમ રંગરળી હો લાલ કરો૦
કહે **મોહન** કવિરાય સકળ આશા ફળી હો લાલ૦ સકળ૦ ૬

## ૨૦. શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

હો પ્રભુ મુજ પ્યારા ન્યારા થયા કેઈ રીત જો,
ઓળગુઆને આલાલુંબન તાહરો રે લોલ;
હો પ્રભુ મુજ પ્યારા ભક્તિ વત્સલ ભગવંત જો,
આય વસો મનમંદિર સાહિબ માહરે રે લોલ૦ ૧
હો પ્રભુ મુજ પ્યારા ખીણ ન વિસારૂં તુજ જો,
તંબોલીના પત્રતણી પેરે ફેરતો રે લોલ;
હો પ્રભુ મુજ પ્યારા લાગી મુને માયા જોર જો,
દિલઘર વાસી સુસાહિબ તુમને હેરતો રે લોલ;૦ ૨
હો પ્રભુ મુજ પ્યારા તું નિઃસ્નેહી જિનરાય જો,
એક પખી પ્રીતલડી કીણી પરે રાખીએ રે લોલ;
હો પ્રભુ મુજ પ્યારા અંતરગતની મહારાજ જો,
વાતલડી વિણુ સાહેબ કેહને દાખીએ રે લોલ૦ ૩
હો પ્રભુ મુજ પ્યારા અલખરૂપ થઈ આપ જો,
જાઈ વસ્યો શિવ મંદિર માંહિ તું જઈ રે લોલ;

હો પ્રભુ મુજ પ્યારા લાધ્યો તુમારો ભેદ જો,
સૂત્ર સિદ્ધાંત ગતિને સાહિબ તુમ લહી રે લોલ૦ ૪
હો પ્રભુ મુજ પ્યારા જગજીવન જિનરાય જો,
મુનિસુવ્રતજિન મુજરો માનજો માહરો રે લોલ;
હો પ્રભુ મુજ પ્યારા પય પ્રણુમી જિનરાય જો,
ભવ ભવ શરણો સાહિબ સ્વામી તાહરો રે લોલ૦ ૫
હો પ્રભુ મુજ પ્યારા રાખશું હૃદય મોઝાર જો,
આપો શામળીઆ દ્યો પદવી તાહરી રે લોલ;
હો પ્રભુ મુજ પ્યારા રૂપવિજયનો શિષ્ય જો,
મોહનને મન લાગી માયા તાહરી રે લોલ૦ ૬

## ૨૧. શ્રી નમિનાથ જિન સ્તવન.

અરજ નમિનાથ રાજને કહીએ,
મીઠે વચન પ્રભુ મન લહીએ રે; સુખકારી સાહેબજી
પ્રભુ છે નિપટ નિઃસ્નેહી નગીના,
તો હઈડે છો સેવક અધીના રે૦ સુખકારી સાહેબજી૦ ૧
સુનજર કરશો તો વરશો વડાઈ,
શું કહીએ પ્રભુને લડાઇ રે; સુખકારી સાહેબજી૦
તુમે અમને કરશો મોટા,
કોણ કહેશે રે પ્રભુ તમને ખોટા રે૦ સુખકારી સા૦ ૨
નિઃશંક થઇ શુભ વચનો કહેશો,
તો જગ શોભા અધિકી લેશો રે; સુખકારી સાહેબજી૦
અમે તો રહ્યા છીએ તુમને રાચી,
રખે આપ રહો મન ખાંચી રે૦ સુખકારી સાહેબજી૦ ૩

અમે તો કિશું અંતર નવિ રાખું,
જો હોવે હૃદયે તે કહી દાખું રે; સુખકારી સાહેબજી૦
ગુણીજન આગળ ગુણ કહેવાયે,
જે વારે પ્રીત પ્રમાણે થાએ રે૦ સુખકારી સાહેબજી૦ ૪
વિષધર ઈશ હૃદયે લપટાણો,
તેહવો અમને મળ્યો છે ટાણો રે; સુખકારી સાહેબજી૦
નિરવહસો જો પ્રીત અમારી,
કલિ કીરતિ થાશે તમારી રે૦ સુખકારી સાહેબજી૦ ૫
ધૂત્તાઈ ચિત્તડે નવી ધરશો,
કાંઈ અવળો વિચાર ન કરશો રે; સુખકારી સાહેબજી૦
જિણ તિમ કરી સેવક જાણજો,
અવસર લહી સુધ લેજો રે૦ સુખકારી સાહેબજી૦ ૬
આસંગે કહીએ છીએ તુમને,
પ્રભુ દીજે દીલાસો અમને રે, સુખકારી સાહેબજી૦
**મોહન** વિજય સદા મનરંગે,
ચિત્ત લાગ્યો પ્રભુને સંગે રે૦ સુખકારી સાહેબજી૦ ૭

## ૨૨. શ્રી નેમિનાથ જિન સ્તવન.

કાં રથ વાળો હો રાજ—સાહમું નિહાળો હો રાજ,
પ્રીત સંભાળો રે વાલ્હા યદુકુળ સેહરા;
જીવન મીઠા હો રાજ—મત હોજો ધીઠા હો રાજ,
દીઠા અલજે રે વાલ્હા નિવહો નેહરા૦ ૧
નવભવ ભજ્જા હો રાજ—તિહાં શી લજ્જા હો રાજ,
તજતાં ભજ્જા રે કંસે રણકા વાજીયા;

શિવાદેવી જાયા હો રાજ—માની લ્યો માયા હો રાજ,
કિમહિક પાયારે વહાલા મધુકર રાજીયા૦ ૨
સુણી હરણીના હ રાજ—વચન કામિનીના હો રાજ,
સહી તો બીના રે વહાલા આગળ આવતાં;
કુરંગ કહાણા હો રાજ—ચૂકે ન ટાણા હો રાજ,
જાણો વહાલા રે દેખી વર્ગ વિરંગતા૦ ૩
વિણ ગુન્હે અટકી હો રાજ—છાંડો માં છટકી હો રાજ,
કટકી ન કીજે રે વહાલા કીડી ઉપરે;
રોષ નિવારો હો રાજ—મહેલ પધારો હો રાજ,
કાંઈ વિચારો રે વહાલા ડાબું જિમણું૦ ૪
એ શી હાંસી હો રાજ—હોએ વિખાસી હો રાજ,
જૂઓ વિમાસી રે અતિશે રોષ ન કીજીએ;
આ ચિત્રશાળી હો રાજ—સેજ સુંવાળી હો રાજ,
વાત હતાળી રે વહાલા મહારસ પીજીએ૦ ૫
મુગતિ વનિતા હો રાજ—સામાન્ય વનિતા હો રાજ,
તજી પરિણીતા રે વહાલા કાં તુમ આદરો;
તુમને જે ભાવે હો રાજ—કુણ સમજાવે હો રાજ,
કિમ કરી આવે રે જાણ્યો કુંજર પાધરો૦ ૬
વચને ના ભીનો હો રાજ—**નેમનગીનો** હો રાજ,
પરમ ખજાનો રે વહાલા નાણુ અનૂપનો;
વ્રત શિવ સ્વામી હો રાજ, રાજુલ પામી હો રાજ,
કિમ હિત કામી રે **મોહન** બુધ રૂપનો૦ ૭

## ૨૩ શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

**વામાનંદન હો પ્રાણથકી પ્યારા,**
નાહિ કીજે હો નયણ થકી ક્ષણ ન્યારા;
પુરિસાદાણી શામળ વરણો, શુદ્ધ સમકિતને ભાસે;
શુદ્ધ પુંજ જિણે કીધો તેહને, ઉજજવલ વરણ પ્રકાશે૦
વામાનંદન હો૦ ૧

તુજ ચરણે વિષધર વિણ નિરવિષ, દંસણે થાય ખીડોજા;
જોતાં અમ શુદ્ધ સ્વભાવ કાં ન હુવે, એહ અમે ગ્રહ્યા છોજા૦
—વામાનંદન હો૦ ૨

કમઠ રાય મદ કિણ ગિણતીમાં, મોહતણો મદ જોતાં;
તાહરી શક્તિ અનંતી આગળ, કેઈ કેઈ મર ગયા ગોતાં;૦
—વામાનંદન હો૦ ૩

તેં જીમ તાર્યા તિમ કુણ તારે, કુણ તારક કહું એહવો;
સાયર માન તે સાયર સરિખો, તિમ તું પિણ તું જેહવો૦
—વામાનંદન હો૦ ૪

કિમ પણ બેસો તુમે કરૂણાકર, તે મુજ પ્રાપ્તિ અનંતી;
જેમ પડે કણ કુંજર મુખથી, કીડી બહુ ધનવંતી૦
—વામાનંદન હો૦ ૫

એક આવે એક મોજાપાવે, એક કરે ઓલગડી;
નિજ ગુણ અનુભવ દેવા આગળ, પડખે નહિ તું બે ઘડી૦
—વામાનંદન હો૦ ૬

જેહવી તુમથી માહરી માયા, તેહવી તુમે પિણ ધરજો;
મોહનવિજય કહે કવિ રૂપનો, પ્રત્યક્ષ કરૂણા કરજો૦
—વામાનંદન હો૦ ૭

## ૨૪ શ્રી મહાવીર સ્વામી જિન સ્તવન.

દુર્લભ ભવ લહી દોહિલો રે, કહો તરીએ કવણ ઉપાય રે;
પ્રભુજીને વીનવું રે૦
સમકિત સાચો સાચવું રે, તે કરણી કિમ થાય રે;
પ્રભુજીને વિનવું રે૦ ૧

અશુભ મોહ જે મેટીએ રે, કાંઈ શુભ પ્રભુને જાય રે;
પ્રભુજીને વીનવું રે૦
નિરાગે પ્રભુને ધ્યાઈએ, કાંઈ તો પિણ રાગ કહેવાય રે;
પ્રભુજીને વીનવું રે૦ ૨

નામ ધ્યાતાં જો ધ્યાઇએ રે, કાંઈ પ્રેમ વિના નવિ તાન રે; પ્ર૦
મોહ વિકાર જિહાં તિહાં રે, કાંઈ કિમ તરીએ ગુણધામ રે;
પ્રભુજીને વીનવું રે૦ ૩

મોહ બંધ જ બાંધીયો રે, કાંઈ બંધ જિહાં નહિ સોય રે; પ્ર૦
કર્મબંધ ન કીજીએ રે, કર્મ બંધન ગયે જોય રે૦
—પ્રભુજી૦ ૪

તેમાં શો પાડ ચડાવીએ રે, કાંઈ તુમે શ્રી મહારાજ રે;
—પ્રભુજી૦
વિણ કરણી જો તારશો, કાંઇ સાચા શ્રી જિનરાજ રે૦—પ્ર૦ ૫

પ્રેમ મગનની ભાવના રે, કાંઈ ભાવ તિહાં ભવનાશ રે;—પ્ર૦
ભાવ તિહાં ભગવંત છે રે, કાંઇ ઉપદિશે આતમ સાસરે. પ્ર૦ ૬

પૂરણ ઘટાભ્યંતર ભર્યો રે, કાંઈ અનુભવ અનુહાર રે;—પ્ર૦
આતમ ધ્યાને ઓળખી રે. કાંઈ તરશું ભવનો પાર રે.—પ્ર૦ ૭

વર્ધમાન મુજ વિનતિ રે, કાંઈ માન જો નિશદિશ રે; પ્ર૦
મોહન કહે મન મંદિરે રે, કાંઈ વસીઓ તું વિશવાવિશ
રે૦—પ્રભુજી૦ ૮

# શ્રી માનવિજયજી વિરચિત ચોવીશી.

## ૧. શ્રી ઋષભદેવ જિન સ્તવન.

**ઋષભ** જિણંદા ઋષભ જિણંદા, તુમ દરિશણ હુએ પરમાણંદા;
અહનિશિ ધ્યાઉં તુમ દીદારા, મહેર કરીને કરજો પ્યારા
—ઋષભ૦ ૧
આપણને પુંઠે જે વળગા, કિમ સરે તેહને કરે અળગા;
અળગા કીધા પણ રહે વળગા, મોરપીંછ પરે ન હુએ ઉભગા.
—ઋષભ૦ ૨
તુમે પણ અળગા થયે કિમ સરશે, ભક્તિ ભલી આકર્ષી લેશે;
ગગને ઉડે દૂરે પડાઈ, દોરી બળે હાથે રહી આઈ—ઋ૦ ૩
મુજ મનડું છે ચપળ સ્વભાવે, તોહે અંતરમુહૂર્ત્ત પ્રસ્તાવે;
તું તો સમય સમય બદલાયે, ઈમ કિમ પ્રીતિ નિહાવો થાયે
—ઋષભ૦ ૪
તે માટે તું સાહિબ માહરો, હું છુ સેવક ભવોભવ તાહરો;
એહ સંબંધમાં મ હોશો ખામી, વાચક **માન** કહે શિરનામી.
ઋષભ૦ ૫.

## ૨. શ્રી અજિતનાથ જિન સ્તવન.

**અજિત** જિણેસર ચરણની સેવા, હેવાયે હું હળીયો;
કહિયે અણચાખ્યો પણ અનુભવ–રસનો ટાણો મળીયો
પ્રભુજી મહેર કરીને આજ, કાજ અમારાં સુધારો ૧

મૂકાવ્યો પણ હું નવિ મુકું, ચુકું એ નવિ ટાણો;
ભક્તિભાવ ઉઠયો જે અંતરે, તે કિમ રહે શરમાણો–પ્ર૦ ૨
લોચન શાંત સુધારસ સુભગા, મુખ મટકાળું સુપ્રસન્ન;
યોગમુદ્રાનો લટકો ચટકો, અતિશય તો અતિધન્ન–પ્ર૦ ૩
પિંડ પદસ્થ રૂપસ્થે લીનો, ચરણ કમળ તુજ ગ્રહીયાં;
ભ્રમર પરે રસ સ્વાદ ચખાવો, વિરસો કાં કરો મહિયાં–પ્ર૦ ૪
બાળ કાળમાં વાર અનંતી, સામગ્રીયે હું નવિ જાગ્યો;
યૌવન કાળે તે રસ ચાખ્યો, તું સમરથ પ્રભુ માગ્યો–પ્ર૦ ૫
તું અનુભવ રસ દેવા સમરથ, હું પણ અરથી તેહનો,
ચિત્ત વિત્તને પાત્ર સંબંધે, અજર રહ્યો હવે કેહનો–પ્ર૦ ૬
પ્રભુની મહેરે તે રસ ચાખ્યો, અંતરંગ સુખ પામ્યો;
**માન**વિજય વાચક ઇમ જંપે, હુઓ મુજ મન કામ્યો–પ્ર૦ ૭

## ૩. શ્રી સંભવનાથ જિન સ્તવન.

સાંભળ સાહિબ વિનતી, તું છે ચતુર સુજાણ; સનેહી.
કીધી સુજાણને વિનતી, પ્રાયે ચઢે તે પ્રમાણ—સનેહી૦ ૧
**સંભવ** જિન અવધારીયે, મહેર કરી મહેરબાન; સનેહી.
ભવભય ભાવઠ ભંજણો, ભક્તિ વત્સલ ભગવાન–સનેહી૦ ૨
તું જાણે વિણું વિનવે, તોહે મેં ન રહાય; સનેહી
અર્થી હોએ ઊતાવળો, ક્ષણ વરસાં સો થાય—સનેહી૦ ૩
તું તો મોટપમાં રહે, વિનવીયે પણ વિલંબાય; સનેહી.
એક ધીરો એક ઊતાવળો, ઈમ કિમ કારજ થાય–સનેહી૦ ૪
મન માન્યાની વાટડી, સઘળે દીપે નેટ; સનેહી.
એક અંતર પેસી રહે, એક ન પામે ભેટ—સનેહી૦ ૫

યોગ્ય અયોગ્ય જે જોઈવા, તે અપૂરણનું કામ; સનેહી.
ખાઈના જળને પણ કરે, ગંગાજળ નિજ નામ—સનેહી૦ ૬
કાળ ગયો બહુ વાયદે, તે તો મેં ન ખમાય; સનેહી.
યોગવાઇએ ફીરી ફીરી, પામવી દુર્લભ થાય—સનેહી૦ ૭
ભેદભાવ મૂકી પરો, મુજશું રમો એકમેક; સનેહી.
**માન**વિજય વાચક તણી, એ વિનતિ છે છેક—સનેહી૦ ૮

## ૪. શ્રી અભિનંદન જિન સ્તવન.

પ્રભુ મુજ દરિશન મળીયો અલવે, મન થયો હવે હળવે હળવે;
સાહિબા **અભિનંદન** દેવા, મોહના અભિનંદન દેવા,
પુણ્યોદય એ મોટો માહરો, અણચિંત્યો થયો દરિશન તાહરો
—સા૦ ૧
દેખત ખેવ હરી મન લીધું, કામણગારે કામણ કીધું; સા૦
મનડું જાયે નહિ કોઈ પાસે, રાત દિવસ રહે તાહરી પાસે
—સા૦ ૨
પહિલું તો જાણ્યું હતું સોહિલું, પણ મોટાશું મળવું દોહિલું
સોહિલું જાણી મનડું વળગ્યું, થાય નહિ હવે કીધું અળગું
—સા૦ ૩
રૂપ દેખાડી હોએ અરૂપી, કિમ ગ્રહીવાયે અકળ સરુપી; સા૦
તાહરી વાત ન જાણી જાયે, મનડાની શી ગતિ થાયે—સા૦ ૪
પહિલાં જાણી પછે કરે કિરિયા, તે પરમારથે સુખના દરિયા; સા૦
વસ્તુ અજાણ્યે મન દોડાવે, તે તો મૂરખ બહુ પસ્તાવે
—સા૦ ૫

તે માટે તું રૂપી અરૂપી, તું શુદ્ધ બુદ્ધને સિદ્ધ સરૂપી, સા૦
એહ સરૂપ ગ્રહીયું જબ તાહરું,
તવ ભ્રમ રહિત થયું મન માહરું —સા૦ ૬
તુજ ગુણ જ્ઞાન ધ્યાનમાં રહીયે,
ઈમ હળવું પણ સુલભ જ કહીએ; સા૦
**માન**વિજય વાચક પ્રભુ ધ્યાને, અનુભવ રસમાં હળ્યો એકતાને
—સા૦ ૭

## ૫. શ્રી સુમતિનાથ જિન સ્તવન.

રૂપ અનૂપ નિહાળી, **સુમતિ**જીન તાહરું હો લાલ; સુ૦
છાંડી ચપળ સ્વભાવ, ઠર્યું મન માહરું હો લાલ; ઠર્યું૦
રૂપી સરૂપી ન હોત, જો જગ તુજ દીસતું હો લાલ; જો૦
તો કુણ ઉપર મન્ન, કહો અમ હીંસતું હો લાલ; કહો૦ ૧
હીંસ્યા વિણ કિમ શુદ્ધ, સ્વભાવને ઈચ્છતા હો લાલ; ઈ૦
ઈચ્છા વિણ તુજ ભાવ, પ્રગટ કિમ પ્રીછતા હો લાલ; પ્ર૦
પ્રીછયા વિણ કિમ ધ્યાન, દશામાંહી લ્યાવતા હો લાલ, દશા૦
લાવ્યા વિણ રસ સ્વાદ, કહો કિમ પાવતા હો લાલ; ક૦ ૨
ભક્તિ વિના નવિ મુક્તિ, હુયે કોઈ ભગતને હો લાલ, હુયે૦
રૂપી વિના તો તેહ, હુયે કિમ વ્યગતને હો લાલ; હુયે૦
નવણ વિલેપન માળ, પ્રદીપને ધૂપણા હો લાલ, પ્રદીપ૦
નત્ર નવ ભૂષણ ભાળ, તિલક શિર ખૂંપણા હો લાલ; તિ૦ ૩
અમ સત પુણ્યને યોગે, તુમે રૂપી થયા હો લાલ, તુમે૦
અમૃત સમાની વાણી, ધરમની કહી ગયા હો લાલ, ધરમ૦
તેહ આલંબીને જીવ, ઘણાએ બુઝીયા હો લાલ, ઘણા૦
ભાવિ ભાવન જ્ઞાને, અમો પણ રંઝિયા હો લાલ; અમો૦ ૪

તે માટે તુજ પિંડ, ઘણા ગુણ કારણો હો લાલ, ઘણા૦
સેવ્યો ધ્યાયો હુએ, મહાભય વારણો હો લાલ; મહા૦
શાંતિવિજય બુધ શિષ્ય, કહે ભવિક જના હો લાલ, કહે૦
પ્રભુનું પિંડસ્થ ધ્યાન, કરો થઈ ઈક મના હો લાલ, કરો૦ ૫

## ૬. શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

શ્રી પદ્મપ્રભુના નામને, હું જાઉં બલિહાર; ભવિજન.
નામ જપંતાં દીહા ગમું, ભવ ભય ભંજનહાર; ભ૦ શ્રી૦ ૧
નામ સુણંતાં મન ઉલ્લસે, લોચન વિકસિત હોય; ભ૦
રોમાંચિત હુયે દેહડી, જાણે મિલીયો સોય; ભ૦ શ્રી૦ ૨
પંચમ કાળે પામવો, દુર્લભ પ્રભુ દીદાર; ભ૦
તો એ તેહના નામનો, છે મોટો આધાર; ભ૦ શ્રી૦ ૩
નામ ગ્રહે આવી મિલે, મન ભીતર ભગવાન; ભ૦
મંત્ર બળે જિમ દેવતા, વાહલો કીધે આહવાન; ભ૦ શ્રી૦ ૪
ધ્યાન પદસ્થ પ્રભાવથી, ચાખ્યો અનુભવ સ્વાદ; ભ૦
માનવિજય વાચક કહે, મૂકો બીજો વાદ; ભ૦ શ્રી૦ ૫

## ૭. શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન.

નિરખી નિરખી તુજ બિંબને,
હરખિત હુયે મુજ મન્ન; સુપાસ સોહામણો,
નિરવિકારતા નયનમાં, મુખડું સદા સુપ્રસન્ન—સુપાસ૦ ૧
ભાવ અવસ્થા સાંભરે, પ્રાતિહારજની શોભ; સુપાસ૦
કોડિ ગમે દેવા સેવા, કરતા મૂકી લોભ—સુપાસ૦ ૨
લોકાલોકના સવિ ભાવા, પ્રતિભાસે પ્રત્યક્ષ; સુપાસ૦
તોહે ન રાચે નવિ રૂસે, નવિ અવિરતિનો પક્ષ—સુપાસ૦ ૩

હાસ્ય ન રતિ ન અરતિ નહી, નહી ભય શોક દુગંછ; સુપાસ૦
નહી કંદર્પ કદર્થના, નહી અંતરાયનો સંચ—સુપાસ૦ ૪

મોહ મિથ્યાત નિદ્રા ગઈ, નાઠા દોષ અઢાર; સુપાસ૦
ચોત્રીસ અતિશય રાજતો, મૂળાતિશય ચાર—સુપાસ૦ ૫

પાંત્રીસ વાણી ગુણે કરી, દેતો ભવિ ઉપદેશ; સુપાસ૦
ઈમ તુજ બિંબે તાહરો, ભેદનો નહિ લવલેશ—સુપાસ૦ ૬

રૂપથી પ્રભુ ગુણ સાંભરે, ધ્યાન રૂપસ્થ વિચાર; સુપાસ૦
માનવિજય વાચક વદે, જિન પ્રતિમા જયકાર—સુપાસ૦ ૭

## ૮. શ્રી ચંદ્રપ્રભપ્રભુ જિન સ્તવન.

તુંહી સાહિબારે મન માન્યા,
તું તો અકળ સ્વરૂપ જગતમાં, મનમાં કેણે ન પાયો;
શબ્દે બોલાવી ઓળખાયો, શબ્દાતીત ઠરાયો—તું૦ ૧

રૂપ નિહાળી પરિચય કીનો, રૂપમાંહિ નહિ આયો;
પ્રાતિહારજ અતિશય અહિનાણે,
શાસ્ત્રમાં બુધ્ધે ન લખાયો—તું૦ ૨

શબ્દ ન રૂપ ન ગંધ ન રસ નહીં, ફરસ ન વરણ ન વેદ;
નહિ સંજ્ઞા છેદ ન ભેદ ન, હાસ નહિ નહિ ખેદ—તું૦ ૩

સુખ નહિ દુઃખ નહિ વળી વાંછા નહિ,
નહિ રોગ યોગ ને ભોગ;
નહિ ગતિ નહિ થિતિ નહિ રતિ અરતિ,
નહિ તુજ હરસ ને શોગ—તું૦ ૪

પુણ્ય ન પાપ ન બંધ ન દેહ ન, જનમ ન મરણ ન વ્રીડા;
રાગ ન દ્વેષ ન કલહ ન ભય નહિ, નહિ સંતાપ ને ક્રીડા
—તું૦ ૫
અલખ અગોચર અજ અવિનાશી, અવિકારી નિરૂપાધિ;
પૂરણ બ્રહ્મ ચિદાનંદ સાહિબ, ધ્યાયો સહજ સમાધિ—તું૦ ૬
જે જે પૂજા તે તે અંગે, તું તો અંગથી દૂરે;
તે માટે પૂજા ઉપચારિક, ન ઘટે ધ્યાનને પૂરે—તું૦ ૭
ચિદાનંદ ઘન કેરી પૂજા, નિરવિકલ્પ ઉપયોગ;
આતમ પરમાતમને અભેદે, નહિં કોઈ જડનો જોગ—તું૦ ૮
રૂપાતીત ધ્યાનમાં રહેતાં, ચંદ્રપ્રભ જિનરાય;
માનવિજય વાચક ઈમ બોલે, પ્રભુ સરિખાઇ થાય—તું૦ ૯

## ૯. શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

તુજ સેવા સારી રે, શિવસુખની ત્યારી રે, મુજ લાગે પ્યારી રે;
પણ ન્યારી છે તાહરી પ્રકૃતિ સુવિધિ જિના રે૦ ૧
હેજે નવિ બોલે રે, સ્તવીયો નવિ ડોલે રે; હિયડો નવિ ખોલે રે;
તુજ તોલે ત્રિણ જગમાં કો નહિ નિસંગીયો રે૦ ૨
ન જુયે જોતાને રે, ન રીઝે સોતાને રે, રહે મેળે પોતાને રે;
શ્રોતાને જોતાને તો એ વાલહો રે૦ ૩
નવિ તૂસે ન રુસે રે,
ન વખાણે ન દૂસે રે, નવિ આપે ન મૂસે રે;
નવિ ભૂંસે ન મંડે રે, કોઈને કદા રે૦ ૪
ન જણાએ ધાત રે, તેહશું શી વાત રે, એહ જાણું કહે વાત રે;
રહિવા તન તોહે તુજ વિણુ માનને રે૦ ૫

## ૧૦. શ્રી શીતલનાથ જિન સ્તવન.

તુજ મુખ સનમુખ નિરખતાં, મુજ લોચન અમી ઠરંતાં હો;
શીતલજિનજી૦
તેહની શીતલતા વ્યાપે, કિમ રહેવાયે કહો તાપે હો–શી૦ ૧

તુજ નામ સુણ્યું જવ કાને, હઈડું આવે તવ સાને હો; શી૦
મૂર્છાયો માણુસ વાટે, જિમ સજ હુયે અમૃત છાંટે હો–શી૦ ૨

શુભગંધને તરતમયોગે, આકુલતા હુઈ ભાગે હો; શી૦
તુજ અદ્દભૂત દેહ સુવાસે,
તેહ મિટી ગઈ રહત ઉદાસે હો–શી૦ ૩

તુજ ગુણુ સંસ્તવને રસના, છાંડે અન્ય લવની ત્રસના હો; શી.
પૂજાયે તુજ તનુ ફરસે,
ફરસન શીતલ થઈ ઉલસે હો—શી૦ ૪

મનની ચંચલતા ભાગી, સવિ છંડી થયો તુજ રાગી હો; શી૦
કવિ **માન** કહે તુજ સંગે,
શીતલતા થઈ અંગો અંગે હો—શી૦ ૫

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન.

શ્રી **શ્રેયાંસ** જિણંદ ઘનાઘન ગહગહ્યો રે, ઘના૦
વૃક્ષ અશોકની છાયા સુભર છાઈ રહ્યો રે; સુભર૦
ભામંડળની ઝલક ઝબુકે વિજળી રે, ઝબુકે૦
ઉન્નત ગઢ તિગ ઈંદ્ર ધનુષ શોભા મિલી રે. ધનુષ૦ ૧
દેવ દુંદુભિનો નાદ ગુહિર ગાજે ઘણું રે, ગુહિર૦
ભવિક જનનાં નાટિક મોર ક્રીડા ભણું રે; મોર૦

ચામર કેરી હાર ચલંતી બગતતી રે, ચલંતી૦
દેશના રસના સુધારસ વરસે જિનપતિ રે, વરસે૦ ૩
સમકિત ચાતક વૃંદ તૃપ્તિ પામે તિહાં રે, તૃપ્તિ૦
સકળ કષાય દાવાનળ શાન્તિ હુઈ જિહાં રે; શાંતિ૦
જન ચિત્તવૃત્તિસુભુમિત્રે હાલિ થઈ રહી રે, હાલિ૦
તિણે રોમાંચ અંકુર વતી કાયા લહી રે, વતી૦ ૩
શ્રમણ કૃષિ બળ સજ્જ હુયે તવ ઉજમા રે, હુયે૦
ગુણવંત જન મન ક્ષેત્ર સમારે સંયમી રે; સમારે૦
કરતા બીજા ધાન સુધાન નિપાવતા રે, સુધાન૦
જેણે જગના લોક રહે સવિ જીવતા રે૦ રહે૦ ૪
ગણધર ગિરિતટ સંગી થઈ સૂત્ર ગૂંથના રે, થઈ૦
તેહ નદી પ્રવાહે હુઇ બહુ પાવના રે; હુઈ૦
એહિજ મોટો આધાર વિષમ કાળે લહ્યો રે; વિષમ૦
માનવિજય ઉવજ્ઝાય કહે મેં સદ્દહ્યો રે. કહે૦ ૫

## ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન.

વાસુપૂજ્ય તું સાહિબ સાચો, જેહવો હુવે હીરો જાચો હો;
સુંદર સોભાગી૦
જસ હોવે વિરોધી વાચો, તેહની ઠરે સેવા કાચો હો
—સુંદર૦ ૧
અછતી વાત ઉપજાવે, વળી ભવ છતાને છિપાવે હો, સું૦
કાંઈનું કાંઇ બોલે, પરની નિંદા કરી ડોલે હો—સું૦ ૨
ઇમ ચઉવિહ મિથ્યા ભાખી, તે દેવની કુણ ભરે સાખી હો; સું૦
આણીના મર્મના ઘાતી, હૈયામાં મોટી કાતી હો—સું૦ ૩

ગુણ વિણ રહ્યા ઉંચે ઠાણે, કિમ દેવ ઠહરાય પ્રમાણે હો; સું૦
પ્રાસાદ શિખર રહ્યો કાગ,
કિમ પામે ગરૂડ જસ લાગ હો—સું૦ ૪
તું તો વીતરાગ નિરીહ, તુજ વચન યથારથ લીહ હો; સું૦
કહે **માન**વિજય ઉવજ્ઝાય, તું તો દેવ ઠહરાય હો—સું૦ ૫

## ૧૩. શ્રી વિમલનાથ જિન સ્તવન.

જિહો **વિમલ** જિણેસર સુંદરૂ, લાલા વિમલ વદન તુજ દિઠ્ઠ;
જિહો વિમલ હુઓ મુજ આતમા,
લાલા તેણે તું અંતર પઇઠ્ઠ—
જિણેસર તું મુજ પ્રાણ આધાર,
જિહો સકલ જંતુ સુખકાર—જિણે૦ ૧
જિહો વિમલ રહે વિમળ થળે, લાલા સમલે સમલ રમેય,
જિહો માન સરોવરમેં હંસલો,
લાલા વાયસ ખાય જલેય—જિણે૦ ૨
જિહો તિમ મિથ્યાત્વી ચિત્તમાં, લાલા તુજ કિમ હોયે આભાસ;
જિહાં તિહાં કુદેવ રંગે,
લાલા સમકિત મને તુજ વાસ—જિણે૦ ૩
જિહો હીરો કુંદનશું જડે, લાલા દુધને સાકર યોગ;
જિહો ઉલટ યોગે વસ્તુનો,
લાલા ન હોયે ગુણ આભોગ—જિણે૦ ૪
જિહો વિમલ પુરુષ રહેવાતણું, લાલા થાનક વિમલ કરેય;
જિહો ગૃહપતિને તિહાં શી તૃષા,
લાલા ભાટક ઉચિત ગ્રહેય—જિણે૦ ૫

જિહો તિમ તેં મુજ મન નિર્મળું, લાલા કીધું કરતે રે વાસ;
જિહો પુષ્ટિ શુદ્ધિ ભાટક ગ્રહી,
લાલા હું સુખિયો થયો દાસ—જિણ૦ ૬

જિહો વિમલ વિમલ રહ્યા, લાલા ભેદ ભાવ રહ્યો નહિં;
જિહો માનવિજય ઉવજ્ઝાયને,
લાલા અનુભવ સુખ થયો ત્યાંહિ—જિણ૦ ૭

## ૧૪. શ્રી અનંતનાથ જિન સ્તવન.

જ્ઞાન અનંતું તાહરે રે, દરિશન તાહરે અનંત,
સુખ અનંતમય સાહિબા રે, વીર્ય પણ ઉલસ્યું અનંત—
અનંતજિન આપજો રે, મુજ એહ અનંતા ચ્યાર; અ૦
મુજને નહિ અવરશું પ્યાર. અ૦
તુજને આપતાં શી વાર, અ૦
એહ છે તુજ યશનો હાર—અ૦ ૧

આપ ખજીનો નહિ ખોલવો રે, નહિ મિલવાની ચિંત;
માહરે પોતે છે સવે રે;
પણ વિચે આવરણની ભીંત—અ૦ ૨

તપ જપ કિરિયા મુદ્‌ગરે રે, ભાંજી પણ ભાંગી ન જાય;
એક તુજ આણ લહે થકે રે,
હેલામાં પરહી થાય—અ૦ ૩

માત ભણી મરૂદેવીને રે, જિન ઋષભ ખિણમાં દીધ;
આપ પિયારૂં વિચારતાં રે,
ઈમ કિમ વીતરાગતા સિદ્ધ—અ૦ ૪

તે માટે તસ અરથિયા રે, તુજ પ્રાર્થના જે કોઈ લોક;
તેહને આપો આંકણી રે,
તિહાં ન ઘટે કરાવવી ટોક—અ૦ ૫

તેહને તેહનું આપવું રે, તિહાં શ્યો ઉપજે છે ખેદ;
પ્રાર્થના કરતે તાહરે રે,
પ્રભુતાઈનો પણ નહિ છેદ—અ૦ ૬

પામ્યા પામે પામશે રે, જ્ઞાનાદિક જેહ અનંત;
તે તુજ આણાથી સવે રે,
કહે **માનવિજય** ઉલસંત—અ૦ ૭

## ૧૫. શ્રી ધર્મનાથ જિન સ્તવન.

શ્રી ધર્મ જિણંદ દયાળ જી, ધરમ તણો દાતા;
સવિ જંતુ તણો રખવાળજી, ધરમ તણો ત્રાતા.
જસ અમિય સમાણી વાણી જી,
ધ૦ જેહ નિસુણે ભાવે પ્રાણીજી. ધ૦ ૧

તેહના ચિત્તનો મેલ જાય જી,
ધ૦ જિમ કતકફળે જળ થાય જી; ધ૦
નિર્મળતા તેહ જ ધર્મ જી,
ધ૦ કલુષાઈ મેટયાનો મર્મજી—ધ૦ ૨

નિજ ધરમ તો સહજ સભાવજી,
ધ૦ તોહિ તુજ નિમિત્ત પ્રભાવ જી; ધ૦
વનરાજી ફુલની રાગતી જી,
ધ૦ પણ ઋતુરાજે હુઈ વ્યગતિજી—ધ૦ ૩

કમળાકરે કમળ વિકાસજી,
ધ૦ સોરંભતા લખમી વાસજી; ધ૦
તે દિનકર કરણી જોય જી,
ધ૦ ઈમ ધરમ દાયક તું હોય જી—ધ૦ ૪
તે માટે ધરમના રાગીજી,
ધ૦ તુજ પદ સેવે વડભાગી જી; ધ૦
કહે **માન**વિજય ઉવજ્ઝાય જી,
ધ૦ નિજ અનુભવ જ્ઞાન પસાયજી—ધ૦ ૫

## ૧૬. શ્રી શાન્તિનાથ જિન સ્તવન.

**શ્રી શાન્તિ** જિનેસર સાહિબા, તુજ નાઠે કિમ છુટાશે;
મેં લીધી કેડજ તાહરી, તેહ પ્રસન્ન થયે મુકાશે—શ્રી૦ ૧
તું વીતરાગપણું દાખવી, ભોળા જનને ભુલાવે;
જાણીને કીધી પ્રતિજ્ઞા, તેહથી કહો કુણ ડોલાવે—શ્રી૦ ૨
કોઈ કોઈને કેડે મત પડો, કેડ પડયા આણે લાજ;
નિરાગી પ્રભુ પણ ખિંચીઓ, ભકતે કરી મેં સાત રાજ—શ્રી૦ ૩
મનમાંહિ આણી વાસીઓ, કહે હવે કિમ નિસરવા દેવાય;
જો ભેદ રહિત મુજશું મિલે, તો પલકમાંહિ છૂટાય—શ્રી૦ ૪
કબજે આવ્યા કિમ છુટશો, દીધા વિણ કવણ કૃપાળ;
તો શું હઠવાદ લેઈ રહ્યા, કહે **માન** કરો ખુશિયાળ—શ્રી૦ ૫

## ૧૭. શ્રી કુંથુનાથ જિન સ્તવન.

કુંથુ જિનેસર જાણજો રે લાલ,
મુજ મનનો અભિપ્રાય રે જિનેશ્વર મોરા;

તું આતમ અલવેસરૂ રે લાલ,
રખે તુજ વિરહો થાય રે. જિને૦
તુજ વિરહો કિમ વેઠિયે રે લાલ,
તુજ વિરહો દુઃખદાય રે; જિને૦
તુજ વિરહો ના ખમાય રે લાલ,
ખિણુ વરસાં સો થાય રે જિને૦
વિરહો મોટી બલાય રે—જિને૦ ૧
તાહરી પાસે આવવું રે લાલ,
પહેલાં ન આવે તું દાય રે; જિને૦
આવ્યા પછી તો જાયવું રે લાલ,
તુજ ગુણુ વશે ન સુહાય રે—જિને૦ ૨
ન મિલ્યાનો ધોખો નહિ રે લાલ,
જસ ગુણુનું નહિ નાણુ રે; જિને૦
મિલિયાં કુણુ કળીયાં પછી રે લાલ,
વિછુરત જાયે પ્રાણુ રે—જિને૦ ૩
જાતિ અંધને દુઃખ નહિ રે લાલ,
ન લહે નયનનો સ્વાદ રે જિને૦
નયન સ્વાદ લહી કરી રે લાલ,
હાર્યાંને વિખવાદ રે—જિને૦ ૪
બીજે પણુ કિહાં નવિ ગમે રે લાલ,
જિણે તુજ વિરહ બચાય રે; જિને૦
માલતી કુસુમે મ્હાલીયો રે લાલ,
મધુપ કરીને ન જાય રે—જિને૦ ૫

વન દવ દાધાં રૂખડાં રે લાલ,
પ્રલયે વળી વરસાદ રે; જિને૦
તુજ વિરહાનલના બળ્યા રે લાલ,
કાળ ગમતા અનંત રે—જિને૦ ૬
ટાઢક રહે તુજ સંગમે રે લાલ,
આકુળતા મિટી જાય રે; જિને૦
તુજ સંગે સુખીયો સદા રે લાલ,
**માન**વિજય ઉવજ્ઝાય રે—જિને૦ ૭

## ૧૮. શ્રી અરનાથ જિન સ્તવન.

શ્રી અરનાથ ઉપાસના, શુભવાસના મૂળ;
હરિહર દેવ આસાનના, કુણ આવે શૂળ—શ્રી૦ ૧
દાસના ચિત્તની કુવાસના, ઉદવાસના કીધ;
દેવાભાસની ભાસના, વિસારી દીધ—શ્રી૦ ૨
વળી મિથ્યા વાસના તણા, વાસનારા જેહ;
તે કુગુરુની શાસના, હૈયે ન ધરેહ— શ્રી૦ ૩
સંસારિક આસંસના, તુજશું ન કરાય,
ચિંતામણી દેણહારને, કિમ કાચ મંગાય;—શ્રી૦ ૪
તિમ કલ્પિત ગચ્છવાસના, વાસના પ્રતિબંધ,
**માન** કહે એક જિન તણો, સાચો પ્રતિબંધ—શ્રી૦ ૫

## ૧૯. શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

મહિમા મલ્લિ જિણંદનો, એક જીભે કહ્યો કિમ જાય;
યોગ ધરે ભિન્ન યોગશું, ચાળા પણ યોગના દેખાય-મ૦ ૧

વયણે સમજાવે સભા, મન સમજાવે અનુત્તર દેવ;
ઔદારિક કાયા પ્રત્યે. દેવ સમીપે કરાવે સેવ—મ૦ ૨

ભાષા પણ સવિ શ્રોતાને, નિજ નિજ ભાષાયે સમજાય;
હરખે નિજ નિજ રીઝમાં, પ્રભુ તો નિર્વિકાર કહાય-મ૦ ૩

યોગ અવસ્થા જિન તણી, જ્ઞાતા હુયે તિણે સમજાય;
ચતુરની વાત ચતુર લહે, મૂઢ બિચારા દેખી મુંઝાય-મ૦ ૪

મૂરખ જન પામે નહિ, પ્રભુગુણનો અનુભવ રસ સ્વાદ;
**માન**વિજય ઉવજ્ઝાયને, તે રસસ્વાદે ગયો વિખવાદ-મ૦ ૫

## ૨૦. શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

**મુનિસુવ્રત** કીજે મયા રે, મનમાંહિ ધરી મહેર;
મહેર વિહુણા માનવી રે, કઠિણ જણાયે કહિર.
જિનેશ્વર તું જગનાયક દેવ,
તુજ જગ હિત કરવા ટેવ, બીજો જુવે કરતા સેવ-જિ૦ ૧

અરહટ ક્ષેત્રની ભૂમિકા રે, સીંચે કૃતારથ હોય;
ધારાધર સઘળી ધરા રે, ઉધરવા સજ્જ જોય-જિને૦ ૨

તે માટે અમ ઉપરે રે, આણી મનમાં મહેર;
આપે આયા આફણી રે, બોધવા ભરૂયચ શહેર-જિને૦ ૩

અણ પ્રારથતા ઉદ્ધર્યા રે, આપે કરીય ઉપાય;
પ્રારથતા રહે વિનવતા રે, એ કુણ કહિયે ન્યાય-જિને૦ ૪

સંબંધ પણ તુજ મુજ વચ્ચે રે, સ્વામી સેવક ભાવ;
માન કહે હવે મહેરનો રે, ન રહ્યો અજર પ્રસ્તાવ-જિ૦ ૫

## ૨૧. શ્રી નમિનાથ જિન સ્તવન.

**શ્રી નમિનાથ** જિણંદને રે, ચરણ કમળ લય લાય;
મૂકી આપણી ચપળતા રે, તુચ્છ કુસુમે મત જાય રે.
સુણી મન મધુકર માહરી વાત,
મ કરો ફોગટ વિલુપાત—સુણી૦ ૧

વિષમ કાળ વરસા ઋતુ રે, ક્રમે ક્રમે હુઓ વ્યતીત;
છેહલો પુગ્ગલ પરિયટ્ટો રે,
આવ્યો શરદ પ્રતીત રે—સુણી૦ ૨

જ્ઞાનાવરણ વાદળ ફૂટે રે, જ્ઞાન સૂરજ પ્રકાશ;
ધ્યાન સરોવર વિકસીયાં રે, કેવળ લક્ષ્મીવાસ રે સુણી૦ ૩

નામે લલચાવે કોઈ રે, કોઈક નવ નવ રાગ;
એહવી વાસના નહિ બીજે રે,
શુદ્ધ અનુભવશું પરાગ રે—સુણી૦ ૪

ભમત ભમત કહાવીયે રે મધુકરનો રસ સ્વાદ;
**માનવિજય** મનને કહે રે,
રસ ચાખો આલ્હાદ રે—સુણી૦ ૫

## ૨૨. શ્રી નેમિનાથ જિન સ્તવન.

**નેમિ** જિણંદ નિરંજણો, જઈ મોહ થળે જળ કેળરે;
મોહના ઉદ્ભટ ગોપી, એકલમલ્લે નાખ્યા ઠેલ રે.
સ્વામિ સલુણા સાહિબા, અતુલી બલ તું વડવીરરે. સ્વા૦ ૧

કોઈકિ તાકી મુક્તિ, અતિ તીખાં કટાક્ષનાં બાણુ રે;
વેધક વયણુ બંદુક ગોળી, જે લાગે જાયે પ્રાણુ રે–સ્વા૦ ૨

અંગુલી કટારી ઘોંચતી, ઉછાળતી વેણી કૃપાણુ રે;
સિંથો ભાલા ઉગામતી, સિંગ જળ ભરે કોક બાણુ રે–સ્વા૦ ૩

ફુલ દડા ગોળી નાખે, જે સત્ત્વ ગઢે કરે ચોટ રે;
કુચ યુગ કરિ કુંભસ્થળે, પ્રહરતી હૃદય કપાટ રે–સ્વા૦ ૪

શીલ સન્નાહ ઉન્નત સબે, અરિ શસ્ત્રને ગોળા ન લાગ્યા રે;
સોર કરી મિથ્યા સવે, મોહસુભટ દહો દિશિં ભાગ્યારે સ્વા૦ ૫

તવ નવ ભવ યોદ્ધો મંડયો, સજી વિવાહ મંડપ કોટરે;
પ્રભુ પણ તસ સન્મુખે ગયો, નીસાણે દેતો ચોટ રે–સ્વા૦ ૬

ચાકરી મોહની છોડવી, રાજુલને શિવપુર દીધ રે;
આપે રૈવતગિરિ સજી, ભીંતર સંયમગઢ લીધ રે–સ્વા૦ ૭

શ્રમણ ધરમ યોદ્ધા લડે, સંવેગ ખડગ ધૃતિ ઢાલ રે,
ભાલા કેસ ઉપાડતો, શુભ ભાવના ગડગડે નાળરે–સ્વા૦ ૮

ધ્યાન ધારા શર વરસતો, હણી મોહ થયો જગનાથ રે;
માનવિજય વાચક વદે, મેં ગ્રહ્યો તાહરો સાથ રે–સ્વા૦ ૯

## ૨૩. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મૂરતી મુજ મન ભાવીરે;
મનમોહના જિનરાયા,
સુર નર કિન્નર ગુણ ગાયા રે. મન૦
જે દિનથી મૂરતિ દીઠી, તે દિનથી આપદા નીઠી રે–મ૦ ૧

મટકાળું મુખ સુપ્રસન્ન, દેખત રીઝે ભવિ મન્ન રે, મન૦
સમતા રસ કેરાં કચોલાં, નયણાં દીઠે રંગરોલાં રે–મ૦ ૨

હાથે ન ધરે હથિયાર, નહિ જપમાલાનો પ્રચાર રે; મન૦
ઉત્સંગે ન ધરે વામા, જેહથી ઉપજે સવિ કામા રે–મ૦ ૩

ન કરે ગીત નૃત્યના ચાળા, એતો પ્રત્યક્ષ નટના ખ્યાલા રે મ૦
ન બજાવે આપે વાજાં, ન ધરે વસ્ત્ર જીરણ સાજાં રે;–મ૦ ૪

ઈમ મૂરતિ તુઝ નિરુપાધિ, વીતરાગપણે કરી સાધી રે; મન૦
કહે **માનવિજય** ઉવજ્ઝાયા, મેં અવલંબ્યા તુજ પાયા રે-મ૦ ૫

## ૨૪. શ્રી મહાવીર જિન સ્તવન

શાસન નાયક સાહિબ સાચો, અતુલ બલી અરિહંત;
કર્મ અરિ બળ સબળ નિવારી, મારીય મોહ મહંત—
મહાવીર જગમાં જીત્યોજી.

જીત્યો જીત્યો આપ સહાય, હાંજી જીત્યો જીત્યો જ્ઞાન પયાસ;
હાંજી જીત્યો જીત્યો ધ્યાન દશાય, હાંજી જીત્યો જીત્યો સુખદાય
—મહાવીર૦ ૧

અનંતાનુબંધિ વડ યોધા, હણીયા પહિલી ચોટ;
મંત્રી મિથ્યાત પછે તિગ રૂપી, તવ કરી આગળ દોટ–મહા૦ ૨

ભાંજી હેડ આયુષ તિગ કેરી, ઇક વિકલેન્દ્રિય જાતિ;
એહ મેવાસ ભાંજ્યો ચિરકાળે, નરક યુગલ સંઘાતિ–મ૦ ૩

થાવર તિરિ દુગ ઝાંસિ કટાવી, સાહારણ હરી ધાડી;
થીણદ્ધિ તિગ મદિરા વયરી, આતમ ઉદ્યોત ઉખાડી–મ૦ ૪

અપચ્ચખાણા અને પચ્ચખાણા, હણીયા યોદ્ધા આઠ;
વેદ નપુંસક સ્ત્રી સેનાની, પ્રતિબિંબિત ગયા નાઠ—મ૦ ૫

હાસ્ય રતિ અરતિ શોક દુગંછા, ભયે મોહ ખવાસ;
હણીયા પુરુષવેદ ફોજદારા, પછે સંજલના નાશ—મ૦ ૬

નિદ્રા દોય મોહ પટરાણી, ઘરમાંહિથી સંહારી.
અંતરાય દરશનને જ્ઞાના—વરણીય લડતાં મારી—મ૦ ૭

જય જય હુઓ મોહ જ મુઓ, હુઓ તું જગનાથ,
લોકાલોક પ્રકાશ થયો તવ, મોક્ષ ચલાવે સાથ—મ૦ ૮

જિત્યો તિમ ભક્તને જિતાવે, મૂકાયો મૂકાવે;
તરણુ તારણુ સમરથ છે તુંહી, માનવિજય નિતુ ધ્યાવે-મ૦ ૯



# શ્રી પદ્મવિજય કૃત ચોવીશી.

## ૧. શ્રી ઋષભદેવ જિન સ્તવન.

**ઋષભ** જિનેસર ઋષભ લંછન ધરૂ ઉંચાજે સાત રાજયોજી;
નિરલંછન પદને પ્રભુ પામીયા, શિવપુરનો સામ્રાજયોજી૦
ઋ૦ ૧

અવ્યય અચલ અચિંત અનંત છે. અશરીરી અણાહારીજી;
અવિનાશી શાશ્વત સુખનો ધણી, પર પરિણતી નિવારીજી૦
ઋ૦ ૨

જ્ઞાન અનંત અનંત દરશન મયી, લોકાલોક સ્વભાવોજી;
દેખે કર આમળ પરે પણ નહિં, રમતા જે પરભવોજી૦ ઋ૦ ૩

નિજ રૂપે રમણ કરતા સદા, સાદિ અનંતહ ભાંગોજી;
અવ્યાબાધ અરજ અજ જે થયા, પુદ્ગલ ભાવે નિસંગોજી૦
ઋ૦ ૪

પુદ્ગલ રહિતપણે સુખ ઉપનું, તે કિમ જીભે કહાયોજી;
વરણાદિક નહી જાસ સ્વરૂપ છે, જોગાતીત જિનરાયોજી૦
ઋ૦ ૫

કરતા ભોક્તારે નિજ ગુણનો પ્રભુ, અવગાહી નિજ ખેતોજી;
અછે અનંતા નિજ ઠામે રહ્યા, ભીડ ન કોયને દેતોજી૦ ઋ૦ ૬

એ જિનવર ઉત્તમ પદ રૂપ જે, **પદ્મને** અવલંબીજે જીઃ
તો પરભાવ કરમ દૂરે કરી, ઠાકુર પદવી લીજે જી૦ ઋ૦ ૭

## ૨. શ્રી અજિતનાથ જિન સ્તવન.

અજિત જિન તુજ મુજ અંતરો, જોતાં દીસે ન કોય રે,
તુજ મુજ આતમ સારીખો.
હાંરે સત્તા ધર્મથી હોય રે૦ અ૦ ૧

જ્ઞાન દર્શન ચરણ આદિ દેઈ, ગુણ અછે જેહ અનંત રે;
અસંખ્ય પ્રદેશ વળી સારીખા,
એ છે ઇણિ પરે તંતરે૦ અ૦ ૨

એતલો અંતર પણ થયો, હાંરે આવિરભાવ તિરોભાવરે;
આવિર ભાવે ગુણ નીપના,
તિણે તુજ રમણ સ્વભાવ રે૦ અ૦ ૩

રાગદ્વેષાદિ વિભાગની, હાંરે પરિણતી પરભાવે રે;
ગ્રહણ કરતો કહે ગુણતણા,
હાંરે પ્રાણી એહ તિરોભાવે રે૦ અ૦ ૪

એહ અંતર પડયો તુજ થકી, હાંરે તેને મન ઘણું દુઃખરે;
ભીખ માંગે કુણ ધન છતે,
હાંરે છતે આહાર કુણ ભૂખ રે૦ અ૦ ૫

તુજ અવલંબને આંતરો, હાંરે ટળે માહરે સ્વામ રે;
અચલ અખંડ અગુરૂ લહુ,
હાંરે લહે નિરવદ્ય ઠામ રે૦ અ૦ ૬

જે અવેદી અખેદીપણે, અલેશીને અજોગી રે;
ઉત્તમ પદ વર પદ્મનો,
હાંરે થાયે ચેતન ભોગી રે૦ અ૦ ૭

## ૩. શ્રી સંભવનાથ જિન સ્તવન.

કયું જાનું કયું બની આવહિ,
શ્રી **સંભવ** જિનરાજ હો મિત્ત;
તુજ મુજ અંતર મોટકો,
કિમ ભાસે તે આજ હો મિત્ત૦ કયું૦ ૧
મુજ પ્રવર્તન જેહ છે, તે ભવવૃદ્ધિનું હેત હો મિત્ત;
હું કર્તા કર્મજ તણો,
કરિયેં તે કર્મ ચેત હો મિત્ત૦ કયું૦ ૨
જીવ ઘાતાદિ કરણે કરી, કરણ કારક ઇમ હોય હો મિત્ત;
અક્ષય પંચ પોષક સદા,
કારણ સંપયાણ જોય હો મિત્ત૦ કયું૦ ૩
ઇમ મનુજનો ભવ ભલો, હારીને સુણજે સ્વામી હો મિત્ત;
નરક નિગોદ વિષે ગયો,
ખટકારક મુજ નામ હો મિત્ત૦ કયું૦ ૪
તે વિપરીત એ સાધિઆ, તું કરતા શિવ ઠાણ હો મિત્ત;
કરિયેં તે કારક કર્મ છે,
શુભ સેવન કરણેણ હો મિત્ત૦ કયું૦ ૫
દેઈ ઉપદેશ ભવિ લોકને, દીધો કર્મને ત્રાસ હો મિત્ત;
કર્મ થકી અલગો થયો,
સિદ્ધિ વિષે ગયો ખાસ હો મિત્ત૦ કયું૦ ૬
ઇમ તુજ મુજ અંતર પડયો, કિમ ભાંજે ભગવંત હો મિત્ત;
પણ જાણું તાહરી પરે,
સાધતાં ભાંજશે તંત હો મિત્ત૦ કયું૦ ૭

તવ કર્તા નિજ આધિનો, ભોક્તા પણ તસ થાય હો મિત્ત૦
તુજ મુજ અંતર સવિ ટળે,
સવિ મંગલિક બની આય હો મિત્ત૦ કયું૦ ૮
અજરામર તસ સુખ હોયે,વિલસે અનંતી રિદ્ધિ હો મિત્ત૦
ઉત્તમ ગુરૂ સેવા લહે,
પદ્મવિજય ઇમ સિદ્ધિ હો મિત્ત૦ કયું૦ ૯

## ૪. શ્રી અભિનંદન જિન સ્તવન.

તુમ્હે જોજયો જોજયો રે, વાણીને પ્રકાશે તુમ્હે;
ઉઠે છે અખંડ ધ્વનિ, જોજને સંભળાય;
નર તિરિય દેવ આપણી, સહુ ભાષા સમજી જાય૦ તુ૦ ૧
દ્રવ્યાદિક દેખી કરીને, નય નિખેપે જુત્ત;
ભંગ તણી રચના ઘણી, કાંઈ જાણે સહુ અદ્ભુત૦ તુ૦ ૨
પયસુધાને ઇક્ષુવારિ, હારી જાયેં સર્વ;
પાખંડી જન સાંભળીને, મૂકી દીઓ ગર્વ૦ તુ૦ ૩
ગુણ પાંત્રીસ અલંકારી, અભિનંદન જિન વાણી;
શંસય છેદે મન તણા, પ્રભુ કેવલજ્ઞાને જાણી૦ તુ૦ ૪
વાણી જે નર સાંભળે, તે જાણે દ્રવ્ય અને ભાવ;
નિશ્ચય ને વ્યવહાર જાણે, જાણે નિજ પર ભાવ૦ તુ૦ ૫
સાધ્ય સાધન ભેદ જાણે, જ્ઞાન ને આચાર;
હેય જ્ઞેય ઉપાદેય જાણે, તત્ત્વાતત્ત્વ વિચાર૦ તુ૦ ૬
નરક સરગ અપવર્ગ જાણે, થિર વ્યય ને ઉત્પાદ;
રાગ દ્વેષ અનુબંધ જાણે, ઉછરંગ ને અપવાદ૦ તુ૦ ૭

નિજ સ્વરૂપને ઓળખીને, અવલંબે સ્વરૂપ;
ચિદાનંદ ઘન આતમ તે, થાયે જિન ગુણ ભૂપ૦ તુ૦ ૮
વાણીથી જિન ઉત્તમ કેરા, અવલંબે પદ પદ્મ;
નીયમા તે પરભાવ તજીને, પામે શિવપુર સદ્મ૦ તુ૦ ૯

## ૫. શ્રી સુમતિનાથ જિન સ્તવન.

પંચમ જગપતિ વંદિયે. સાહેલડીયાં૦
સુમતિ જિનેસર દેવ; ગુણવેલડીયાં૦
સુમતિ તણો દાયક પ્રભુ; સા૦ એહ સેવો નિતમેવ૦ ગુ૦ ૧
એહને જનમ મરણ નહિ, સા૦ આર્ત્તધ્યાન નવિ હોય; ગુ૦
દુરગતિ સનમુખ નવિ હોયે, સા૦
ભવદુઃખ સામું ન જોય૦ ગુ૦ ૨
રોગ શોગ નવિ એહને, સા૦ નહિ એહને સંતાપ; ગુ૦
એહની કરો ઉપાસના, સા૦ જાયે જેહથી પાપ૦ ગુ૦ ૩
અષ્ટ કરમ દળ છેદીને, સા૦ પામ્યા અવિચળ રાજ્ય; ગુ૦
રત્નત્રયી પ્રગટ કરી, સા૦ સુખ વિલસે નિત્ય પ્રાજ્ય૦ ગુ૦ ૪
જિન ઉત્તમ પદ પદ્મને, સા૦ સેવ્યે સુખ નિરધાર; ગુ૦
જેહથી અક્ષય પદ લહે, સા૦ અવ્યાબાધ ઉદાર૦ ગુ૦ ૫

## ૬. શ્રી પદ્મપ્રભુ જિન સ્તવન

પદ્મ જિનેસર પદ્મ લંછન ભલું,
પદ્મની ઓપમ દેવાય; જિનેસર૦
ઉદક ને પંકજમાંહિ જે ઉપનું,
ઉદક પંકે ન લોપાય, જિનેસર૦ પ૦ ૧

તિમ પ્રભુ કર્મ પંકથી ઉપના,
ભોગ જળે વધ્યા સ્વામી; જિ૦
કર્મભોગ મ્હેલી અલગા રહ્યા,
તેહને નમું શિર નામી૦ જિ૦ ૫૦ ૨
બારે પરખદ આગળ તું દીયે, મધુર સ્વરે ઉપદેશ; જિ૦
શર દષ્ટાંતે દેશન સાંભળે, નરતિરિ દેવ અશેષ૦ જિ૦ ૫૦ ૩
રક્ત પદ્મ સમ દેહ તે તગતગે, જગ લગે રૂપે નિહાળ; જિ૦
ઝગમગે સમવસરણમાંહિ રહ્યો,
પગપગે રિદ્ધિ રસાળ૦ જિ૦ ૫૦ ૪
સુશીમા માતાએ પ્રભુને ઉર ધર્યા,
પદ્મ સુપન ગુણ ધામ; જિ૦
ઉત્તમ વિજય ગુરૂ સાહ્ય ગ્રહ્યો,
પદ્મવિજય પદ્મનામ૦ જિ૦ ૫૦ ૫

## ૭. શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન.

શ્રી **સુપાસ** જિણંદ તાહરૂં, અકલ રૂપ જણાય રે;
રૂપાતીત સ્વરૂપનો, ગુણાતીત ગુણગાય રે૦
કયુંહિ કયુંહિ કયુંહિ૦ ૧
તારનારો તુંહિ કિમ પ્રભુ, હૃદયમાં ધરી લોક રે;
ભવ સમુદ્રમાં તુંજ તારે, તુજ અભિધા ફોક રે૦ કયું૦ ૨
નીરમાં ઘતિ દેખી તરતી, જાણિયો મ્હે સ્વામ રે.
તે અનિલ અનુભાવ જિમ તિમ,
ભવિક તાહરે નામ રે૦ કયું૦ ૩

જેહ તનુમાં ધ્યાન ધ્યાયે, તાહરૂં તસ નાશ રે;
થાય તનુનો તેહ કિમ પ્રભુ, એહ અચરીજ ખાસ રે૦ કયું૦ ૪
વિગ્રહ ને ઉપશમ કરે તે, મધ્યવરતી હોય રે;
તિમ પ્રભુ તુમ્હે મધ્ય વરતી,
કલહ તનુ શમ જોઈ રે; કયું૦ ૫
તુમ પ્રમાણ અનલ્પ દીસે, તે ધરી હૃદી ભવ્ય રે.
ભાર વિનું જિમ શિઘ્ર તરીએ,
એહ અચરિજ નવ્ય રે૦ કયું૦ ૬
મહા પુરૂષ તણો જે મહિમા, ચિંતવ્યો નવિ જાય રે;
ધ્યાન ઉત્તમ જિનરાજ કરો, પદ્મ વિજય તિણે ધ્યાય રે૦ કયું૦૭

## ૮. શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન.

ચંદ્રપ્રભુ જિન આઠમા રે,
પામ્યા પૂર્ણ સ્વભાવ; જિનવર ધ્યાવો૦
પૂર્ણતા મુજ પરગટ થવા રે,
છો નિમિત્ત નિઃપાવ૦ જિનવર ધ્યાવો૦ ૧
ધ્યાવો ધ્યાવો રે ભવિક જિન ધ્યાવો,
પ્રભુ ધ્યાતાં દુઃખ પલાય૦ જિ૦
પર ઉપાધીની પૂર્ણતા રે, જાચિત મંડવ તેહ; જિ૦
જાત્ય રત્ન સંપૂર્ણતા રે, પૂર્ણતા શુભ દેહ૦ જિ૦ ૨
કલ્પનાથી જે અતાત્ત્વિકી રે, પૂર્ણતા ઉદધિ કલ્લોલ; જિ૦
ચિદાનંદ ઘન પૂર્ણતા રે, સ્તિમિત સમુદ્રને તોલ૦ જિ૦ ૩
પૂર્યમાન હાનિ લહે રે, અસંપૂર્ણ પૂરાય; જિ૦
પૂર્ણાનંદ સ્વભાવ છે રે, જગ અદ્દ્ભૂતનો દાય૦ જિ૦ ૪

પૂર્ણાનંદ જિણંદને રે, અવલંબે ધરી નેહ; જિ૦
ઉત્તમ પૂર્ણતા તે લહેરે, પદ્મવિજય કહે એહ૦ જિ૦ ૫

## ૯. શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

**સુવિધિ** જિનેસર સાહિબા રે, મનમોહના રે લાલ;
સેવો થઈ થિર થોભ રે, જગ સોહના રે લાલ;
સેવા નવિ હોયે અન્યથા રે, મન મોહના રે લાલ,
હોયે અથિરતાયે ક્ષોભ રે, જગ સોહના રે લાલ. ૧
પ્રભુ સેવા અંબુદ ઘટારે, મ૦ ચઢી આવી ચિત્તમાંહિ રે; જ૦
અથિર પવન જબ ઉલટે રે, મ૦
તબ જાયે વિલઈ ત્યાંહિ રે૦ જ૦ ૨
પુંશ્ચલા શ્રેયકરી નહી રે, મ૦ જિમ સિદ્ધાન્ત મઝાર રે; જ૦
અથિરતા તિમ ચિત્તથી રે, મ૦
ચિત્ર વચન આકાર રે૦ જ૦ ૩
અંતઃકરણે અથિરપણું રે, મ૦
જો ન ઉધર્યું મહાશલ્ય રે; જ૦
તો શો દોષ સેવા તણો રે, મ૦
નવિ આપે ગુણ દિલ્લ રે૦ જ૦ ૪
તિણે સિદ્ધમાં પણ વાંછીઓ રે, મ૦
થિરતા રૂપ ચરિત્ત રે; જ૦
જ્ઞાન દર્શન અભેદથી રે, મ૦ રત્નત્રયી ઈમ ઉત્તરે૦ જ૦ ૫
સુવિધિ જિન સિદ્ધિ વર્યારે, મ૦ ઉત્તમ ગુણ અનૂપ રે; જ૦
પદ્મવિજય તસ સેવથી રે, મ૦
થાયે નિજ ગુણ ભૂપ રે૦ જિ૦ ૬

# ૧૦ શ્રી શીતલનાથ જિન સ્તવન.

શીતલ જિનપતિ સેવીયેં એ,
શીતલતાનો કંદ; સાહિબ શિવ સુખકર એ૦
પ્રતિ પ્રદેશ અનંત ગુણા એ,
પરગટ પૂરણાનંદ૦ સાહિબ શિવ સુખ કર એ૦ ૧

એક પ્રદેશે નભ તણે એ, દેવ સમૂહ સુખ વ્યાપિ; સા૦
ત્રણ કાલ ભેલૂં કરી એ, અસત કલ્પનાયેં થાપિ૦ સા૦ ૨

ઈમ આકાશ પ્રદેશ જે એ, લોકાલોકના તેહ; સા૦
થાપતાં સંપૂર્ણ હોઈ એ, અનંત ગુણ એમ એહ૦ સા૦ ૩

તે સુખ સમુહ તણો વળીએ, કીજે વર્ગ ઉદાર; સા૦
તેહનો વર્ગ વળી કરો રે, એમ વર્ગ કરો વારંવાર૦ સા૦ ૪

અનંત વર્ગ વર્ગે કરી એ, વર્ગિત સુખ સમુદાય; સા૦
અવ્યાબાધ સુખ આગળે એ, પણ અતિ ઉણુમ થાય૦ સા૦ ૫

મ્લેછ નગર ગુણ કમિ કહે એ, અન્ય મ્લેછપુર તેહ; સા૦
તિમ ઓપમ વિણુ કિમ કહું એ,
શીતલ જિન સુખ જેહ. સા૦ ૬

આવશ્યક નિર્યુકિત એ, ભાખ્યો એ અધિકાર; સા૦
કરતાં સિદ્ધિભણી તિહાં એ, ઉત્તમ અતિ નમસ્કાર૦ સા૦ ૭

એમ અનોપમ સુખ ભોગવો એ, જિન ઉત્તમ મહારાજ; સા૦
તે શીતલ સુખ જાચીયેં એ,
પદ્મવિજય કહે આજ૦ સા૦ ૮

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન.

**શ્રી શ્રેયાંસ** જિણંદની, અદ્દભૂતતા ન કહાય; મોહન૦
સંયમ ગ્રહી કેવલ લહી,
શૈલેશીયે સુહાય૦ મોહન૦ શ્રી શ્રેયાંસ૦ ૧
શુષિર પૂરણથી હીનતા, યોગ નિરોધને કાળ; મો૦
હોય ત્રિભાગ અવગાહના, વિછંડી કર્મ જંજાળ૦ મો. શ્રી૦ ૨
વાચ્ય નહી સંઠાણથી, તેણે અનિશ્ચિત સંઠાણ; મો૦
પ્રદેશાંતર ફરસ્યા વિના, પામ્યા લોઅગ ઠાણ૦ મો૦ શ્રી૦ ૩
પ્રથમ સમય અનંતર કહ્યા, પછે પરંપર સિદ્ધ; મો૦
વેત્તા સવિ જગ ભાવનો,
પણ કોઈ પયથ્થે ન ગિદ્ધ૦ મો૦ શ્રી૦ ૪
ચિદાનંદ નિત ભોગવો, સાદિ અનંત સ્વરૂપ મો૦
જન્મ જરા મરણે કરી; નવિ પડયું ભવ કૂપ૦ મો૦ શ્રી૦ ૫
મોહક્ષયી પણ તાહરા, ગુણ ગાવા સમત્થ; મો૦
પણ જયું શિશુ સાગર મવે,
વિતરણ કરી નિજ હત્થ૦ મો૦ શ્રી૦ ૬
તેણે જિનવર ઉત્તમ પ્રતે, વિનતી કરીયે એહ; મો૦
નિજ પદ **પદ્મ** સેવક ભણી,
દીજે શિવસુખ જેહ૦ મો૦ શ્રી૦ ૭

## ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન.

વાસવ વંદિત વંદિએજી, **વાસુપૂજ્ય** જિનરાય;
માનું અરૂણ વિગ્રહ કર્યોજી અંતર રિપુ જયકાર૦
ગુણાકર અદભૂહ ત્હારી રે વાત,
સુણતા હોય સુખ શાંત૦ ગુ૦ ૧

અંતર રિપુ કેમ જય કર્યોજી, પામ્યો કેવલજ્ઞાન;
શૈલેશી કરણે દહ્યાંજી, શેષ કરમ શુભ ધ્યાન૦ ગુ૦ ૨
બંધન છેદાદીક થકીજી, જઈ ફરસ્યો લોકાંત;
જિહાં નિજ એક અવગાહનાજી,
તિહાં ભવ મુક્ત અનંત ગુ૦ ૩

અવગાહના જે જે મૂળ છે જી, તેહમાં સિદ્ધ અનંત;
તેહથી અસંખ્ય ગુણા હોયેંજી,
ફરસિત જિન ભગવંત૦ ગુ૦ ૪
અસંખ્ય પ્રદેશ અવગાહનાજી, અસંખ્ય ગુણ તિણે હોય,
જ્યોતિમાં જ્યોતિ મિલ્યા કરેજી,
પણ સંકીર્ણ ન કોય૦ ગુ૦ ૫

સિદ્ધ બુદ્ધ પરમાતમાજી, આધિ વ્યાધિ કરી દૂર;
અચલ અમલ નિઃકલંક તુંજી, ચિદાનંદ ભરપૂર૦ ગુ૦ ૬
નિજ સ્વરૂપમાંહિ રમેજી, ભોળા રહત અનંત;
પદ્મવિજય તે સિદ્ધનુંજી, ઉત્તમ ધ્યાન ધરંત૦ ગુ૦ ૭

## ૧૩. શ્રી વિમળનાથ જિન સ્તવન.

**વિમલ** જિનેશર વયણ સુણીને, વિમલતા નિજ ઓળખાણી રે;
પુદ્‌ગલ તત્ત્વાદિક ભિન્ન સત્તા,
સિદ્ધ સમાન પિછાણી રે૦ વિ૦ ૧

પુદ્‌ગલ સંગથી પુદ્‌ગલ મય, નિજ ખીર નીર પેરે અપ્પા રે;
એતા દિન લગે એહિજ ભ્રાંતિ,
પુદ્‌ગલ અપ્પા થપ્પા રે૦ વિ૦ ૨

માનું અબ મેં વાણી સુણીને, નિજ આતમ રિદ્ધિ પાઈ રે;
ગૃહ અંતરગત નિધિ બતલાવત,
લહે આણંદ સવાઈ રે૦ વિ૦ ૩
અપ્પા લહ્યો તું દેહને અંતર, ગુણ અનંત નિધાન રે;
આવારક આચાર્ય આવરણ, જાણ્યા ભેઅ સમાન રે૦ વિ૦ ૪
સિદ્ધ સમાન વિમલતા નિજ તે, કરવા પ્રગટ સ્વભાવ રે;
વિમલ જિન ઉત્તમ આલંબન,
પદ્મવિજય કરે દાવ રે૦ વિ૦ ૫

## ૧૪. શ્રી અનંતનાથ જિન સ્તવન.

અનંતજિન જ્ઞાન અનંતતાજી, મુજથી કેમ કહેવાય;
અનંત આગમ માંહિ બોલિયાજી,
એ ષટ્ પયત્થ જિનરાય૦ અ૦ ૧
જીવ પુદ્ગલ સમય એ ત્રિહુંજી, દ્રવ્ય પરદેશ પર્યાય;
થોડલા જીવ પુદ્ગલ તિહાંજી, અનંત ગુણા ઠહરાય૦ અ૦ ૨
અનંત ગુણ તેજસ એક છેજી, અનંત ગુણ કર્મણ તાસ;
બંધ ને મુક્ત ભેળા વળીજી,
તિણે અનંતગુણી રાશ૦ અ૦ ૩
અનંત ગુણ સમય તેહથી કહ્યાજી, સાંપ્રત સમય સહુમાંહિં;
વ્યાપીઓ તિણે તેહથી વળીજી,
દ્રવ્ય અધિકા કહ્યા ત્યાંહિં૦ અ૦ ૪
જીવ પુદ્ગલા પ્રક્ષેપથીજી, થાએ અધિકા એમ તેહ;
છે પરદેશ અનંત ગુણાજી, નભ પરદેશે કરી એહ૦ અ૦ ૫

શ્રેણિ અનાદિ અનંતનોજી, થાય ઘન નભ પરદેશ;
કાળનો તે ઘન નવિ હોયેંજી,
તિણે અનંતગુણ પરદેશ૦ અ૦ ૬
તેહથી અનંતગુણ પજ્જવાજી, અગુરૂલહુ પજ્જય અનંત;
એક પરદેશી વિષે ભાખીઆજી, થાય સમુદાય કરંત૦ અ૦ ૭
અનંત જિન કેવલજ્ઞાન માંજી, દેખતા નિતુ પરપેક્ષ;
જિનવર ઉત્તમ મહેરથીજી, પદ્મને પણ હોય લક્ષ૦ અ૦ ૮

## ૧૫ શ્રી ધર્મનાથ જિન સ્તવન.

શ્રી ધર્મ જિનેસર દેવા,
બીજાની ન કરૂં હેવા હો; સાહિબ અરજ સુણો૦
તે તો કાચ શકલના જેહવા,
તું ચિંતામણી દુઃખ હરેવા હો૦ ૧
તે નવિ લહ્યા આપે ધર્મ, તસ સેવા કિમ દિયે શર્મ હો; સા૦
તું તો ધર્મતણો અધિકારી,
ધર્મીજનને સુખકારી હો૦ સા૦ ૨
નિજ જેહ જેહ અનંતા ધર્મ,
કર્યા પરગટ છંડી કર્મ હો; સા૦
મુજપણ જેહ ધર્મ અનંતા,
પ્રગટ કરવા કરૂં ચિંતા હો૦ સા૦ ૩
તસ તું પ્રભુ કારણ મિલિયો,
હવે તરીયો ભવજલ દરિઓ હો; સા૦
તુજ મૂરતિ સૂરત માંહિ,
મનોહર દીઠી ઉચ્છાહિં હો૦ સા૦ ૪

તેહથી તુજ પ્રત્યય આવ્યો,
જિન ઉત્તમ ભાવે ભાવ્યો હો; સા૦
કહે, પદ્મવિજય પ્રભુ સેવા, કરવા અક્ષયપદ લેવા હો૦ સા૦ ૫

## ૧૬. શ્રી શાંતિનાથ જિન સ્તવન.

હાંરે મ્હારે **શાંતિ** જિનેસર અલવેસર આધારજો,
લેઈ દીક્ષા દિયે શિક્ષા ભવિજન લોકને રે લોલ,
હાંરે મ્હારે પામી જ્ઞાન ધરી શુભ ધ્યાન અનંત જો,
ત્રણ ભુવન અજુવાળે ટાળે શોકને રે લોલ૦ ૧
હાં૦ શૈલીશીમાં થઈ અલેશી સ્વામિજો,
નિજ સત્તાનો ભોગી શોકી નહી—કદા રે લોલ;
હાં૦ ગુણ એકત્રીશ જગીશ અતિ અદભૂત જો,
પ્રગટ થયા અવગુણ ગયા—સવિ સાદિ સદા રે લોલ૦ ૨
હાં૦ ગત આકાર શ્રીકાર સ્વરૂપ ગુણ પાંચ જો,
વરણવિ ચિત્ત અતીતથી—ગુણ પણ પામીયા રે લોલ;
હાં૦ દોય ગંધ સંબંધ ટલ્યાથી દોય જો,
અરસ સરસથી ગુણ રસ-પણ પ્રભુ પામીયા રે લોલ૦ ૩
હાં૦ ફરસ આઠના નાસથી ગુણ લહ્યા અષ્ટ જો,
ત્રણ વેદનો ખેદ પ્રભુ દૂરે—કર્યો રે લોલ;
હાં૦ અશરીરી અસંગિ વલી અરૂહ જો,
એકત્રીસ ગુણ વરીઓ ભવ-દરીઓ નિસ્તર્યો રે લોલ૦ ૪
હાં૦ પામ્યા સિદ્ધ સરૂપ અનૂપ જિણંદ જો,
તિમ સેવકના કારક તારક—ભવતણા રે લોલ;
હાં૦ જિન ઉત્તમ વર ગુણ ભર પદકજ નિત્ય જો,
પદ્મવિજય કહે—ભાવો ભાવે ભવિજના રે લોલ૦ ૫

## ૧૭ શ્રી કુંથુનાથ જિન સ્તવન.

જિનજી મોરા રે, રાત દિવસ નિત સાંભરે રે;
દેખી તાહરૂં રૂપ લાલ, લાલ ગુલાલ આંગી બની રે૦
તુજ ગુણ જ્ઞાનથી માહરૂં રે,
જાણ્યું શુદ્ધ સ્વરૂપ લાલ૦ લા૦ જિ૦ ૧
તે જ સ્વરૂપને સાધવા રે, કીજે જિનવર સેવ લાલ;
દ્રવ્ય ભાવ દુ ભેદથી રે,
દ્રવ્યથી જિમ કરે દેવ, લાલ૦ લા૦ જિ૦ ૨
મોગર માલતી કેવડો રે, લ્યો મ્હારા કુંથુજિનને કાજ, લાલ;
લાખેણો રે ટોડર કરી રે,
પૂજો શ્રી જિનરાજ, લાલ૦ લા૦ જિ૦ ૩
કેસર ચંદન ધૂપણાં રે, અક્ષત નૈવેદ્યની રે લાલ;
દ્રવ્યથી જિનની પૂજા કરો રે,
નિરમલ કરીને શરીર લાલ૦ લા૦ જિ૦ ૪
દ્રવ્યથી ઈમ જિન પૂજા કરી રે, ભાવથી રૂપાતીત સ્વભાવ લાલ;
નિઃકર્માને નિઃસંગતા રે,
નિઃકામી વેદ અભાવ લાલ૦ લા૦ જિ૦ ૫
આવરણ સવિ થયાં વેગળાં રે, ઘાતી અઘાતી સ્વરૂપ લાલ;
બંધ ઉદય ને સત્તા નહિ રે,
નિજ ગુણના થયા ભૂપ લાલ૦ લા૦ જિ૦ ૬
મુજ આતમ તુજ સારીખો રે, કરવાને ઉજમાળ લાલ;
તે જિન ઉત્તમ સેવથી રે,
પદ્મને મંગળ માળ લાલ૦ લા૦ જિ૦ ૭

## ૧૮ શ્રી અરનાથ જિન સ્તવન.

શ્રી અરનાથ જિન સાંભળો, સેવકની અરદાસ;
ભવ અટવિમાંહિ હું ભમ્યો, બંધાણો મોહ પાસ૦ શ્રી૦ ૧
મોહરાયના રાજ્યમાં, બહોળું કટક જણાય;
મિથ્યા મહેતો હિતાંઅ છે, મંત્રી કુબુદ્ધિ કહાય૦ શ્રી૦ ૨
અભગા સિપાઈ અતિ ઘણા, કહેતાં નાવે પાર;
તોપણ અધિકારી તણા, નામ કહું નિરધાર૦ શ્રી૦ ૩
ક્રોધ માયા લોભ માન તે, મૂકે ન માહરો સંગ;
મુજ પણ તે છે વાલ્હા, નવિ મૂકું રંગ૦ શ્રી૦ ૪
રાગ દ્વેષ દોય મલ્લ વળી, બાંધ્યા બાંહિ મરોડ;
હવે પ્રભુ તુમ્હ આગળ રહી, વિનતી કરૂં કર જોડ૦ શ્રી૦ ૫
બંધન માંહિથી છોડવો, ઉતારો ભવ પાર;
હરિ હર દેવ સેવ્યા ઘણા, નવિ પામ્યો હું સાર૦ શ્રી૦ ૬
સહસ વદન ન સ્તવી શકે, તુજ ગુણ આગમ અપાર;
જિમ રયણાકર રત્નનો, નાવે વિલસે પાર૦ શ્રી૦ ૭
આચારજ પંડિત ઘણા, સત્યવિજય ગુરૂ રાય;
કપૂર વિજય તસ પાટવી, ભવિજનને સુખદાય૦ શ્રી૦ ૮
ખિમા વિજય તસ પાટવી, જિન વિજય સુપસાય;
પંડિત ઉત્તમ વિજયનો, પદ્મવિજય ગુણ ગાય૦ શ્રી૦ ૯

## ૧૯. શ્રી મલ્લિનાથ જિન સ્તવન

સાહિબા મલ્લિ જિનેસર નાથ તણો ધણી રે લોલ,
સાહિબા વસ્તુ સ્વભાવ પ્રકાશક ભાસક દિનમણી રે લોલ;
સાહિબા ધર્મ અનંતા સુખ દેતાં પ્રગટ થયો રે લોલ,
સાહિબા વસ્તુ સર્વ પર્ય ભાખી જિન ગયા રે લોલ૦ ૧

સા૦ યુગ પદ ભાવી ને ક્રમભાવી પર્યવ કહ્યા રે લોલ,
સા૦ જ્ઞાનાદિક યુગ પદ ભાવી પણે સંગ્રહ્યા રે લોલ,
સા૦ નવ જીર્ણાદિક થાય તે ક્રમ ભાવી સુણો રે લોલ,
સા૦ શબ્દ અરથથી તે પણ દ્વિવિધ પરે મુણો રે લોલ૦ ૨
સા૦ ઇન્દ્ર હરિ ઇત્યાદિક શબ્દ તણા ભલા રે લોલ,
સા૦ જે અભિલાષ નહિ તે અર્થ પર્યવ કળા રે લોલ;
સા૦ તે પણ દ્વિવિધ કહી જે સ્વપર ભેદે કરી રે લોલ,
સા૦ તે પણ સ્વાભાવિકે આપેક્ષિકથી વરી રે લોલ૦ ૩
સા૦ સર્વ અતીત અનાગત સાંપ્રત કાળથી રે લોલ,
સા૦ ઇત્યાદિક નિજ બુદ્ધ કરો સંભાળથી રે લોલ;
સા૦ સમકાળે ઈમ ધર્મ અનંતા પામીયે રે લોલ,
સા૦ તે સવિ પરગટ ભાવથી તુમ્હ શિર નામીયેં રે લોલ૦ ૪
સા૦ ષટ્ દ્રવ્યના જે ધર્મ અનંતા તે સવે રે લોલ,
સા૦ નહિ પરછન્ન સ્વભાવ આગળ મુજ સંભવે રે લોલ;
સા૦ પુષ્ટાલંબન તુંહિ પ્રગટ પણે પાર્માયો રે લોલ,
સા૦ હું પણ હવે તુજ રીતે થવાને કામીયો રે લોલ૦ ૫
સા૦ મલ્લિનાથ પરે હસ્તિમલ થઈ ઝુઝશું રે લોલ,
સા૦ જયું ષડ મિત્રને બૂઝવ્યા તિમ અમે બૂઝશું રે લોલ;
સા૦ તસ પરે ઉત્તમ શિષ્યને મહેરથી નિરખીયેં રે લોલ૦
સા૦ પદ્મવિજય કહે અમ્હે ચિત્તમાં હરખીયેં રે લોલ૦ ૬

## ૨૦ શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

પદ્માનંદન વંદન કરીએ નિત્યજો,
સ્યાદ્વાદ શૈલી જસ અભિધા સુચવે રે;

લોકાલોકને જાણે તિણે મુનિ હોય જો,
એ ગુણથી મુજ મનમાં હઠથી રૂચવે રે૦ ૧

મત્યાદિક ચઉનાણ અભાવથી જાસજો,
કેવલજ્ઞાન તે સૂર્ય ઊગ્યો જેહને રે;
કુટવિવરે કરી સૂરજ કિરણે પ્રકાશજો,
મેઘાંતરથી આવ્યો જન કહે તેહને રે૦ ૨

વાતાયન પરમુખનો કહે ઈણિ પરકાશજો,
પણ સૂરજનો નવિ કહે ઇણિ પરે જાણિયે રે;
કેવલજ્ઞાન પ્રકાશે ક્ષયોપશમ નામજો,
મત્યાદિકથી ભવિજન મનમાં આણિયે રે૦ ૩

વાતાયન પરમુખ કીધા સવિ દૂરજો,
તવ કહેવાય સૂરજનો પરકાશ છે રે;
તિમ આવરણ ગયાથી ઇમ કહેવાય જો,
કેવલજ્ઞાને ત્રણ ભુવન આભાસ છે રે૦ ૪

અથવા સૂરજ ઉગે પણ નવિ જાયજો,
ગ્રહણ તારા પણ પરિવર્તન તસ નથી રે;
તિણી પરે સત્તા મત્યાદિકની જાણજો,
પણ પરિવર્તન નહિ તસ કેવલજ્ઞાનથી રે૦ ૫

ઉત્તમવ્રત પાલ્યાથી સુવ્રત નામજો,
જ્ઞાન ક્રિયાથી ઇમ નામે જેહને પામીયેં રે;
જ્ઞાન ક્રિયાથી મોક્ષ હોય નિરધારજો,
તે સાધી શિવ પામ્યા તુમ્હ શિર નામિયેં રે૦ ૬

જ્ઞાનમાંહિ દર્શન તે અંતર ભૂતજો,
સાધન રૂપ ટળીને સાધ્ય પણે થઇ રે;
રત્નત્રયી જિનવર ઉત્તમ ને નિત્યજો,
પદ્મવિજય કહે ભજતાં આપદ સવિ ગઇ રે૦ ૭

## ૨૧. શ્રી નમિનાથ જિન સ્તવન

નિત નમીયેં નમિ જિનવરૂરે જો, જે એક અનેક સ્વરૂપજો;
નિત્ય અનિત્ય પણે વળી જો,
જેહના ગુણ અતિ અદ્ભૂતજો૦ નિત૦ ૧
અવયવી અવયવ રૂપ છે જો, જે અસ્તિ નાસ્તિ સ્વભાવજો;
વલી ગુણાતીત ને જે ગુણી જો,
રૂપાતીત સ્વરૂપી ભાવજો૦ નિત૦ ૨
વ્યય ઉત્પત્તિ ધ્રુવ જેહ છે જો, જે વેદી અવેદી વિચારજો;
ભિન્ન અભિન્ન પણે કરી જો,
નિત્ય ભોગવે સુખ શ્રીકાર જો૦ નિત૦ ૩
કર્ત્તા અકર્ત્તા જેહ છે જો, વળી ભોક્તા અભોક્તા જેહ જો;
સક્રિય અને અક્રિય વલી જો,
પરિણામ ઇતર ગુણ ગેહજો૦ નિત૦ ૪
યોગાતીત યોગી સરૂજો, વર્ણાતીત ને તદવંત જો;
સ્યાદ્વાદે એણિ પરે કરી જો,
તું સિદ્ધ સ્વરૂપ ભગવંત જો૦ નિત૦ ૫
ઇમ જિનવરને ઓલખી જો, જે થિર મન કરી કરે સેવજો;
ઉત્તમ ભવિજન ને હોવે જો,
કહે પદ્મવિજય પોતે દેવજો૦ નિત૦ ૬

## ૨૨. શ્રી નેમિનાથ જિન સ્તવન.

શામળીયા લાલ તોરણથી રથ ફેર્યો કારણ કહોને;
ગુણ ગિરૂઆ લાલ મુજને મૂકી ચાલ્યા દરિશણ દ્યોને૦
હું છું નારી તે તમારી, તુમે સેં પ્રીતિ મૂકી અમ્હારી;
તુમે સંયમ સ્ત્રી મનમાં ધારી૦ શા૦ ૧

તુમે પશુ ઉપર કિરપા આણી, તુમે માહરી વાત ન કો જાણી;
તુમ વિણ પરણું નહીં કો પ્રાણી૦ શા૦ ૨

આઠ ભવોની પ્રીતલડી, મૂકીને ચાલ્યા શેતલડી;
નહીં સજ્જનની એ રીતલડી૦ શા૦ ૩

નવિ કીધો હાથ ઉપર હાથે, તો કર મૂકાવું હું માથે;
પણ જાવું પ્રભુજીની સાથે૦ શા૦ ૪

ઇમ કહિ પ્રભુ હાથે વ્રત લીધો, પોતાનો કારજ સવિ કીધો;
પકડયો મારગ એણે શિવ સીધો૦ શા૦ ૫

ચોપન દિન પ્રભુજી તપ કરીઓ, પણપન્ને કેવલ વર ધરીઓ;
પણ સત છત્રીશશું શિવ વરીઓ૦ શા૦ ૬

ઈમ ત્રણ કલ્યાણક ગિરનારે, પામ્યો તે જિન ઉત્તમ તારે;
જો પાદ પદ્મ તસ શિર ધારે૦ શા૦ ૭

## ૨૩. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

પરવાદી ઉલુકો પરિ હરિ સમ, હરિ સેવે જસ પાયા;
હરિત વાને પ્રભુની ગતિ ગજ સમ, હરિ સેવે જસ પાયા,
પ્રભુજી મહેર કરી મહારાજ; કાજ આજ મુજ સારો૦ ૧

જિમ ઔષધિપતિ દેખી મનમાં, કૌશિક આણંદ પામે;
તિમ પ્રભુ વક્ત્ર તે દ્વિજપતિ દેખી,
કૌશિક આણંદ પામે૦ પ્રભુજી૦ ૨
જિમ ઔષધિપતિ દેખી મનમાં, સચ્ચકોર પ્રીતિ પામે;
તિમ પ્રભુ વક્ત્ર તે દ્વિજપતિ દેખી,
સચ્ચકોર પ્રીતિ પામે૦ પ્રભુજી૦ ૩
જિમ રોહિણીપતિ જગમાં જાણો, શિવને તિલક સમાન;
તિમ પ્રભુ મોક્ષે ખેત્ર શોભાકરૂ,
શિવને તિલક સમાન૦ પ્રભુજી૦ ૪
જિમ રાજા ઝલહલતો ઊગે, નિજ ગોથી તમ ટાળે,
તિમ પ્રભુ સમવસરણ બેસીને, નિજ ગોથી તમ ટાળે૦ પ્ર૦ ૫
જિમ શીત રૂચિ નભમાં ઊગીને, કુવલય કરે ઉલ્લાસ;
તિમ જિનવર જગમાં પ્રગટીને, કુવલય કરે ઉલ્લાસ૦ પ્ર૦ ૬
નિશાપતિ જબ ઊગે હોયે, પુણ્ય સમુદ્ર વૃદ્ધિકારી;
થંભણ **પાસ** પદ **પદ્મ**ની સેવા,
પુણ્ય સમુદ્ર વૃદ્ધિકારી૦ પ્રભુજી૦ ૭

## ૨૪. શ્રી મહાવીર જિન સ્તવન.

**વીર** જિનેસર પ્રણમું પાયા, ત્રિશલા દેવી માયા રે;
સિદ્ધારથ રાજા તસ તાયા, નંદિવરધન ભાયા રે૦ વી૦ ૧
લેઈ દીક્ષા પરિસહ બહુ આયા, શમ દમ સમણ તે જાયા રે;
બાર વર્ષ પ્રભુ ભૂમિ ન ઠાયા, નિદ્રા અલ્પ કહાયા રે૦ વી૦ ૨
ચંડકૌશિક પ્રતિબોધન આયા, ભય મનમાં નવિ લાયા રે;
ત્રણ પ્રકારે **વીર** કહાયા, સુરનર જસ ગુણ ગાયા રે૦ વી૦ ૩

જગત જીવ હિતકારી કાયા, હરિ લંછન જસ પાયા રે;
માન ન લોભ ન વલી અકષાયા,
વિહાર કરે નિરમાયા રે૦ વી૦ ૪

કેવલજ્ઞાન અનંત ઉપાયા, ધ્યાન શુકલ પ્રભુ ધ્યાયા રે;
સમોસરણે બેસી જિનરાયા, ચઉવિહ સંઘ થપાયા રે૦ વી૦ ૫

કનક કમલ ઉપર ઠવે પાયા, ચઉવિહ દેશન દાયા રે;
પાંત્રીશ ગુણ વાણી ઉચરાયા,
ચોત્રીશ અતિશય પાયા રે૦ વી૦ ૬

શૈલીશીમાં કર્મ જલાયા, જીત નિસાણ વજાયા રે;
પંડિત ઉત્તમ વિજય પસાયા,
પદ્મ વિજય ગુણ ગાયા રે૦ વી૦ ૭

# દશવૈકાલિકની સજઝાય.

## પ્રથમાધ્યયન સજઝાય.

( સુગ્રીવ નયર સોહામણું જી—એ દેશી. )

શ્રી ગુરૂપદ પંકજ નમીજી, વલી ધરી ધર્મની બુદ્ધિ;
સાધુ ક્રિયા ગુણ ભાખશુંજી, કરવા સમકિત શુદ્ધિ;
મુનીશ્વર, ધર્મ સયલ સુખકાર, તુમે પાળો નિરતિચાર,
મુનીશ્વર ધર્મ સયલ સુખકાર૦—૧

જીવ દયા સંયમ તવોજી, ધર્મ એ મંગલ રૂપ;
જેહના મનમાં નિત્ય વસેજી,
તસ નમે સુર નર ભૂપ૦ મુ૦ ધ૦ ૨

ન કરે કુસુમ કિલામણાજી, વિચરતો જેમ તરૂવૃંદ;
સંતોષે વલી આતમાજી, મધુકર ગૃહી મકરંદ૦ મુ૦ ધ૦ ૩
તેણિ પરે ઘર ઘર ભમીજી, લેતો શુદ્ધ આહાર;
ન કરે બાધા કોઇનેજી, દીએ પિંડને આધાર૦ મુ૦ ધ૦ ૪
પહિલે દશવૈકાલિકેજી, અધ્યયને અધિકાર;
ભાખ્યો તે આરાધતાંજી, વૃદ્ધિ વિજય જયકાર૦ મુ૦ ધ૦ ૫

## દ્વિતીયાધ્યયન સજઝાય.

( શીલ સુહામણું પાલિએ—એ દેશી. )

નમવા નેમિ જિણંદને, રાજુલ રૂડી નાર રે;
શીલ સુરંગી સંચરે, ગોરી ગઢ ગિરનાર રે૦ ૧

શીખ સુહામણી મન ધરો, તુમે નિરૂપમ નિર્ગ્રંથ રે;
સવિ અભિલાષ તજી કરી, પાલો સંયમ પંથ રે૦ શી૦ ૨
પાઉસ ભીની પદ્મિની, ગઈ તે ગુફામાંહિ તેમ રે;
ચતુરા ચીર સુગાવતિ, દીઠી ઋષિ રહનેમ રે૦ શી૦ ૩
ચિત્ત ચલે ચારિત્રિયો, વયણ વદે તવ એમ રે;
સુખ ભોગવીએ સુંદરી, આપણુ પૂરણ પ્રેમ રે૦ શી૦ ૪
તવ રાયજાદી એમ ભણે, ભૂંડા એમ શું ભાંખે રે;
વયણ વિરુદ્ધ એ બોલતાં, કાંઈ કુલ લાજ ન રાખે રે૦ શી૦ ૫
હું પુત્રી ઉગ્રસેનની, અને તું યાદવ કુલ જાયો રે;
એ નિર્મલ કુલ આપણાં, તો કેમ અકારજ થાયો રે૦ શી૦ ૬
ચિત્ત ચલાવીશ એણી પરે, નિરખીશ જો તું નારી રે;
તો પવનાહત તરૂ પરે, થાઈશ અધીર નિરધારી રે૦ શી૦ ૭
ભોગ ભલા જે પરહર્યા, તે વલી વાંછે જેહ રે;
વમન ભક્ષી કૂત્તર સમો, કહીંએ કુકર્મી તેહ રે૦ શી૦ ૮
સરપ અંધક કુલતણાં, કરે અગ્નિ પ્રવેશ રે;
પણ વમીયું વિષ નવિ લિયે, જુઓ જાતિ વિશેષ રે૦ શી૦ ૯
તેમ ઉત્તમ કુલ ઉપના, છોડી ભોગ સંજોગ રે;
ફરી તેહને વાંછે નહિં, હુવે જો પ્રાણ વિયોગ રે૦ શી ૧૦
ચારિત્ર કિમ પાલી શકે, જો નવિ જાયે અભિલાષ રે;
સીદાતો સંકલ્પથી, પગ પગ ઈમ જિન ભાંખે રે૦ શી૦ ૧૧
જો કણ કંચન કામિની, ઇચ્છતા અને ભોગવતા રે;
ત્યાગી ન કહિયે તેહને, જો મનમેં શ્રી જોગવતા રે૦ શી૦ ૧૨

ભોગ સંયોગ ભલા લહી, પરહરે જેહ નિરીહ રે;
ત્યાગી તેહજ ભાંખિયો તસ પદ નમું નિશદીહ રે૦ શી૦ ૧૩
ઇમ ઉપદેશને અંકુશે, મયગલ પરે મુનિરાજો રે;
સંયમ મારગ સ્થિર કર્યો, સાર્યું વંછિત કાજો રે૦ શી૦ ૧૪
એ બીજા અધ્યયનમાં, ગુરૂહિત શીખ પયાસે રે;
લાભ વિજય કવિરાયનો, વૃદ્ધિવિજય એમ ભાસે રે૦ શી૦

## તૃતીયાધ્યયન સજ્ઝાય.

( પંચ મહાવ્રત પાલીએ...એ રાગ )

આધાકરમી આહાર ન લીજિયેં, નિશિ ભોજન નવિ કરીયેં;
રાજપિંડને શય્યાતરનો, પિંડ વલી પરિહરિયે કે૦
મુનિવર એ મારગ અનુસરિયેં,
જીમ ભવજલ નિધિ તરીએં કે; મુ૦
સાહામો આણ્યો આહાર ન લીજે,
નિત્ય પિંડ નવિ આદરીએં;
શી ઇચ્છા એમ પૂછી આપે,
તેહ નવિ અંગી કરીએ કે૦ મુ૦—૨
કંદમૂલ ફલ બીજ પ્રમુખ વલી, લવણાદિક અચિત્ત;
વર્જે તિમ વલી નવિ રાખી જે, તેહ સન્નિદ્ધિ નિમિત્ત કે૦ મુ૦ ૩
ઉવટણું પીઠી પરહરિયેં, સ્નાન કદી નવિ કરીયેં;
ગંધ વિલેપન નવિ આચરીએ,
અંગ કુસુમ નવિ ધરિયેં કે૦ મુ૦ ૪
ગૃહસ્થનું ભાજન નવિ વાવરિયેં,
પરહરિયેં વલી આભરણ;

છાયા કારણ છત્ર ન ધરિયેં,
ધરે ન ઉપાનહ ચરણ કે૦ મુ૦ ૫

દાતણ ન કરે દર્પણ ન ધરે, દેખે નવિ નિજ રૂપ;
તેલ ચોપડીયેં ને કાંસકી ન કીજે,
દીજેં ન વસ્ત્રે ધૂપ કે૦ મુ૦ ૬

માંચી પલંગે નવિ બેસી જે, કીજે ન વિંજણે વાય;
ગૃહસ્થ ગેહ નવિ બેસીજે, વિણ કારણ સમુદાય કે૦ મુ૦ ૭
વમન વિરેચન રોગ ચિકિત્સા,
અગ્નિ આરંભ નવિ કીજે;
સોગઠાં શેત્રંજી પ્રમુખ જે ક્રીડા,
તે પણ સવિ વરજી જે કે૦ મુ૦ ૮
પાંચ ઇન્દ્રિય નિજ વશ આણી, પંચાશ્રવ પચ્ચખીજે;
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ ધરીને,
છક્કાય રક્ષા તે કીજેં કે૦ મુ૦ ૯

ઉનાલે આતાપના લીજેં, શિયાલે શીત સહીયેં;
શાંત દાંત થઈ પરિસહ સહેવા,
સ્થિર વરસાલે રહિયેં કે૦ મુ૦ ૧૦
ઇમ દુક્કર કરણી બહુ કરતાં, ધરતાં ભાવ ઉદાસી;
કર્મ ખપાવી કેઈ હુઆ, શિવરમણીશું વિલાસી૦ મુ૦ ૧૧
દશવૈકાલિક ત્રીજે અધ્યયને, ભાખ્યો એહ આચાર;
લાભવિજય ગુરૂ ચરણ પસાયેં
વૃદ્ધિ વિજય જયકાર કે૦ મુ૦ ૧૨

# ચતુર્થાધ્યયન સજ્ઝાય.

(સુણ સુણ પ્રાણી વાણી જિન તણી- એ દેશી૦)

સ્વામી સુધર્મા રે કહે જંબુ પ્રત્યે, સુણ સુણ તું ગુણખાણિ;
સરસ સુધારસ હુંતી મીઠડી, વીર જિનેશ્વર વાણિ૦ સ્વા૦ ૧
સુક્ષ્મ બાદર ત્રસ થાવર વલી, જીવ વિરાહણ ટાલ;
મન વચ કાયા રે ત્રિવિધે સ્થિર કરી,
પહેલું વ્રત સુવિચાર૦ સ્વા૦ ૨
ક્રોધ લોભ ભય હાસ્યે કરી, મિથ્યા મ ભાંખો રે વયણ
ત્રિકરણ શુદ્ધે વ્રત આરાધજે, બીજું દિવસને રયણ૦ સ્વા૦ ૩
ગામ નગર વનમાંહે વિચરંતા, સચિત અચિત તૃણ માત્ર;
કાંઈ અદીધાં મત અંગીકારો, ત્રીજું વ્રત ગુણ પાત્ર૦ સ્વા૦ ૪
સુર નર તિર્યંચ યોનિ સંબંધિયાં, મૈથુન કરય પરિહાર;
ત્રિવિધે ત્રિવિધે તું નિત્ય પાલજે,
ચોથું વ્રત સુખકાર૦ સ્વા૦ ૫
ધન કણ કંચન વસ્તુ પ્રમુખ વલી, સર્વ અચિત્ત સચિત્ત;
પરિગ્રહ મૂર્છા રે તેહની પરહરી,
ધરી વ્રત પંચમ ચિત્ત૦ સ્વા૦ ૬
પંચ મહાવ્રત એણી પરે પાલજો, ટાળજો ભોજન રાત્રિ;
પાપસ્થાનક સઘળાં પરહરિ,
ધરજો સમતા સવિ ભાંતિ૦ સ્વા૦ ૭
પુઢવી પાણી વાયુ વનસ્પતિ, અગ્નિ એ થાવર પંચ;
બિ તિ ચઉ પંચિંદિ જલચર થલચરા,
ખયરા ત્રસ એ પંચ૦ સ્વા૦ ૮

એ છકકાયની વારો વિરાધના, જયણા કરિ સવિ ઠાણ;
વીણ જયણારે જીવ વિરાધના,
ભાંખે તિહુઅણ ભાણ૦ સ્વા૦ ૯

જયણા પૂર્વક બોલતાં બેસતાં, કરતાં આહાર વિહાર;
પાપકર્મ બંધ કદીએ નવિ હુવે,
કહે જિન જગદાધાર૦ સ્વા૦ ૧૦

જીવ અજીવ પહેલાં ઓલખી, જીમ જયણા તસ હોય,
જ્ઞાન વિના નવિ જીવ દયા પલે,
ટલે નવિ આરંભ કોય૦ સ્વા૦ ૧૧

જાણપણાથી સંવર સંપજે, સંવરે કર્મ ખપાય;
કર્મ ક્ષયથી રે કેવલ ઉપજે, કેવલી મુક્તિ લહેય૦ સ્વા૦ ૧૩

દશવૈકાલિક ચઉથાધ્યયનમાં, અર્થ પ્રકાશ્યો રે એહ;
શ્રી ગુરૂ લાભવિજય પદ સેવતાં,
વૃદ્ધિ વિજય લહે તેહ૦ સ્વા૦ ૧૩

## પંચમાધ્યયન સજઝાય.

( વીરે વખાણી રાણી ચેલણા—એ દેશી )

સુજતા આહારની ખપ કરોજી, સાધુજી સમય સંભાળ;
સંયમ શુદ્ધ કરવા ભણીજી, એષણા દુષણ ટાળ૦ સુ૦ ૧
પ્રથમ સજ્ઝાયે પોરસી કરીજી, અણુસરી વલી ઉપયોગ;
પાત્ર પડિલેહણ આચરો જી, આદરી ગુરૂ અણુયોગ૦ સુ૦ ૨
ઠાર ધુઅર વરસાતનાજી, જીવ વિરાહણ ટાળ;
પગ પગ ઈર્યા શોધતાંજી, હરિ કાયાદિક નાલ૦ સુ૦ ૩

ગેહ ગણિકાં તણાં પરિહરોજી, જિહાં ગયાં ચલ ચિત્ત હોય;
હિંસક કુલ પણ તેમ તજોજી, પાપ તિહાં પ્રતક્ષ જોય૦ સુ૦ ૪
નિજ હાથે બાર ઉઘાડીને જી, પેસીયે નવિ ઘરમાંહિ;
બાલ પશુ ભિક્ષુક પ્રમુખને સંઘે,
જઈએ નહિં ઘરમાંહિ૦ સુ૦ ૫

જલ ફળ જલણ કણ લુણશુંજી, ભેટતાં જે દીયે દાન;
તે કલ્પે નહીં સાધુનેંજી વરજવું અન્નને પાન૦ સુ૦ ૬
સ્તન અંતરાય બાલક પ્રત્યેંજી, કરીને રડતો ઠવેય;
દાન દીયે તો ઉલટ ભરીજી, તોહિ પણ સાધુ વરજેય૦ સુ૦ ૭
ગર્ભવતી વલી જો દીયેજી, તેહ પણ અકલ્પ હોય;
માલ નિશરણી પ્રમુખેં ચડીજી,
આણિ દીયે કલ્પે ન સોય૦ સુ૦ ૮

મૂલ્ય આણ્યું પણ મત લિયોજી, મત લીયો કરી અંતરાય;
વિહરંતા થંભ ખંભાદિકેજી, ન અડો થિર ઠવો પાય૦ સુ૦ ૯
એણી પરે દોષ સર્વ છાંડતાંજી, પામીએ આહાર જો શુદ્ધ;
તો લહીએ દેહ ધારણ ભણીજી,
અણ લહે તો તમવૃદ્ધ૦ સુ૦ ૧૦

વયણ લજ્જા તૃષા ભક્ષનાજી, પરિસહથી સ્થિર ચિત્ત;
ગુરૂ પાસે ઇરિયાવહિ પડિકમીજી,
નિમંત્રી સાધુને નિત્ત૦ સુ૦ ૧૧

શુદ્ધ એકાંત ઠામે જઈ જી, પડિકમી ઇરિયાવહી સાર;
ભોયણ દોષ સવિ છાંડીનેજી, સ્થિર થઇ કરવો આહાર૦ સુ૦ ૧૨

દશવૈકાલિકે પાંચમેજી, અધ્યયને કહ્યો એ આચાર;
તે ગુરૂ લાભ વિજય પદ સેવતાંજી,
વૃદ્ધિ વિજય જયકાર૦ સુ૦ ૧૩

## ષષ્ઠાધ્યયન સજઝાય.

( મમ કરો માયા કાયા કારમી—એ દેશી. )

ગણધર ધર્મ એમ ઉપદિસે, સાંભલો મુનિવર વૃંદ રે;
સ્થાનક અઢાર એ ઓળખો, જેહ છે પાપના કંદ રે૦ ગ૦ ૧
પ્રથમ હિંસા તિહાં છાંડીએ, જુઠ નવિ ભાંખિએં વયણ રે;
તૃણ પણ અદત્ત નવિ લીજીએ, તજીએ મેહુલ સયણ રે૦ ગ૦ ૨
પરિગ્રહ મૂર્છા પરિહરો, નવિ કરો ભોયણ રાતિ રે;
છંડો છક્કાય વિરાધના, ભેદ સમજી સવિ ભ્રાંતિરે૦ ગ૦ ૩
અકલ્પ આહાર નવિ લીજીએ, ઉપજે દોષ જે માંહિ રે;
ધાતુનાં પાત્ર મત વાવરો, ગૃહી તણાં મુનિવર પ્રાહીરે૦ ગ૦ ૪
ગાદીએ માંચીએ ન બેસીએ, વારીએ શય્યા પલંગ રે;
રાત રહીએ નવી તે સ્થળે, જીહાં હોવે નારી પ્રસંગ રે૦ ગ૦ ૫
સ્નાન મંજન નવિ કીજીએ, જિણે હુવે મનતણો ક્ષોભરે;
તેહ શણગાર વલિ પરિહરો, દંત નખ કેશ તણી શોભરે૦ ગ૦ ૬
છઠ્ઠે અધ્યયનમેં એમ પ્રકાશીયો, દશવૈકાલિક એહ રે;
લાભવિજય ગુરૂ સેવતાં, વૃદ્ધિવિજય લહ્યો તેહ રે૦ ગ૦ ૭

## સપ્તમાધ્યયન સજઝાય.

( કપુર હુવે અતિ ઉજલો રે—એ રાગ )

સાચું વયણ જે ભાખિયેં રે, સાચી ભાષા તેહ;
સચા મોસા તે કહિયેં રે, સાચુ મૃષા હોય જેહ રે૦ ૧

સાધુજી કરજો ભાષા શુદ્ધિ, કરી નિર્મલ નિજ બુદ્ધિ રે૦ સા૦
કેવલ જૂઠ જિહાં હોવે રે, તેહ અસચ્ચા જાણ;
સાચું નહીં જૂઠું નહીં રે, અસત્ય અમૃષા ઠાણ રે૦ સા૦ ૨
એ ચાર માંહે કહી રે, પહેલી છેલી હોય;
સંયમ ધારી બોલવી રે, વચન વિચારી જોય રે૦ સા૦ ૩
કઠિન વયણ નવિ ભાંખિયે રે, તુંકારો રે કાર;
કોઇના મર્મ ન બોલીયે રે, સાચાપણ નિર્ધાર રે૦ સા૦ ૪
ચોરને ચોર ન ભાંખીએ રે, કાણાને ન કહે કાણ;
કહીએ ન અંધો અંધને રે, સાચું કઠીન એ જાણ રે૦ સા૦ ૫
જેહથી અનરથ ઉપજે રે, પરને પીડા થાય;
સાચું વયણ તે ભાંખતાં રે, લાભથી ત્રોટો જાય રે૦ સા૦ ૬
ધર્મ સહિત હિતકારીયા રે, ગર્વ રહિત સમતોલ;
થોડલા તે પણ મીઠડા રે, બોલ વિચારી બોલ રે૦ સા૦ ૭
એમ સવિ ગુણ અંગીકરી રે, પરહરિ દોષ અશેષ;
બોલતાં સાધુને હુવે નહિં રે, કર્મનો બંધ લવ લેશ રે૦ સા૦ ૮
દશવૈકાલિક સાતમે રે, અધ્યયને એ વિચાર;
લાભવિજય ગુરૂથી લહે રે, વૃદ્ધિવિજય જયકાર રે૦ સા૦ ૯

## અષ્ટમાધ્યયન સજઝાય.

( રામ સીતાને ધીરજ કરાવે—એ રાગ. )

કહે શ્રી ગુરૂ સાંભલો ચેલા રે, આચારે જે પુણ્યના વેલા રે;
છક્કાય વિરાહણ ટાલો રે, ચિત્ત ચોખે ચારિત્ર પાલો રે૦ ૧
પુઢવી પાષાણ ન ભેદો રે, ફલ ફુલ પત્રાદિ ન છેદો રે;
બીજ કૂંપલ વન મત ફરજો રે, જીવ વિરાધનથી ડરજો રે૦ ૨

વલી અગ્નિ મ ભેટશો ભાઇ રે, પીજો પાણી ઉનું સદાઈ રે;
મત વાવરો કાચું પાણી રે, એહવી છે શ્રી વીરની વાણી રે૦ ૩
હિમ ધૂઅર વડ ઉંબરાં રે, ફલ કુંથુંઆ કીડી નગરાં રે;
નીલ ફૂલ હરી અંકૂરા રે, ઇંડાલ એ આઠે પુરા રે૦ ૪
સ્નેહાદિક ભેદે જાણી રે, મત હણજો સૂક્ષમ પ્રાણી રે;
પડિલેહી સવિ વાવરજો રે, ઉપકરણે પ્રમાદ મ કરજો રે૦ ૫
જયણાએ ડગલાં ભરજો રે, વાટે ચાલતાં વાત મ કરજો રે;
મત જ્યોતિષ નિમિત્ત પ્રકાશો રે,
નિરખો મત નાચ તમાસો રે૦ ૬
દીઠું અણદીઠું કરજો રે, પાપ વયણ ન શ્રવણે ધરજો રે;
અણ સુજતો આહાર તજજો રે,
રાતે સન્નિધિ સવિ વરજો રે૦ ૭
બાવીસ પરિસહ સહેજો રે, દેહ દુઃખે ફલ સદ્દહજો રે;
અણ પામે કાર્પણ મ કરજો રે,
તપ શ્રુતનો મદ નવિ ધરજો રે૦ ૮
સ્તુતિ ગાળે સમતા ગ્રહજો રે, દેશ કાલ જોઇને રહેજો રે;
ગૃહસ્થશું જાતિ સગાઇ રે; મત કાઢજો મુનિવર કાંઇ રે૦ ૯
ન રમાડો ગૃહસ્થનાં બાલ રે, કરો ક્રિયાની સંભાળ રે,
યંત્ર મંત્ર ઔષધના ભામા રે, મત કરજો કુગતિના કામા રે૦ ૧૦
ક્રોધે પ્રીતિ પૂરવલી જાય રે, વલી માને વિનય પલાય રે;
માયા મિત્રાઈ નસાડે રે, સવિ ગુણ તે લોભ નસાડે રે૦ ૧૧
તે માટે કષાય એ ચાર રે, અનુક્રમે દમજો અણગાર રે;
ઉપશમશું કેવલ ભાવે રે, સરલાઈ સંતોષ સભાવે રે૦ ૧૨

બ્રહ્મચારીને જાણજો નારી રે, જૈસી પોપટને માંજારી રે;
તેણે પરિહરો તસ પરસંગ રે, નવવાડ ધરો વલિ ચંગ રે૦ ૧૩
રસ લોલુપ થઈ મત પોષો રે, નિજ કાયા તપ કરીને શોષો રે;
જાણો અથિર પુદ્‌ગલ પિંડ રે, વ્રત પાલજો પંચ અખંડ રે૦ ૧૪
કહ્યું દશવૈકાલિકે એમ રે, અધ્યયને આઠમે તેમ રે;
ગુરૂ લાભવિજયથી જાણીરે, બુધ વૃદ્ધિ વિજય મન આણી રે૦ ૧૫

## નવમાધ્યયન સજ્ઝાય.

(શેત્રુંજે જઈએ લાલન શેત્રુંજે જઈએં—એ રાગ)

વિનય કરેજો ચેલા, વિનય કરેજો,
શ્રી ગુરૂ આણા શિશ ધરેજો—ચેલા૦ શી૦
ક્રોધી માનીને પરમાદી, વિનય ન શીખે વલી વિષવાદી૦ ચે૦ વ૦ ૧
વિનય રહિત આશાતના કરતાં,
બહુભવ ભટકે દુર્ગતિ ફરતાં; ચે૦ દુ૦
અગ્નિ સર્પ વિષ જિમ નવિ મારે,
ગુરૂ આસાયણ તેથી અધિક પ્રકારે૦—ચે૦ અ૦ ૨
અવિનયે દુઃખીઓ બહુલ સંસારી,
અવિનય મુક્તિનો નહિ અધિકારી;—ચે૦ ન૦
કોહ્યા કાનની કૂતરી જેમ, હાંકી કાઢે અવિનયી તેમ૦ ચે૦ અ૦ ૩
વિનય શ્રુત તપ વલી આચાર,
કહીએં સમાધિનાં ઠામ એ ચાર; ચે૦ ઠા૦
વળી ચાર ચાર ભેદ એકેક,
સમજો ગુરૂ મુખથી સુવિવેક૦ ચે૦ થી૦ ૪

તે ચારેમાં વિનય છે પહેલો,
ધર્મ વિનય વિણુ ભાંખે તે ઘેલો; ચે૦ ભાં૦
મૂલ થકી જીમ શાખા કહીએ,
ધર્મ ક્રિયા તિમ વિનયથી લહીએ૦ ચે૦ વિ૦ ૫

ગુરૂમાન વિનયથી લહે સો સાર,
જ્ઞાન ક્રિયા તપ જે આચાર; ચે૦ જે૦
ગરથ પખેં જિમ ન હોયે હાટ,
વિણુ ગુરૂ વિનય તેમ ધર્મની વાટ૦ ચે૦ ધ૦ ૬

ગુરૂ નાન્હો ગુરૂ મહોટો કહિએ,
રાજા પરેં તાસ આણા વહિએ; ચે૦ આ૦
અલ્પશ્રુત પણ બહુશ્રુત જાણો,
શાસ્ત્ર સિદ્ધાંતે તેહ મનાણો૦ ચે૦ તે૦ ૭

જેમ શશિ ગ્રહગણે વિરાજે,
મુનિપરિવારમાં તેમ ગુરૂ ગાજે; ચે૦ તે૦
ગુરૂથી અલગા મત રહો ભાઈ,
ગુરૂ સેવે લેશો ગૌરવાઈ૦ ચે૦ લે૦ ૮

ગુરૂ વિનયે ગીતારથ થાશો,
વંછિત સવિ સુખ લખમી કમાશો; ચે૦ લે૦
શાંત દાંત વિનયી લજ્જાળુ,
તપ જપ ક્રિયાવંત દયાળુ૦ ચે૦ ક્રિ૦ ૯

ગુરૂકુલ વાસી વસતો શિષ્ય,
પૂજનીય હોયે વિસવાવીસ; ચે૦ વિ૦
દશવૈકાલિક નવમે અધ્યયને,
અર્થ એ ભાંખ્યો કેવલી વયણે૦ ચે૦ કે૦
ઈણે પરે લાભવિજય ગુરૂ સેવી,
વૃદ્ધિવિજય સ્થિર લખમી લહેવી૦—ચે૦ લ૦ ૧૦

## દશમાધ્યયન સજઝાય.

( તે તરીઆ ભાઈ તે તરીઆ—એ દેશી. )

તે મુનિ વંદો તે મુનિ વંદો, ઉપશમ રસનો કંદો રે;
નિર્મલ જ્ઞાન ક્રિયાનો ચંદો,
તપ તેજે જેહવો દિણંદો રે૦ તે૦ ૧

પંચાશ્રવનો કરી પરિહાર, પંચ મહાવ્રત ધારો રે;
ષટ્ જીવ તણો આધાર, કરતો ઉગ્ર વિહારો રે૦ તે૦ ૨

પંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધે, ધર્મ ધ્યાન નિરાબાધ રે;
પંચમ ગતિનો મારગ સાધે,
શુભ ગુણ તો ઈમ વાધે રે૦ તે૦ ૩

ક્રય વિક્રય ન કરે વ્યાપાર, નિર્મમ નિરહંકાર રે;
ચારિત્ર પાલે નિરતિચારે, ચાલંતો ખડગની ધાર રે૦ તે૦ ૪

ભોગને રોગ કરી જે જાણે, આપે પુણ્ય વખાણો રે;
તપ શ્રતનો મદ નવિ આણે, ગોપવી અંગ ઠેકાણે રે૦ તે૦ ૫

છાંડી ધન કણ કંચન ગેહ, થઈ નિઃસ્નેહી નિરીહ રે;
ખેહ સમાણી જાણી દેહ, નવિ પોષે પાપે જેહ રે૦ તે૦ ૫

દોષ રહિત આહાર જે પામે, જે લૂખે પરિણામે રે;
લેતો દેહનું સુખ નવિ કામે, જાગતો આઠેઈ જામે રે૦ તે૦ ૭
રસના રસ રસીયો નવિ થાવે, નિર્લોભી નિર્માય રે;
સહે પરિષહ સ્થિર કરી કાયા,
અવિચલ જિમ ગિરિરાયા રે૦ તે૦ ૮

રાતે કાઉસ્સગ્ગ કરી સમસાને, જો તિહાં પરિષહ જાણે રે;
તો નવિ ચૂકે તેહવે ટાણે,
ભય મનમાં નવિ આણે રે૦ તે૦ ૯
કોઈ ઉપર ન ધરે ક્રોધ, દીએ સહુને પ્રતિબોધ રે;
કર્મ આઠ ઝીપવા જોદ્ધ, કરતો સંયમ શોધ રે૦ તે૦ ૧૦

દશવૈકાલિક દશમાધ્યયને, એમ ભાખ્યો આચાર રે;
તે ગુરૂ લાભ વિજયથી પામે, વૃદ્ધિવિજય જયકાર રે૦ તે૦ ૧૧

## એકાદશાધ્યયન સજઝાય

(નમો રે નમો રે શ્રી શત્રુંજય ગિરિ—એ રાગ)

સાધુજી સંયમ સુધો પાલો, વ્રત દુષણ સવિ ટાલો રે;
દશવૈકાલિક સૂત્ર સાંભલો, મુનિ મારગ અજુઆલો રે૦ સા૦ ૧

રોગાંતિક પરિષહ સંકટ, પરસંગે પણ ધીર રે;
ચારિત્રથી મત ચૂકો પ્રાણી, ઈમ ભાંખે જિનવીર રે૦ સા૦ ૨

ભ્રષ્ટાચારી ભૂંડો કહાવે, ઈહ ભવ પરભવ હારે રે;
નરક નિગોદ તણાં દુઃખ પામે, ભમતો બહુ સંસારે રે૦ સા૦ ૩

ચિત્ત ચોકખે ચારિત્ર આરાધે, ઉપશમ નીર અગાધ રે;
ઝીલે સુંદર સમતા દરિએ, તે સુખ સંપત્તિ સાધે રે૦ સા૦ ૪

કામધેનું ચિંતામણિ સરિખું, ચારિત્ર ચિત્તમે આણો રે;
ઈહિભવ પરભવ સુખદાયક એ સમ,
અવર ન કાંઇ આણો રે૦ સા૦ ૫

સિજ્જંભવ સૂરીએ રચીયાં, દશ અધ્યયન રસીલાં રે;
મનક પુત્ર હેતેં તે ભણુતા, લહીએ મંગલ માલા રે૦ સા૦ ૬

શ્રી વિજયપ્રભ સૂરિને રાજ્યે, બુધ લાભવિજયને શિષ્ય રે;
વૃદ્ધિ વિજય વિબુધ આચાર એ,
ગાયો સકલ જગીશે રે૦ સા૦ ૭

# ગુરુભક્તિ નિમિત્તે ગાયન

(૧)

( રાગ-દેશી-સિદ્ધાચલના વાસી જિનને ક્રોડો પ્રણામ. )

લક્ષ્મીશ્રીજી મહારાજ તમને લાખો પ્રણામ, ગુરુને ક્રોડો પ્રણામ;
કચ્છ ગઢશીશામાં જન્મ નિપાયાં,
મેઘબાઇ માતાની કુખે આયાં,
વેલાભાઈના કુલ દિપાયાં, જ્ઞાતિ વીશા ઓશવાળ-તમને૦ ૧

જન્મ ૧૯૬૩ની સાલે, માતપિતાને હર્ષ ન માએ;
દીધું લક્ષ્મીબેન નામ,—તમને૦ ૨

બાલવયમાં ક્રીડા કરતાં, દશવર્ષની ઉંમર ધરતાં;
લગ્નગ્રંથિમાં જોડંત—તમને૦ ૩

લગ્ન પીછે જબ અષ્ટ દિન જાવે, કર્મસંજોગે વિધવા થાવે;
આત્મા વૈરાગ્ય પાવે—તમને૦ ૪

સંવત ૧૯૭૮ની સાલે, ફઇબા જમનાશ્રીજી મહારાજ આવે;
હર્ષ લક્ષ્મીબેનને થાવે—તમને૦ ૫

ફઈબા મહારાજની વાણી સારી,
લક્ષ્મીબહેનને લાગે અતિ પ્યારી;
જાણી સંસાર અસાર—તમને૦ ૬

જયશ્રીજી મહારાજનાં શિષ્યા ઠરાયાં,
ફઈબા મહારાજ હર્ષ ઘણો પાયાં;
દીધું લક્ષ્મીશ્રીજી નામ—તમને૦ ૭
દેશોદેશમાં વિહાર કરંતાં, ફઈબા પાસે જ્ઞાન ભણંતાં,
આવ્યાં સિદ્ધગિરિ ઠામ—તમને૦ ૮
ત્યાંથી લીંબડી શહેરમાં આવ્યાં,
ફઈબા મહારાજ સ્વર્ગે સીધાવ્યાં;
થયું છે દુઃખ અપાર—તમને૦ ૯
જૈન જૈનેતરને બોધ કરંતાં, ઉપદેશ આપી શિષ્યાઓ કરંતાં;
કર્યો બહુ ઉપકાર—તમને૦ ૧૦
તપ જપ સંયમ જ્ઞાન ધરંતાં, દેશોદેશની જાત્રાઓ કરંતાં;
આવ્યા ભંટાણા ગામ—તમને૦ ૧૧
પચાસ વર્ષની ઉંમર થાવે, છેલ્લા બે વર્ષની માંદગી આવે;
સમતા ભાવે ભોગવંત—તમને૦ ૧૨
પંદર વર્ષ ગૃહમાં વસીયાં, પાંત્રીસ વર્ષ સંયમમાં રસીયાં
પચાસ વર્ષ આયુ પૂર્ણ—તમને૦ ૧૩
સંવત બે હજાર તેરની સાલે, આસો સુદ અષ્ટમી મંગળવારે;
આપ સિદ્ધાવ્યાં સ્વર્ગવાસ—તમને૦ ૧૪
મોટાં બાપજી દુઃખ અતિ પાવે, રડતાં રડતાં રાત દિન જાવે;
સમતાશ્રીજી આપે ધીર—તમને૦ ૧૫
શિષ્યાઓ આપની અરજ કરે છે,
આપનાં દર્શન નજરે તરે છે;
આપો દર્શન એક વાર—તમને૦ ૧૬

સમતા કનક કમળપ્રભાને, જગત દર્શન હેમલતાને;
આપો જયલક્ષ્મી ગુરુરાજ—તમને૦ ૧૭

(૨)

## -: ગુરૂવિરહનું ગાયન :-

મારૂં મન રોવે, મારૂં દિલ રોવે, મારૂં હૃદય કરે પુકાર રે;
....દર્શન આપો ગુરુવરિયાં.
રડતી રડતી અરજ કરે છે, સમતાશ્રીજી આજે;
આપ તો ગુરૂજી સ્વર્ગે સીધાવ્યા,
નહિ કોઇ આધાર મારે—ગુરુજી
એક વાર આઓ, દર્શન દઈ જાઓ,
મારા હૈયે ધીરજ બંધાય રે....દર્શન૦ ૧

ઘડપણ બાપજીનો મેલીને, આપતો સ્વર્ગે સીધાવ્યા;
દયા કરીને ગુરુજી પધારો, અરજ અમારી સ્વીકારો....ગુ૦
આહાર ન ભાવે, નિદ્રા ન આવે, સમતા કરે પોકાર રે....દ૦ ૨

ગુરુજી ગુરુજી કરીને રડું છું, ભાન સાન ભૂલી આજે;
તોય ગુરુજી નજરે ન દેખું, ઘાયલની પેરે ઘુમું....ગુરુજી૦
અબ આવો, સમતા કહી બોલાવો,
મારો આત્મા થાયે શાંત રે....દર્શન૦ ૩

ગુરુજી આપે માગ્યું જ્યાં પાણી, ત્યાં મેં આપ્યું દૂધ;
તોય ગુરુજી રીસાઈ ચાલ્યા, શું થયા ગુન્હા હમારા—ગુ૦
કર્મે રૂઠી, ભક્તિ ચૂકી, ક્યાં જઈ કરું પોકાર રે....દ૦ ૪

અજ્ઞાત કુલની સોનાબાઈને, આપે સમતા કીધી;
આજ્ઞામૃત રેડીને ગુરુજી, સંસારથી તારી લીધી—ગુરુજી૦
મારું ચર્મ ઉતારું, મોજાં સીવડાવું,
તોય ઋણમુક્ત નવિ થાઉં રે—દર્શન૦ ૫
આપ તો ગુરુજી વલ્લભસૂરિના, આજ્ઞાવર્તી મોટા,
આપ તો ગુરુજી સમુદાય દીવો,
આપ તો સમુદાય હીરો....ગુરુજી૦
આપજી ઉપર મોહ તુમારો, કેમ છુટયો ગુરુરાજ રે....દ૦ ૬
સમતા કનક કમળપ્રભાની, છેલ્લી અરજ સ્વીકારો;
જગત દર્શન હેમલતાની. વિનંતી અવધારો....ગુરુજી૦
શિષ્યાઓ તમારી સર્વે મળીને, વંદન કરે વારંવાર રે....દ૦ ૭

(૩)

## ગુરૂના ઉપદેશ સંબંધી ગાયન.

( સારી સારી રાત મને યાદ સતાવે. )

ગુરુ તારા ઉપદેશ મને યાદ તો આવે,
તારી વાણીના ઝરણા કદીના ભૂલાએ રે....
કદીના ભૂલાએ....ગુરુ તારી૦....૧
ગુરુજીના ગુણ તણી વાત શી કહું, વિરહભાવથી રોઈને રહું;
અંતે મારું તો મનડું ન માને રે....કદીના ભૂલાએ૦ ૨
ભૂલ થતી જ્યારે તત્ત્વો સમજાવતા,
અજ્ઞાન કેરો તિમિર હઠાવતા;
દયાનો મૂલ તારો સુખ ઉપજાવે રે....કદીના ભૂલાએ૦ ૩

એક વાર આવી ગુરુ દર્શન દઇ જાઓ,
મારા હૈયે ધીરજ ઉપજાવો;
દર્શન કરી મારું મનડું હરખાયે રે....કદીના ભૂલાએ૦ ૪
નથી મેં કરી કંઈ આપની ભક્તિ,
નથી મારી આપના ગુણ ગાવાની શક્તિ;
શક્તિ મને તારી સ્ફૂર્ત્તિ કરાવે રે....કદીના ભૂલાએ૦ ૫
મારે શીરે આપ છત્ર છાજતા, ધર્મકરણીનો માર્ગ બતાવતા;
એવા ગુરુનો વિયોગ કેમ સહાયે રે....કદીના ભૂલાએ૦ ૬
સંવત ૨૦૧૩ની સાલે, આશ્વિન માસે સુદી અષ્ટમી એ
સ્વર્ગતિથિ મને યાદ તે આવે રે....કદીના ભૂલાએ૦ ૭
એક વસ્તુ ગુરુ મુજને તે દેજો,
ભવોભવ તારી સેવા અખંડ તે હોજો
યાદ કરી હું તો અશ્રુ વહાવું રે...કદીના ભૂલાએ૦ ૮
સમતા કનક કમળપ્રભાની, જગત દર્શન હેમલતાની;
વંદના આપના ચરણમાં હોજો રે....કદીના ભૂલાએ૦ ૯

(૪)

## ગુરુ વિરહ

( લે કે પહેલા પહેલા... )

ગુરુ વિના એક દિન, જાએ મારે વર્ષ સમીન;
ભૂલ્યા જીવને ઉપકારી....તું એક ગુરુવર.
રડતી રડતી બે શબ્દ કહે છે. શિષ્યા તમારી સમતા નામે;
આપ તો ગુરુદેવ સ્વર્ગે સીધાવ્યા, નિરાધાર કીધી છે મને.
મને મુકીને ગુરુરાજ, એકલા કેમ ચાલ્યા આજ,
ભૂલ્યા જીવને૦ ૧

સ્વર્ગરૂપી મીઠી લહેરમાં આપે, ત્યાં જઈ લીધો વિશ્રામ;
ગુરુજી કેરાં ઘડપણ મારા ઉપર નાખી, ચાલ્યા કેમ જાઓ;
નાનો મોટો સમુદાય,
કેમ મારાથી સચવાય...ભૂલ્યા જીવને૦ ૨
દયાના સાગર એક વાર આવી, કરુણા કેરી દ્રષ્ટિથી નીરખો;
તો સમુદાયને હર્ષ જ થાવે, અમૃત કેરા પાન જ ઉછળે
છેલ્લી વિનંતિ મહારાજ, સ્વીકારજો આ ગુરુરાજ
ભૂલ્યા જીવને૦ ૩
અજ્ઞાન કેરા ગાઢ મિથ્યાત્વે, વાસ કર્યો હતો મારામાં;
ધર્મ રૂપી ઉપદેશ જીવનમાં, આપી ગુરૂએ દૂર કર્યો હતો
ગુરુજી કેરો ઉપકાર, કેમ મારાથી ભૂલાય! ભૂલ્યા જીવને૦ ૪
દેશોદેશથી વિહાર કરતાં, પધાર્યા ગુરુ ભટાણા ગામમાં;
સહુ સંઘને હર્ષ ન માયે, ગુરુ પધાર્યાં પરિવાર સાથે;
વિનંતિથી ચાતુર્માસ, રહ્યાં ગુરુની સંગાથ–ભૂલ્યા જીવને૦ ૫
બે વર્ષની માંદગીમાં, સમતા રૂપે સંયમ ધરતાં;
૨૦૧૩ ની સાલે. આશ્વિન માસે, શુકલ પખવાડે;
શાશ્વતી અષ્ટમી દિન.
ગુરૂ ચાલ્યાં સુખમાં લીન–ભૂલ્યા જીવને૦ ૬
સમતા કનક કમળપ્રભાની, છેલ્લી અરજી ગુરુજી સ્વીકારજો;
જગત દર્શન હેમલતાની, આગ્રહભરી વિનંતિ અવધારજો;
ફરી દર્શન દેજો એક વાર,
વંદન કરૂં વારંવાર. ભૂલ્યા જીવને૦ ૭
(રચયિત્રી સા૦ કમલપ્રભાશ્રી.)

# —: શુદ્ધિ પત્રક :—

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬ | ૧૧ | યુક્તં | યુકતે |
| ૧૦ | ૧૦ | સાહે | સોહે |
| ૧૫ | ૨૦ | જગ ણી | જગધણી |
| ૨૩ | ૨૧ | ઘરા | ધરા |
| ૨૪ | ૨૦ | વાલહો | વાલહી |
| ૩૪ | ૧૯ | શિરતાજી | શિરતાજ |
| ૩૮ | ૧૨ | પાવ્યા | પાયા |
| ૪૦ | ૧૨ | મે૦ | મેટશુંજી |
| ૪૩ | ૧૭ | નવવિધિ | નવનિધિ |
| ૪૭ | ૨ | રાજમરોલ | રાજમરાલ |
| ૪૯ | ૧૨ | દિવ્યાં | દિયાં |
| ૪૯ | ૧૯ | ક્ષમવિજય | ક્ષમાવિજય |
| ૫૩ | ૨૦ | પરિષદ | પરિષહ |
| ૫૫ | ૧૦ | રિપુંસે | રિપુસેં |
| ૫૭ | ૧૮ | શ્ર | શ્રી |
| ૫૯ | ૯ | નયણ | રહેસ્યાં નયણ |
| ૬૦ | ૧૩ | માગરશ | માગશર |
| ૬૮ | ૧૭ | અભિવંદન | અભિનંદન |
| ૮૫ | ૧૩ | દાસ | ઈસિ |
| ૮૬ | ૧૫ | હતાળી | હેતાળી |
| ૧૦૧ | ૧૮ | ઠરે | કરે |
| ૧૦૨ | ૧૬ | જિહાં | જિહો |
| ૧૦૭ | ૧૧ | આસાનના | આસાસના |
| ૧૧૦ | ૧૩ | ધતિ | ધૃતિ |
| ૧૧૧ | ૧૩ | પયાસ | પસાય |
| ૧૧૩ | ૧૦ | પરભવોજી | પરભાવોજી |
| ૧૨૫ | ૧૨ | હો૦ | હો૦ સા૦ |
| ૧૨૮ | ૨૧ | નાથ | નાથ અનાથ |
| ૧૪૧ | ૧ | ગણિકાં | ગણિકા |
| ૧૪૧ | ૧૭ | તમવૃદ્ધ | તમવૃદ્ધિ |
| ૧૪૨ | ૧૦ | મેહુલ | મેથુણ |
| ૧૪૫ | ૫ | દશવૈકાવિકે | દશવૈકાલિકે |



મુદ્રક : કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ, મંગલ મુદ્રણાલય, રતનપોળ—અમદાવાદ.